# પંચમહાલ જિલ્લાનું આર્થિક વિકાસ દર્શન

ધારા વઘાડીયા

મદદનીશ અધ્યાપક

ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ

ગુજરાત વિદ્યાપીઠ

# પંચમહાલ જિલ્લાનું આર્થિક વિકાસ દર્શન


| | | |
|---|---|---|
| પ્રકરણ-૧ | સંક્ષેપ-સાર ભલામણો | |
| પ્રકરણ-૨ | આર્થિક વિકાસ | |
| પ્રકરણ-૩ | જિલ્લા પરિચય,વસ્તી, કુદરતી સંસાધનો અને આંતર માળખું | |
| પ્રકરણ-૪ | ક્ષેત્ર અનુસાર વિકાસની સ્થિતિ અને પડકારો | |
| પ્રકરણ-૫ | વિકાસની સંભાવના અને કાર્ય આયોજન | |

## પ્રસ્તાવના:

વર્તમાન પરિપ્રેક્ષ્યમાં કોઈ સમુદાયના આર્થિક દર્શનને નિર્ધારિત કરવામાં વર્તમાન વૈશ્વિક પરીસ્થિત અવગણી શકાય નહી ઉપરાંત સમગ્ર વિશ્વ જે સમુદાયની જીવન શૈલીને સૌથી વધુ સંપોષિત ગણતું હોય તેવા સમુદાયને મુખ્યધારામાં જોડવાનો પ્રયત્ન સદાય થયો પરંતુ તે ઇચ્છિત પરિણામ ન આપી શકી કેમકે જીવન શૈલીમાં ઉપભોક્તાવાદનો અતિરેક તુરંત ન જ લાવી શકાય જે આજના સમયમાં આવકાર્ય પણ છે પરંતુ આ જીવન શૈલી પૈકી કેટલીક બાબતો દરેક પેઢીને કાળી મજૂરી તરફ જ ધકેલતી હોય તો તે ખામીઓને નિવારવી અનિવાર્ય છે, પરંતુ તેના માર્ગ ભિન્ન છે કેમકે આજે પણ મોટા ભાગના આદિવાસીઓ પ્રાથમિક ક્ષેત્ર પર નિર્ભર છે ત્યારે તેમના દબાણ પૂર્વકના સ્થળાંતરને રોકવા કૃષિ અને આનુસંગિક ક્ષેત્રોના રૂપાંતરણના ક્ષેત્રો આજીવિકાનો વિપુલ અવકાશ ધરાવે છે આ તકોને લોકો સુધી કઈ રીતે પહોચાડવી તે સંદર્ભે આ અહેવાલમાં દિશા નિર્દેશ કરેલ છે જેથી સાંજના દરેક નાગરિક લાંબુ,સ્વસ્થ અને ગૌરવ પૂર્ણ જીવન જીવી શકે અને પોતાની ક્ષમતાઓનું પ્રફુલ્લન કરી શકે. આદિવાસી આર્થિક વિકાસ દર્શન અંતર્ગત દાહોદ જિલ્લાના વિકાસ દર્શનનો ટૂંકસાર અહીં રજુ કરવામાં આવેલ છે જેમાં વિકાસ, દાહોદની સ્થાનિક સ્થિતિ, સમસ્યાઓ અને નિવારણના પગલા અંગે રજૂઆત કરવામાં આવી છે.

# પ્રકરણ 2

## વિકાસ એટલે શું?

વિકાસનો અર્થ રાષ્ટ્રીય આવકની વૃદ્ધિથી માથાદીઠ આવકની વૃદ્ધિ અને તેનાથી આગળ વધી જીવનની ભૌતિક ગુણવત્તા સુધી વિસ્તૃત થયો છે સરેરાશ આયુષ્ય, બાળ મૃત્યુદર, અક્ષર જ્ઞાન જેવા નિર્દેશકો નો સમાવેશ કરવામાં આવેલ છે 1990 માં યુએનડીપી દ્વારા રજૂ કરવામાં આવેલ વિકાસની વ્યાખ્યા અનુસાર" લોકોને પ્રાપ્ત તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે" જેથી લોકો લાંબુ, સ્વસ્થ, અને સર્જનાત્મક જીવન જીવી શકે તેના માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કર્યા પરંતુ આ ત્રણ માપદંડ જીવનની ગુણવત્તા નિર્ધારિત કરે છે પરંતુ ગૌરવપૂર્ણ જીવન આ માપદંડ થી પ્રાપ્ત થતું નથી તેના માટે જાતિગત સમાનતા અનિવાર્ય છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહીં. પરિણામે યુએન દ્વારા 1995 થી નારી વિકાસ સૂચક આંક રજૂ કરવામાં આવેલ. પરંતુ જાતિગત સમાનતા સિવાય પણ વિશ્વમાં વિભિન્ન અસમાનતાઓ જેને નિવારવી જરૂરી છે તેથી આર્થિક અસમાનતા નિવારણ માટે 2010 માં ડીપી દ્વારા આઈ ડી એચ આઈ અસમાનતા સમાવતો માનવ વિકાસ આંક કરવામાં આવ્યું વિકાસના પરિણામોની વહેંચણી ને સમાવવા અભિવ્યક્તિની સ્વતંત્રતા, લોકશાહી અને બંધુતા હોવી જરૂરી છે પરંતુ જે સમુદાય માટે આ માપદંડ નિર્ધારિત કર્યા છે તે લોકો જો પ્રસન્ન ન હોય તો બધા માપદંડમાં સારું આંક મેળવવા છતાં તે કાર્ય નથી. આ સંદર્ભમાં હેપીનેસ ઇન્ડેક્સ અસ્તિત્વમાં આવ્યો પરંતુ વર્તમાન સમયની સમસ્યા માનવ સુખાકારી કરતા પણ માનવ અસ્તિત્વ સામે જ પ્રશ્નાર્થ ઉભો કરે છે. તેને ઉકેલવા માટે જે તે વિસ્તારના વિકાસના માપદંડમાં પરિસ્થિતિકીય પદ ચિન્હ ન્યૂનતમ રહે વિકાસની દિશા નિર્ધારિત કરવી

જરૂરી છે પ્રસ્તુત પ્રકલ્પમાં વિકાસના સંભવિત ક્ષેત્રની ચર્ચા કરવામાં ઉપરોક્ત માપદંડને કેન્દ્રમાં રાખી સૂચન કરવામાં આવ્યા છે.

## પ્રકરણ-3

### જીલ્લા પરિચય, વસ્તી, કુદરતી સંસાધનો અને આંતરમાળખુ

પ્રસ્તુત પ્રકરણમાં પંચમહાલ જિલ્લાનું ભૌગોલિક પરિચય તેના કુદરતી સંસાધનો અને અંતર માળખાકીય સુવિધાઓની સ્થિતિ દર્શાવેલ છે. સાથે સાથે પંચમહાલ જિલ્લાની વસ્તી વિષયક લાક્ષણિકતાઓ અને તેમાં આદિવાસી જિલ્લામાં વસ્તી વિષયક લાક્ષણિકતાઓ જિલ્લાના અન્ય નાગરિકો અને આદિવાસી વસ્તી ની લાક્ષણિકતાઓ વચ્ચેના તફાવતને આલેખ દ્વારા રજૂ કરવામાં આવેલ છે જે આ પ્રકરણમાં તે જાણી શકશો.

પંચમહાલ જિલ્લામાં 21.26% વિસ્તાર જંગલ આચ્છાદિત છે જે સૂકા પાનખર પ્રકારના જંગલો ધરાવે છે તેમાં આદિવાસી તાલુકા ઘોઘંબા અને જાંબુઘોડા બંને જંગલ આચ્છાદિત વિસ્તાર ધરાવે છે જાંબુઘોડા જંગલી પ્રાણી અભયારણ્ય પણ છે મહીસાગર અહીંની સૌથી મોટી નદી છે. આંતરમાળખાની દ્રષ્ટિએ જિલ્લો અન્ય આદિવાસી વસ્તીનું બહુલ્ય ધરાવતા જિલ્લાની તુલનામાં પ્રગતિશીલ ગણી શકાય કેમકે રોડ રસ્તા નો વિકાસ પ્રમાણમાં નોંધપાત્ર છે તેમજ સંદેશાવ્યવહારની દ્રષ્ટિએ પોસ્ટ અને ટેલીફોન માટેના નેટવર્ક પણ પર્યાપ્ત છે 1046 ગામ મોબાઈલ નેટવર્કની સુવિધા ધરાવે છે.

વસ્તીની દ્રષ્ટિએ જિલ્લો ગુજરાતમાં દસમું સ્થાન ધરાવે છે જિલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ 22.79% છે ઘોઘંબામાં ૪૧.૫૧ ટકા અને જાંબુઘોડામાં 35.58 ટકા છે. સાક્ષરતાનો દર જિલ્લા સ્તરે 70.77% છે જ્યારે જિલ્લાના આદિવાસીઓમાં સાક્ષરતા દર નું પ્રમાણ 51.92% છે તે જ રીતે ઘોઘંબા અને જાંબુઘોડામાં સાક્ષરતાનું અનુક્રમે 46.65 ટકા અને 48.94 ટકા છે 2011માં સેન્સસ અનુસાર જાતિગત સાક્ષરતા તફાવતમાં ઘોઘંબામાં વધારો થયો છે જ્યારે પંચમહાલ જિલ્લા અને જાંબુઘોડા તાલુકામાં ઘટાડો થયો છે જોકે તે 25 થી 23 ટકાનો તો છે જ.

## પ્રકરણ-4

### જિલ્લાનો ક્ષેત્રીય વિકાસ અને પડકારો

પ્રસ્તુત પ્રકરણમાં કૃષિ અને આનુસંગિક ક્ષેત્રોની વર્તમાન સ્થિતિ એટલે કે જિલ્લા અને આદિવાસી તાલુકાઓના મુખ્ય પાકો જેમકે ધાન્ય, કઠોળ, બાગાયતપાકો, વગેરેમાં આવેલ પરિવર્તન અને આ ક્ષેત્રની સમસ્યાઓની વિગતે ચર્ચા ઉપરાંત આનુસંગિક ક્ષેત્ર પશુપાલન, મરઘા બકા પાલન, અને માછીમારીના ક્ષેત્રો તેમાં આજીવિકાની સમસ્યા અને તેના અવકાશ ચર્ચામા આવ્યા છે. પંચમહાલના ઔદ્યોગિક ક્ષેત્રના કદ અનુસાર મૂડી રોકાણ, રોજગાર અને તેની સમસ્યાઓનો નિર્દેશ કરાયો છે. સેવા ક્ષેત્ર સંદર્ભે આગળના પ્રકરણમાં વિગતે રજૂઆત કરી હોવાથી અહીં સહકારી ક્ષેત્ર તેનો વ્યાપ અને બેન્કિંગ

ક્ષેત્રની સ્થિતિ અને સમસ્યાઓ રજૂ કરી છે. પંચમહાલ જિલ્લામાં લોકોની રોજગારીના વિભિન્ન ક્ષેત્રો શું છે અને તેની વ્યવસાયિક વહેંચણી કેવી છે અને તેમાં લોકોની સમસ્યા શું છે તે પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચમાં આવ્યું છે.

## પ્રકરણ 5

### રોજગારીના અવકાશ, કાર્ય આયોજન અને સૂચનો.

**આદિવાસી તાલુકાઓમાં આજીવિકાના અવકાશ સમજતા પહેલા ઉપરોક્ત પ્રકરણમાં ક્ષમતાઓ સંદર્ભે કેટલીક બાબત સ્પષ્ટતા આવશ્યક છે જેમકે આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ અન્ય સમુદાયોની વસ્તીની તુલનામાં પ્રમાણમાં ઘણું અલ્પ છે પરિણામે આ વિસ્તારમાં ઔધ્યોગિક ક્ષેત્રનો વિકાસ થવા છતાં આદિવાસી વસ્તી માત્ર મજુરીના ક્ષેત્રોમાં જ રોજગાર મેળવે છે કૃષિ ક્ષેત્રે જમીનનું પ્રમાણ અલ્પ અને બિન પિયત ઉપરાંત વસ્તી વધતા જમીનના ખંડ વિભાજન અને ઉપવિભાજનના પરિણામે કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિ ઉપરાંત મૂલ્ય વૃદ્ધિના ક્ષેત્રોનો અવકાશ વધારવો અનિવાર્ય છે કે જેમાં ઔધ્યોગિક ક્ષેત્રની તુલનામાં પ્રમાણમાં ઓછું કૌશલ્ય ધરાવતા ક્ષેત્ર એટલે કે જે સરળતાથી શીખવી શકાય તેવા સાધનોવાળા, નાના સ્તરના ઉત્પાદન એકમનો અવકાશ તપાસવામાં આવેલ છે.**

કૃષિક્ષેત્ર:

પંચમહાલ જીલ્લામાં આદિવાસીની કુલ વસ્તી પૈકી ૮૦ ટકાથી વધુ વસ્તી કૃષિ ક્ષેત્રે રોજગારી મેળવે છે તેથી કૃષિ ક્ષેત્રે મૂલ્ય વૃદ્ધિ સર્જી શકે તેના માટે શરૂઆત ક્યાંથી કરવી તે અંગે અહી એક માળખાની રચના કરવામાં આવેલ છેજે નીચે મુજબ છે.

ક્ષેત્રની મૂલ્ય વૃદ્ધિ માટે પણ સહકારી માળખાની રચના કરી પંચમહાલમાં સહકારી ક્ષેત્રે સૌથી વધુ સફળ ક્ષેત્ર ડેરી છે ડેરીની સાથે કૃષિ પેદાશોને પણ જોડી આ જ પ્રકારે માળખું ઊભું કરી શકાય.

સહકારી ડેરી સવારે અને સાંજે ઉપયોગમાં લેવામાં આવે છે પરંતુ ડેરીને પોતાનું વ્યવસ્થા તંત્ર છે જે બાકીના સમયમાં વણ વપરાયેલું રહે છે. અને ડેરીમાં દૂધ ભરનાર ખેડૂતો જ ખેતપેદાશોનું ઉત્પાદન પણ કરે છે આજ ખેડૂતો પાસેથી કૃષિ પેદાશો ખરીદી તેને શોર્ટિંગ કરી પેકિંગ કરી અને દૂધ વિતરણ કેન્દ્રો પર વેચી શકાય. શેષ બચતા શાકભાજી ફળફળાદીને પલ્પ,શરબત, પાવડરના સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય જે ડેરી માટે વિશેષ પ્રયત્ન વિના થઈ શકે તેવું કાર્ય છે અને સરળતાથી મૂલ્ય વૃદ્ધિ પણ કરી શકાય ઉપરાંત ડેરીને પોતાની બ્રાન્ડ વેલ્યુ છે તેથી આ પેદાશોને બ્રાન્ડિંગના વિશેષ પ્રયત્નની જરૂર નહીં રહે. અને આજ પેદાશ ટ્રાયફેડ સાથે પણ જોડી શકાશે. તેના માટે સજીવ પેદાશો કઠોળ અને ધાન્યના સંદર્ભમાં આજ રીતે વિચારી શકાય.

**ત્રીસ્તરીય પ્રોસેસિંગ માળખું**

**પ્રથમ સ્તર :**

આ માળખા અનુસાર ખેડૂત ઉત્પાદકોનું ઉત્પાદન શાકભાજી સફાઈ કરી અલગ અલગ વજનના પેકિંગ કરી તેને દૂધ વિતરણ કેન્દ્રો પર વેચવામાં આવશે. તેમાં કેટલાક શાકભાજીને સુધારીને પણ વેચી શકાય. દા.ત બિગ બાસ્કેટ : સાફ કરીને ભાજી વેચી શકાય, દાડમ દાણા નીકળીને પેકિંગ કરીને વેચી શકાય, જેને સુધારવામાં દૈનિક જીવનમાં સમય વધારે લાગે તેમ હોય તેવા શાક સુધારીને આ રીતે વેચી શકાય જેમકે તુવેર, વટાણા, મકાઇ, અને આ સ્તરે જે ન વેચાય તેને દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમાં લઇ શકાય પ્રથમ સ્તરના પ્રોસેસિંગમાં કોઈ વિશેષ તાલીમની આવશ્યકતા રહેતી નથી. તેમજ વિશેષ યંત્રોની પણ આવશ્યકતા નથી.

**દ્વિતીય સ્તરનું પ્રોસેસિંગ** :

જે શાકભાજી વેચાયા વિનાના રહે તેને સુકવણી અને પાવડર સ્વરૂપમાં કે અન્ય સ્વરૂપમાં સાચવીને વાપરી શકાય તે સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય. દા.ત ડુંગળી, લશણ, ગાજર જેવા શાકને સૂકવવા અને તેને 6 માસ સુધી સાચવી શકાય તે રીતે પ્રોસેસિંગ કરવાની પ્રક્રિયા કરી શકાય. આ સ્તરના પ્રોસેસિંગ માટે કેટલાક સ્તરની તાલીમની જરૂરિયાત ઉભી થાય છે જેકે તે ખુબ સરળતાથી આપી શીખવી શકાય તે સ્તરની જ હશે. અને તેમાં સ્થાનિક સ્તરે બનાવી શકાય તેવા મશીન દ્વારા પણ આ પ્રોસેસિંગ શક્ય છે.

**તૃતિય સ્તરનું પ્રોસેસિંગ** :

આ પ્રોસેસિંગનું આખરી સ્તર છે ત્યાં જે વસ્તુઓના મૂળ સ્વરૂપમાં નોંધપાત્ર મૂલ્ય વર્ધન શક્ય હોય એટલે કે કૃષિ પેદાશ માંથી નાસ્તાની વસ્તુઓ, સ્વરૂપનું પ્રોસેસિંગ દા.ત મકાઈ માંથી કોર્ન ફ્લેક્સ, દુધનો પાવડર વગેરે આ રીતના પ્રોસેસિંગ માટે થોડા મોટા મશીન અને થોડી વધારે તાલીમની જરૂરિયાત ઉભી થાય છે

**આ માળખાની સમસ્યાઓ અને ઉકેલો** :

**શાકભાજી વધવાનો કે બગડવાનો પ્રશ્ન** :

શાકભાજીના ક્ષેત્રે તેની જાળવણી અને બગાડ આ બે બાબતો ખુબ પ્રશ્નો સર્જે છે તે નુકશાન ક્યાં સ્તરે ભોગવવાનું થાય? આ પ્રશ્નના ઉકેલ માટે ડેરી અંતર્ગત આપણે તમામ શાકભાજીને આવરી લેવાની જરૂર નથી કેમકે તેનું એક ચોક્કસ માળખું અસ્તિત્વ ધરાવે છે અને લોકો શાકભાજી દુકાનથી દૂધ સાથે લેવા ટેવાયેલા પણ નથી તેથી ડેરી માત્ર તેજ પાક શાકભાજી વેચે જેના પ્રોસેસિંગ શક્ય હોય જેથી વણ વેચાયેલા પાકને તુરંત દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમા મોકલી અને બગાડને અટકાવી શકાય.

**વેચાણનો પ્રશ્ન** :

આ વ્યવસ્થામાં સૌથી મોટો ફાયદો વેચાણ માટે અલગ વ્યવસ્થાની જરૂર રહેશે નહી કેમકે ડેરીની પોતાની એક ગોઠવાયેલી વ્યવસ્થા છે અને ડેરીના બ્રાન્ડથી લોકો માહિતગાર છે તેથી પ્રથમ,દ્વિતીય કે તૃતિય સ્તરના પ્રોસેસ થયેલ ઉત્પાદનની ગુણવત્તાના સંદર્ભે અલગથી બજાર મેળવવાની તકલીફ આ ઉત્પાદનોને રહેશે નહી. અને સરળતાથી બજાર મળી રહેશે.

આ પ્રકારના માળખામાં ઉભા થતા પ્રશ્નોમા મુખ્ય પ્રશ્ન કોણ શરૂ કરે? કેવી રીતે કરે? અને સંસાધન ક્યાંથી આવે તે છે દરેક પ્રશ્નોના ઉત્તર પ્રકરણ પાંચમાં વિગતે આપવામાં આવેલ છે.

મૂલ્યવૃદ્ધિ માટે દ્વિતીય માળખુ.

દરેક ગામમાં શાકભાજી અને ફળ ફળાદીનું ઉત્પાદન થઇ રહ્યું છે ત્યારે ગામ સ્તરે એક સહકારી મંડળી હોય જે આ પેદાશને ખરીદે જેથી વહન વ્યવહાર ખર્ચ બચી જાય. હોલસેલ ભાવે આ પેદાશ તાલુકા સ્તરે અથવા પાંચ ગામની પણ ભેગી કરી શકાય ત્યાં નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત શોર્ટિંગ, ગ્રેડિંગ પેકિંગ માટેનું ફંડ છે તેના દ્વારા આ જૂથને આવા મશીન અપાવી આ પ્રકારની કામગીરી કરાવી શકાય જે શાકભાજીને વિભાજીત કરી પેકિંગ કરી વેચાણ માટે તાલુકા સ્તરે આપે તાલુકા સ્તરે વેચાણ માટેની એક ટીમ હોય જે આસપાસના વિસ્તારમાં પેદાશના માર્કેટિંગનું કામ જુએ. અને તાલુકા સ્તરે વધતા પાકને સુકવણી, પાવડર,શરબત,પલ્પ જેવા દ્વિતીય સ્તરના પ્રોસેસીન્ગનું કાર્ય કરે તેના માટે સાધન અને તાલીમની વ્યવસ્થા માટે જીલ્લા સ્તરે એક સહકારી મંડળ હોય જે તાલુકા સ્તરના તમામ એકમોને ટેકનીકલ અને સંચાલકીય સહાય પૂરી પાડે ટ્રેનીંગ આપે અને ગ્રામ સ્તરે પણ કોઈ પ્રશ્ન, સમસ્યા સર્જાય તેના નિવારણ કરી આપે તેનું મુખ્ય કાર્ય બ્રાંડ બનાવી તેના બજારને વધારવાનું રહેશે તે ટ્રાયફેડ અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરી જીલ્લાની કૃષિ પેદાશોણે બજાર સાથે જોડવાની કામગીરી કરશે. તેમાં ૧૦ પાસ વિદ્યાર્થીઓને તાલીમ આપી આ પ્રવૃત્તિને સફળ બનાવી શકાય અન્ય બાબતોના ઉકેલ પ્રકરણ ૫ માં રજુ કરવામાં આવ્યા છે.

આ માળખા માટે આવશ્યક ક્ષેત્રો :

ઉપરોક્ત ક્ષેત્રો કૃષિના માળખાને વધુ ઉત્પાદક બનવવા માટે આવશ્યક છે. પંચમહાલ જિલ્લામાં પાણીની અછતને નિવારવા વરસાદના પાણીને શક્ય તેટલા સ્તરે સંચયી કરી શકાય દરેક પ્રકારના રહેઠાણ અને વિભિન્ન સ્તરે પાણીને સંચયી કરવા માટેનો વ્યવસાય વર્તમાન સમયમાં આવશ્યક છે.

કૃષિ ઓજારોના સંદર્ભમાં પંચમહાલ જિલ્લામાં અવકાશ ઘણો વધારે છે કેમકે હાલોલ કાલોલમાં જે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થયેલો છે ત્યાં કામ કરતા લોકો અમુક સ્તરના યંત્રો બનાવવામાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવે છે. તેથી તેમને થોડી તાલીમ આપવાથી આ પ્રકારના ઓજારો બનાવવા સરળ રીતે શક્ય બને. ઉપરાંત નાના સ્તરે બનાવવાથી તેની પડતર કિંમત પણ ઓછી રહેશે જેથી કૃષિ ક્ષેત્રના શ્રમને ઓછો પણ કરી શકાય અને સ્વીકાર્ય તેવા સ્તરનું યાંત્રિકરણ પણ થાય.

ખાદ્ય પેદાશોના પ્રોસેસિંગમાં વપરાતા સાધનોના ઉત્પાદન અને રીપેરીંગના ક્ષેત્રને પણ એટલોજ અવકાશ છે જે થોડી તાલીમ દ્વારા શક્ય બનાવી શકાય તેમજ વિજળીના પુનઃ પ્રાપ્ય સ્રોત ઉભા કરવા આવતી કાલની માંગ છે અને તેના માટે સૂર્ય ઉર્જા માટેના પેનલિંગ અને વપરાશ સંદર્ભે ઘણો મોટો અવકાશ જોઈ શકાય તે દૈનિક વપરાશ અને વ્યવસાયિક વપરાશ બન્ને સ્તરે આવકાર્ય બની રહેશે.

વેચાણના અન્ય અવકાસ ઈ કોમર્સ :

મહામારી પૂર્વે આદિવાસી વિસ્તારોમાં માત્ર શિક્ષણ મેળવતા યુવાનો સિવાય સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટનો વપરાશ એક ન્યુનતમ સ્તરે હતો પરંતુ કોરોનામાં એક લાંબા સમય માટે શાળા ઓનલાઈન ચાલવાના કારણે ઈન્ટરનેટના વિવિધ ઉપયોગથી પરિચિત એક નવી પેઢી અસ્તિત્વમાં આવી છે જે ઈ-કોમર્સથી પણ પરિચિત છે ક્ષેત્ર કાર્ય દરમિયાન યુવાનો સાથેની ચર્ચામાં જણાયું છેકે તેઓ એમઝોન વેબસાઈટ પરથી વસ્તુઓ ખરીદે છે આદિવાસી વિસ્તારના ઉત્પાદનો માટે એમેઝોન સાથે વેચાણ માટેના કરાર કરેલા છે તેનો લાભ આદિવાસી ઉત્પાદકો કઈ રીતે મેળવી શકે તે અંગે તેઓને તાલીમની આવશયકતા છે. આ અંગેની તાલીમ થોડા શિક્ષિત યુવાનોને આપવામાં આવે તો બજાર જોડાણના પ્રશ્નને ઘણા અંશે ઉકેલી શકાય.

આદિવાસી ક્ષેત્રોમાં આજીવિકાનું મુખ્ય સાધન ખેતી જ છે અને તેથી દબાણ પૂર્વકના સ્થળાંતરને અટકાવવા માટે ઉત્પાદન વધે તેવા પ્રયત્નો હાથ ધરવા આવશ્યક છે કૃષિ ક્ષેત્રને વિકસાવવા માટે અનેક પ્રયત્નો હાથ ધરાયેલા છે અને કેટલાકની જરૂરિયાત છે કૃષિ ક્ષેત્રની આવક વધારવા માટે ઉત્પાદનથી લઇ મૂલ્ય વૃદ્ધિ સુધીની પ્રક્રિયા માટે શું કરવું તે અંગે અહી કેટલાક પગલા સૂચવવામાં આવેલ છે. અન્ય આદિવાસી વિસ્તારોની તુલનામાં પંચમહાલમાં કૃષિ ક્ષેત્ર જરા વિશિષ્ટ છે કેમકે અહી ઉત્પાદન વધારવાની આવશ્યકતા છે અને તેના માટે પાક વૈવિધ્ય અને પિયતની સુવિધા ઉભી કરવી જરૂરી છે તે અંગેના પગલા નીચે મુજબ હોઈ શકે.

સિંચાઈ :

- પંચમહાલ જીલ્લો પહાડી વિસ્તાર ધરાવે છે તેથી મહારાષ્ટ્રના મોડેલને ઉપયોગમાં લઇ શકાય, ફાડી વિસ્તારોમાં અર્ધગોળાકાર બેબે ફૂટના ખાડા કરી વરસાદી પાણીને ઉતારવાથી પાણીના જળ સ્તરમાં વધારો મેળવી શકાશે.
- દરેક ઘરમાં વરસાદી પાણી સંગ્રહ જે કેટલીક સંસ્થાઓ દ્વારા શરુ કરાયું છે તેને વ્યાપક પ્રમાણમાં વિસ્તારવું.
- તળાવની સંખ્યા પણ જીલ્લામાં સારી છે જે મનરેગામાં વધુ ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તે ગામ સમુદાય દ્વારા કરી શકાય.
- કૃષિ પાકની તરાહમાં જે પાક વધુ પાણીનો વપરાશ કરતા હોય તેવા પાકને પ્રતિબંધિત કરવા.
- ટપક સિંચાઈનો વ્યાપ વધે તેના માટે પ્રયત્ન હાથ ધરવા.

ધિરાણ

- કૃષિ ક્ષેત્રના ધિરાણ માટે જમીન વિકાસ બેંક ગ્રામીણ વિકાસ બેંક નો વ્યાપ ગ્રામીણ વિસ્તારમાં વધારવો.
- સહકરી ક્ષેત્રને આ ક્ષેત્રે વધુ વિકસાવવાની જરૂરિયાત છે.

સંગ્રહ

- પંચમહાલ જીલ્લામાં શાકભાજીનું ઉત્પાદન ખુબ ઉચા પ્રમાણમાં થાય છે પરંતુ તેમાં સ્થાનિક બજારમાં પુરવઠો વધી જવાથી પર્યાપ્ત ભાવ પ્રાપ્ત થતા નથી તેથી તેનું વેચાણ દુરના શહેરી વિસ્તારો સુધી પહોચાડવા માટે ડેરીના માળખાનો ઉપયોગ કરી શકાય.
- ગામ સ્તરે ધન્ય કઠોળના સંગ્રહ માટે ગોડાઉન બનાવવાની યોજના અમલમાં મુકવી.
- ફળ-ફૂલનું ઉત્પાદન વધી રહ્યું છે ત્યારે તેના સંગ્રહ માટે શીતસંગ્રહ કેન્દ્રો ઉભા કરવા તે માટે "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના"નો ઉપયોગ કરી શકાય.

કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ :

- કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ વધારવા માટે પંચમહાલમાં "CHALO TALUKE" યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં ઉત્પાદકતા વધારવા માટે આધુનિક બિયારણ,ખાતર, ટપક સિંચાઈ વગેરેને વધારવું તેના માટે બહેનોના સહકારી મંડળ બનાવવા તે કાર્ય માટે શ્રોફ જેવા સંગઠનોનો ઉપયોગ કરવો.
- "રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના" અંતર્ગત ઉપરના માળખાને અમલમાં મુકવા માટેની તમામ જોગવાઈ છે જે કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ કરી શકશે.
- "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના" અંતર્ગત શોર્ટિંગ, ગ્રેડિંગ, પેકેજિંગ માટેનું ફંડ છે જે આદિવાસી ગામોમાં શાકભાજીનું ઉત્પાદન વધારે હોય તે વિસ્તારમાં નાના સહકારી મંડળો બનાવી તેમની વચ્ચે આવા મશીન આપી શાકભાજીની સુકવણી અમે પાવડર બનાવવાની કામગીરી હાથ ધરી શકાય અને ઉપરના માળખામાં જોડી શકાય.

પશુપાલન :

- પશુઓની સંખ્યાની તુલનામાં દૂધનું ઉત્પાદન ઓછું છે તેથી ઉત્પાદકતા વધે તે માટે પહાડી વિસ્તારોમાં ચરણ બંધ કરાવી બાંધીને ચારો પૂરો પડવો.
- પશુ ઓલાદ સુધારણા વધારવી.
- વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કરવાની દિશામાં વાળવા માટે તાલીમનું આયોજન

ડેરી ક્ષેત્ર

- ડેરી ક્ષેત્ર દૂધ એકત્રીકરણ અને વિતરણ સુધી સીમિત છે પરંતુ તેનો વ્યાપ વધારી દુધની અન્ય બનાવટો વધારવી જેમકે આઈસ્ક્રીમ, પનીર, ચીઝ, દુધનો પાવડર, ચોકલેટ વગરે
- પંચમહાલમાં ડેરીનો વ્યાપ વધ્યો છે અને હજુ વધે તેવો અવકાશ છે ત્યારે તેની સાથે અન્ય કૃષિ પેદાશોને જોડવી જરૂરી છે, જેમકે શકભાજી.

- ડેરી પાસે વહન અને માળખું બન્ને તૈયાર છે પરંતુ તેનો વપરાશ માત્ર સવારે અને સાંજે થાય છે બપોરના સમયમાં તે ફ્રિ રહે ત્યારે દૂધ એક્ત્રીકાર્નના સ્થાને શાકભાજી ખરીદી મધ્યસ્થ સ્થળે લાવી તેને શોર્ટિંગ અને પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર વેચી શકાય.
- વધેલા શાકભાજીને કે જેમાં પાવડર કે પલ્પ શક્ય હોય તેવા શાકભાજીને તેના પ્રોસેસિંગમાં મોકલી આપવા.
- ડેરીને પોતાની બ્રાંડ છે માટે પાવડર કે પલ્પ શરબત વગેરેને સરળતાથી વેચી શકાશે.
- આશાવર્કરની જેમ પશુપાલનમાં પણ આસીસ્ટન્ટ શરુ કરવા જે સ્થાનિક મદદ માટે ઉપલબ્ધ હોય.

મરઘા-બતકા

- આદિવાસી વિસ્તારમાં દેશી મરઘી અને બતક ઉપલબ્ધ છે ત્યારે તેના પણ બજાર ઉપલબ્ધ છે તેથી તેના ઉછેરને પ્રોત્સાહન આપી શકાય.

માછીમારી

- તળાવમાં કૃત્રિમ રીતે માછીમારી વધુ સફળ જણાય છે તેના માટે સહકારી મંડળીઓ પણ છે તેને સક્રિય કરી આ ક્ષેત્રે પણ આવક વૃદ્ધિ કરી શકાશે અને તે દિશામાં વધુ સક્રિય ભાગીદારી સર્જી શકાશે

ઔદ્યોગિક ક્ષેત્ર :

- પંચમહાલ જીલ્લાના ઔદ્યોગિક વિકાસને તપાસતા જણાય છેકે તે કૃષિ ક્ષેત્રને મૂલ્ય વૃદ્ધીની દિશામાં આગળ લઇ જવા માટેના ઉદ્યોગો નહિવત છે અને મૂડીરોકાણની તુલનામાં રોજગારીનું પ્રમાણ પણ અલ્પ છે ત્યારે ઉપરોક્ત કૃષિ અને જંગલ પેદાશોના મૂલ્ય વૃદ્ધિના માળખાને અમલમાં મુકવા માટેના જે પ્રકારના ઔદ્યોગિક એકમોની આવશ્યકતા છે તેવા એકમો શરુ કરવા જરૂરી છે જે ઓછા મૂડીરોકાણ દ્વારા વધુ રોજગાર સર્જી શકે.
- હાલોલ,કલોલ,ગોધરા સિવાયના વિસ્તારમાં એકમ શરુ કરવા સહાય પૂરી પડવી.
- નાના કદના કૃષિ ઓજારોનું ઉત્પાદન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- સિંચાઈના સાધનોનું ઉત્પ્દન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- વિભિન્ન પ્રકારની સુકવણી, કટિંગ અને પેકિંગના સાધનો બનાવતા એકમો શરુ કરવા.
- પૌવા, મમરા જેવા પ્રોસેસિંગના સાધનોનું ઉત્પાદન વધારવું.(જેમાં અન્ય તમામ ધન્યણે પ્રોસેસ કરી શકાય)

**સેવા ક્ષેત્ર**

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

- પંચમહાલમાં પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતા અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ

પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે વિમો સરકાર દ્વારા પૂરો પાડવો. તેમજ જે એકમમાં તેઓ કામ કરે છે તેઓ પણ વિમો આપે તેવો સરકારી કાયદો લાવવો.

- જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.
- જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.
- કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.
- ચાંદલા પ્રથા જેવા નાણાંકીય માળખાના બદલે સંગઠિત માળખામાં લોકો પ્રવેશે તે સંદર્ભે સ્વસહાય જૂથો અને બહેનોમાં જાગૃતિ ફેલાવી આ પ્રથાને દુર કરવા પ્રયત્નો હાથ ધરવા તે દિશામાં પેસા એક્ટ હેઠળ ગ્રામસભા આ પ્રકારના ઠરાવ કરી આ દિશામાં આગળ વધી શકે.

- **પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના**
- સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)
- ચોમાસા દરમિયાન સાપુતારાની માફક પંચમહાલના હાલોલના જંગલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.
- પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.
- પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.
- ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.
- પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.
- ઔષધીવન જેવા વિસ્તારમાં જંગલમાંથી ઉપલબ્ધ ઔષધીઓના પાવડર બનાવવા અને વેચવાના કેન્દ્ર પણ પ્રવાસન સ્થળો પર ઉભા કરી શકાય તેમજ સ્થાનિક ઔષધીઓની માહિતી ધરાવનાર ક્યાં રોગમાં કઈ ઔષધીઓ વાપરી શકાય તેની માહિતી સાથે હોય તો તેના વેચાણમાં નોંધનીય વધારો પણ કરી શકાય.

શિક્ષણ:

- શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું  સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.

- ટેકનીકલ શિક્ષણ માટે આઈ.ટી.આઈ.દ્વારા ચલાવતા કોર્સમાં બેકરી, સુકવણી, જાળવણી,
- માર્કેટિંગના કોર્સ, મોબાઈલ રીપેરીંગ, વેબ્સાઈટ બનાવવાના કોર્સ, દુધની બનાવટોના કોર્સ.

સ્વાસ્થ્ય :

- સ્વાસ્થ્ય માટે વસ્તી અનુસાર સ્વાસ્થ્યના માળખા અને કર્મચારી પુરપાડવા.
- કુપોષણ દુર કરવાની વિવિધ યોજનાઓને વધુ વ્યાપક બનાવવી અને જન્મ પછીની કાળજી રસીકરણ વગેરે માટે સંસાધન પુરા પાડવા.
- મોબાઈલ દવાખાનાની જેમ બાઈક દવાખાના શરુ કરવા જે દરેક ગામ સુધી પ્રાથમિક સારવાર પહોચાડી શકે ૧૦૮ ની માફક.
- તબીબી શિક્ષણ મેળવનાર દરેક વિદ્યાર્થી માટે આદિવાસી વિસ્તારમાં ફરજીયાત ૧ વર્ષ સેવા આપે તોજ તેને ડિગ્રી આપવી જેથી ડોક્ટરની અછતને નિવારી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણ પંચમહાલના આદિવાસી વિસ્તારોમાં રોજગારીની તકોના આવકાશ ક્યાં છે અને આજીવિકાને સંપોષિત માર્ગે વધારવા કેવા પગલા લઇ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે આ પ્રકારના વિકાસ માટે સમગ્ર માળખાની જરૂરિયાત રહે છે માટે સૌ પ્રથમ કૃષિ પેદાશોના મૂલ્ય વર્ધન માટે ઉત્પાદન થી લઇ વેચાણ સુધીના તબક્કો ચર્ચવામાં આવેલ છે તેમજ આદિવાસી વિસ્તારોમાં જંગલની પેદાશોમાં મૂલ્ય વર્ધન કરવા માટે કેવા માળખાની જરૂરિયાત છે તે ચર્ચવામાં આવેલ છે અને ત્યારબાદ આ તમામ પરિવર્તનોને વ્યવહારુ કરવા માટે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે કેવા પરિવર્તન કરવા જેથી ઉપરોક્ત માળખાને વ્યવહારુ બનાવી શક્ય તે અંગે સૂચન કરવામાં આવેલ છે.

# પ્રકરણ - 2 આર્થિક વિકાસ

1 **પ્રસ્તાવના**

2 **આર્થિક વિકાસ એટલે શું?**

3 **ઉપસંહાર**

# પ્રકરણ – 2 આર્થિક વિકાસ

**પ્રસ્તાવના:**

પ્રસ્તુત પ્રકરણમાં આર્થિક વિકાસનો બૃહદ અર્થ રજુ કરવામાં આવ્યો જે માનવજીવનની ગુણવત્તાથી લઇ ગૌરવપૂર્ણ જીવન અને પર્યાવરણને જાળવતા અભિગમ સુધી વિસ્તરે છે અને પ્રસ્તુત પ્રકલ્પમાં પણ આજ અભિગમને કેન્દ્ર સ્થાને રાખી વિકાસ માટેના અવકાશો અને તેના પગલા શું હોઈ શકે તે અંગે રજૂઆત કરવામાં આવે છે.

**આર્થિક વિકાસ એટલે શું?**

વિકાસ આ સદીનો સૌથી વધુ ચર્ચિત શબ્દ જેની શરૂઆત ભૈતિક સમૃદ્ધિ થી લઇ તકની સમાનતા સુધી અને હેપ્પીનેશ ઇન્ડેક્ષ સુધી વિસ્તરી રહ્યો છે જે વૈયક્તિક ભૌતિક સમૃદ્ધિથી લઇ પારીસ્થિતિકીય સમતુલા સુધી વિસ્તરી રહી છે, પરંતુ આ ચર્ચાઓ અને તેના આધારે બનતી નીતિના પરિણામો જુદા જુદા સ્તરે જુદું જુદું પરિણામ લાવ્યું છે તેના લાભ વિભિન્ન સમુદાયોમા અસમાન રીતે વહેંચાયા છે પરિણામે તેના પર ચિંતન કરવાની આવશ્યકતા સર્જાય છે વિશેષ રૂપે આદિવાસી સમાજ તેમાં પણ આદિવાસી જીલ્લા કે જેને પર્યાપ્ત સ્તરે લાભાન્વિત કરવા અલગ જિલ્લા પણ કરવામાં આવ્યા, તેમ છતાં ઇચ્છિત પરિણામ મેળવી શક્યા નથી. અનિચ્છનીય સ્થળાંતર અટકાવી શકાયું નથી.

સૌ પ્રથમ વિકાસ એટલે શું? વૈશ્વિક સ્તરે તે અંગે શું માનવામાં આવે છે અને સમયાન્તરે તેમાં શું ફેરફાર થયો તે સમજવું આવશ્યક છે આર્થિક વિકાસનો ખ્યાલ સતત બદલવાનું કારણ વિકાસ અંગેની સમજણમા આવેલ પરિવર્તન છે ઉપરાંત આર્થિક વિકાસ દ્વારા આપણે કેવા પરિવર્તનો ઇચ્છીએ છીએ તે અંગે પણ સતત અર્થશાસ્ત્રીઓના ખ્યાલો બદલતા રહ્યા છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય આવકની સતત વૃદ્ધિ એટલે વિકાસ સમય જતા વિકાસના પરિણામે લોકોના જીવન ધોરણમાં સુધારો થવો જોઈએ તેવો મત બન્યો પરિણામે લોકોની આવક વધવી જોઇએ એટલે માથાદીઠ આવકની વૃદ્ધિ માપદંડ તરીકે સ્વીકૃત બન્યો. પરંતુ લાંબાગાળા સુધીની માથાદીઠ આવકની વૃદ્ધિ પણ ઇચ્છિત પરિણામ આપી શકી નહી, વિશ્વમાં આવક વધવા છતાં ગરીબ લોકોના જીવન ધોરણમાં સુધારો શક્ય ન બનતા તેને વિકાસ ન કહી શકાય તેવો એક મત રજુ થયો, પરિણામે વિકાસના આ ખ્યાલ અનુસાર ગરીબોની સ્થિતિમાં સુધારો થાય તેવી રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ જ આર્થિક વિકાસ કહેવાય. તેથી ગરીબ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષવી તે જ વિકાસ. એ ખ્યાલ માપદંડ તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ વ્યાખ્યાના આધારે ભારતની પંચવર્ષીય યોજનાઓમાં ત્રીજી અને છઠ્ઠી યોજનામા ગરીબોની પાયાની જરૂરિયાતો પર નોંધ પાત્ર કામગીરી હાથ ધરાયેલ. આર્થિક વિકાસમાં લોકો અને તેનું જીવન ધોરણ વિશેષ મહત્વ ધરાવે છે તેથી માત્ર આવકના આધારે નહી પરંતુ તેના પરિણામે જીવનની ગુણવત્તામા આવતા પરિવર્તનને નિર્ધારિત કરતા પરિબળોના આંક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક વિકાસનો માપદંડ બન્યો પરંતુ તેમાં બાળ મૃત્યુદર, એક વર્ષની વયે

અપેક્ષિત સરેરાશ આયુષ્ય અને અક્ષર જ્ઞાન આટલી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી પરંતુ તેમાં માથાદીઠ આવકને અવગણવામાં આવેલ જોકે માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંકને સાથે જોતા સ્પષ્ટ થયુકે જે દેશની આવક વધુ છે તેમાં જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક પણ સારો રહ્યો છે જોકે ઓપેકના દેશો પૈકી ઘણા અપવાદ તેમાં જોઈ શકાય. તેમ છતાં સરેરાશ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંક વચ્ચે સીધો સંબંધ જોઈ શકાય. ૧૯૯૦ થી UNDP દ્વારા માનવ વિકાસ હેવાલ રજુ કરવામાં આવે છે તેમાં સંકળાયેલ અર્થશાસ્ત્રીઓએ વિકાસની જુદી વ્યાખ્યા કરી છે તે અનુસાર "લોકોને પ્રાપ્ય તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની લોકોની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે" જેથી લોકો લાંબુ, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન જીવી શકે તેણા માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કરાયા. પરંતુ આવક, સ્વાસ્થ્ય અને શિક્ષા સમાજ માટે પર્યાપ્ત નથી તેમાં જાતિગત સમાનતા વિના વિકાસ અધુરો છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહી અને વિકાસની વૈચારિક પ્રક્રિયામાં પણ આટલા લાંબા સમય બાદ પણ જ્યાં વિકાસ વધુ હોય ત્યાં જાતિગત સમાનતા હોય તેવું જોવા મળેલ નથી પરિણામે યુએનના ૧૯૯૪ના કાઈરોના આંતરરાષ્ટ્રીય સંમેલનથી આ બાબતને આવરી લેવામાં આવી, ૧૯૯૫થી UNDP નારી વિકાસ સૂચકઆંક રજુ કરે છે. સમાનતાને માપવા વિવિધ માપદંડ નિર્ધારિત કરાયા છે, અને ૨૦૧૯માં ૨૨ દેશોમા સ્ત્રીઓ પુરૂષોની તુલનામાં આગળ છે. પરંતુ તે પર્યાપ્ત છે? સમાજમા જાતિગત અસમાનતા સિવાય પણ ઘણી વિષમતાઓ અસ્તિત્વ ધરાવે છે ૧૭૮૯ની ફ્રાંસની ક્રાંતિના ત્રણ સૂત્ર **સમાનતા, સ્વતંત્રતા** અને **બંધુતા**ને બીજા ૧૦૦ વર્ષમાં વિશ્વના લગભગ તમામ દેશોએ સ્વીકારી લીધુ કે એક વિકસિત સમાજમાં આ ત્રણે લક્ષણો આવશ્યક છે આર્થિક અસમાનતાને માપવા ગિનીઆંકનો ઉપયોગ કરવામાં આવે છે ૨૦૧૦મા UNDP દ્વારા માનવ વિકાસ આંકમાં અસમાનતાને જોડી IDHI Inequality Adjusted HDI અસમાનતા સમાવતો માનવ વિકાસ આંક તૈયાર કરે છે જેમા અસમાનતા જેટલી વધુ આંક તેટલો ઘટશે. આ રીતે આર્થિક અસમાનતાને જોડતા વિશ્વના દેશોના વિકાસના આંક આધારેના ક્રમમાં તફાવત જોઈ શકાય છે. જે નીચેના કોષ્ટક પરથી પણ સમજી શકાય.

**કોષ્ટક – 1: 2020 IHDI Report પ્રમાણે**

| દેશ | HDI MARKS | IHDI MARKS | HDI | IHDI |
|---|---|---|---|---|
| નોર્વે | 957 | 899 | 1 | 1 |
| જાપાન | 919 | 843 | 19 | 18 |
| સ્વિટઝરલેન્ડ | 955 | 889 | 2 | 3 |
| અમેરિકા | 926 | 808 | 17 | 28 |
| કોસ્તારિકા | 810 | 667 | 62 | 64 |
| મેક્સિકો | 779 | 613 | 74 | 74 |
| ભારત | 645 | 475 | 131 | 104 |

| દેશ | HDI MARKS | IHDI MARKS | HDI | IHDI |
|---|---|---|---|---|
| પાકિસ્તાન | 550 | 384 | 154 | 124 |

આ પરથી કહી શકાય કે વિકાસમાં સમાનતાને જોડવી આવશ્યક છે કેમકે તે વિકાસના પરિણામોની વહેચણી દર્શાવે છે. સારું જીવન આટલામા આવરી શકાય નહી, દરેક વ્યક્તિ,જૂથ,સમુદાયને પોતાના વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા અનિવાર્ય છે.


**કોષ્ટક – 2: પ્રેસની સ્વતંત્રતા (Reporters without borders:France)**

| પરિસ્થિતિ | સ્થિતિ | ૨૦૨૦ નો રીપોર્ટ |
|---|---|---|
| **સારી** | 14 | નોર્વે -૧,કોસ્ટારિકા-૭, સ્વિત્ઝરલેન્ડ-૮ |
| **ઠીકઠીક** | 33 | અમેરિકા ૪૫ |
| **સમસ્યા** | ૬3 | જાપાન ૬૬ |
| **ખરાબ** | ૪3 | ભારત ૧૪૨, મેક્સિકો ૧૪૩, પાકિસ્તાન ૧૪૫ |
| **ભયાનક** | ૨૭ | ચાઈના ૧૭૭ |

**કોષ્ટક – 3: લોકશાહીની સ્થિતિનું માપન: ૨૦૦૬ થી શરૂ (Democracy Index) (0-૧૦ સુધીના માર્ક્સ)**

| લોકશાહી | કેટલા દેશ | ૨૦૨૦નો રીપોર્ટ |
|---|---|---|
| **સંપૂર્ણ ૮-૧૦** | ૨૨:૧-૨૨ | નોર્વે (૯.૮૭) સ્વિત્ઝરલેન્ડ -૧૦ (૯.03) |
| **નબળી ૬-૭.૯૯** | ૫3:23-૭૬ | જાપાન ૨૪(૭.૯૯),અમેરિકા ૨૫(૭.૯૬)ભારત ૫૧ (૬.૯૦)મેક્સિકો ૭3 (૬.૦૯) |
| **વધારે ખરાબ ૪-૫.૯૯** | 3૭:૭૭-૧૧3 | પાકિસ્તાન ૧૦૮ (૪.૨૫) |
| **તાનાશાહી/સત્તાવાદી <૪** | ૫૪:૧૧૪-૧૬૭ | કટાર ૧૨૮(3.૧૯), અફઘાનિસ્તાન ૧૪૧,(૨.૮૫), ચાઈના ૧૫3(૨.૨૬), બુરુંડી ૧૫૪(૨.૧૫) |

આમ વિકાસ આવક, સ્વાસ્થ્ય, શિક્ષા, સમાનતા, વિભિન્ન બાબતોની સ્વતંત્રતા, અને લોકશાહી પરંતુ બંધુતા?? આજે વિશ્વભરમાં, દરેક દેશમાં, સમાજમાં, જાતિ, વર્ણ,ધર્મ, ભાષા, રાષ્ટ્રીયતાના આધારપર એટલીબધી અસહિષ્ણુતા છે અને ઉત્તરોત્તર વધી રહી છે તે કેવી રીતે સ્વસ્થ સમાજ હોઈ શકે? તે કેવી રીતે પ્રસન્ન સમાજ હોઈ શકે માટે ૧૯૭૨મા ભૂતનના રાજાએ કહ્યું હતું અમને ધન નથી જોઈતું અમને પ્રસન્નતા જોઈએ છે અને તેમણે જ રાષ્ટ્રીય પ્રસન્નતા આંક અંગેનો પ્રસ્તાવ મુક્યો હતો, અને પાછલા ૨૦-૨૫ વર્ષોમાં અનેક લોકો જુદી-જુદી રીતે આ અંક તૈયાર કરવાની વિવિધ રીતો શોધી રહ્યા છે.




આમ આવકથી શરુ થયેલા માપદંડમાં નવા નવા પરિબળો ઉમેરતા ગયા પરંતુ તે માત્ર લોકો સુધી સીમિત હતા અને આ જગત માત્ર લોકોનું નથી, તેની સાથે સહ અસ્તિત્વ ધરાવતા અનેક જીવોનું પણ છે અને આ સમગ્ર જીવસૃષ્ટિ એકબીજા સાથે ઘનિષ્ટ રીતે જોડાયેલી છે. માનવ શુખાકારી ભૌતિક ઉત્પાદન દ્વારા વધારી શકાય એ ખ્યાલ વિપુલ ઉત્પાદન તરફ ધકેલે છે અને પરિણામ રૂપ જળ, જમીન, હવા દરેક સ્તરે માનવીએ ઉર્જાના સ્વરૂપના રૂપાંતરથી પ્રદુષણ ફેલાવ્યું જે સમગ્ર પરીસ્થીતીકીય વ્યવસ્થાના વિક્ષેપ સર્જવા લાગી. પરિણામ રૂપ વાતાવરણની સમતુલા ખોરવાઈ ગઈ તો આ કયો વિકાસ છે? જે સમગ્ર જીવોના અસ્તિત્વણે જોખમમાં મૂકી દે માટે અસ્તિત્વ સૌથી વધુ મહત્વનું છે માટે આજે તમામ માપદંડ પૈકી ટકાઉપણું સૌથી વધુ અગત્યનો માપદંડ બન્યો છે.

વાતાવરણમાં જે વિક્ષેપ સર્જાયો છે તેમાં કાર્બન ઉત્સર્જન સૌથી વધુ જવાબદાર છે તમામ પ્રકારની ઉત્પાદન અને વપરાશ સંબંધિત પ્રવૃત્તિમાં કાર્બન ઉત્સર્જન થાય છે અને વાતાવરણમાં આવશ્યકતા કરતા વધુ સ્તરનો કાર્બન તાપમાનમાં વૃદ્ધિ કરે છે અને તે સમગ્ર પરીસ્થીતીકીય વ્યવસ્થાઓને નુકશાન પહોચાડે છે. તેથી દરેક દેશ પ્રતિ વ્યક્તિ જેટલો વધુ કાર્બન ઉત્સર્જીત કરે છે તે દેશ ટકાઉપણાથી તેટલો દુર છે. ઉપરાંત આપને ઉત્પાદન અને ઉપભોગની વિવિધ પ્રક્રિયામાં વિભિન્ન કચરાનું સર્જન કરીએ છીએ જે કોઈ ને કોઈ સ્વરૂપે પ્રકૃતિમાં ફેકીએ છીએ તેના આધારે આપણા માથાદીઠ પરીસ્થીતીકીય પદચિન્હો માપવામાં આવે છે.

**કોષ્ટક – 4: પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ૨૦૨૨ રીપોર્ટ**

| દેશ | ૨૦૧૭ | ૨૦૨૦ |
|---|---|---|
| **કતાર** | 37.1 | 35.64 |
| **અમેરિકા** | 15.7 | 13.68 |
| **સ્વીત્ઝરલેન્ડ** | 4.7 | 4.07 |
| **જાપાન** | 10.4 | 8.39 |
| **નોર્વે** | 10 | 7.74 |
| **ચાઈના** | 7.7 | 8.2 |
| **મેક્સિકો** | 3.9 | 3.05 |
| **કોસ્ટારિકા** | 1.7 | 1.55 |
| **ભારત** | 1.8 | 1.74 |
| **પાકિસ્તાન** | 1 | 1.04 |
| **બરુંદી** | 0.29 | 0.29 |
| **પૃથ્વીની પ્રભાવસીમા** | | 1.63 |

Emissions Database for Global Atmospheric Research- European Commission Joint Research Center

ઉપરોક્ત ચર્ચા અનુસાર વિવિધ માપદંડ અનુસાર તપાસીએ તો તમામ માપદંડને સમાન ગણવા કે કોઈકને વધુ મહત્વ આપવું અને કોઈકને ઓછું? આ માપદંડ પૈકી કેટલાક વિરોધાભાષી છે જેમકે માથાદીઠ આવકમાં વૃદ્ધિ અને કાર્બન પદચિન્હ એક વધતા બીજું ઘટી જશે. ઉત્પાદન અને ઉપભોગની વર્તમાન તરાહ સંપોષિત વિકાસ માટે યોગ્ય નથી પરિણામ રૂપ અન્ય માપદંડમાં સારા પ્રદર્શન માટે પણ વપરાશ પર નિયંત્રણ લાવવું અનિવાર્ય છે અને તેના માટે જેમની વપરાશની તરાહ આવ્શાકતા કરતા અનેક ગણી વધુ છે તેમણે તે ઘટાડવી પડે અને જેમની અત્યંત નિમ્ન સ્તરની છે તેમણે ત્યાના નાગરિકોના જીવનધોરણમાં સુધારો કરવા વધારવી પડે આ “જગતમાં સૌની જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત છે પરંતુ કોઈ એકના પણ લોભને સંતોષવા માટે પુરતું નથી”મ.ક.ગાંધી

વિકસિત કોણ છે ઉપરોક્ત માપદંડો અનુસાર જોઈએ તો ટકાઉપણાણે છોડી દઈએ તો જે દેશની આવક વધુ છે તે દેશમાં અન્ય ૮ માપદંડની સ્થિતિ સારી છે. તેમાં યુરોપ, અમેરિકા,કેનેડા, અને એશિયામાં જાપાન અને દક્ષીણ કોરિયા કુલ મેળવીને ૩૦ દેશ છે. આમાં પણ સૌથી વધુ આગળ જે છે તે સ્કેન્ડીનેવિયન દેશો છે જે ધનિક દેશો છે પરંતુ તેમના કાર્બન પદચિન્હ ઘણા વધુ છે જે સમગ્ર વિશ્વ માટે જોખમી છે. તેથી ન્યુ ઇકોનોમિક ફાઉન્ડેશન નામની સંસ્થાએ ૨૦૦૬માં વિવિધ માપદંડને જોડતો આંક “હેપ્પી પ્લેનેટ ઇન્ડેક્ષ” તૈયાર કર્યો જેમાં

$$\textbf{HPI} = \frac{\text{પ્રસન્નતા} \times \text{સ્વાસ્થ્ય} \times \text{સમતા}}{\text{પારીસ્થીતીકીય પદચિન્હ}}$$

**કોષ્ટક – 5: GDP -2019, HDI-2019, HPI-2016 રીપોર્ટના આધારે**

| દેશ | GDP | HDI | HPI | દેશ | GDP | HDI | HPI |
|---|---|---|---|---|---|---|---|
| **કતાર** | 1 | 41 | - | ચાઈના | 67 | 85 | 72 |
| **નોર્વે** | 6 | 1 | 12 | કોસ્ટારિકા | 77 | 68 | 1 |
| **સ્વીત્ઝરલેન્ડ** | 9 | 2 | 24 | ભારત | 116 | 129 | 50 |
| **અમેરિકા** | 10 | 15 | 108 | પાકિસ્તાન | 132 | 152 | 36 |
| **જાપાન** | 28 | 19 | 58 | અફઘાનિસ્તાન | 170 | 170 | 110 |
| **મેક્સિકો** | 64 | 76 | 2 | બુરુંડી | 185 | 185 | 131 |

આમ આવક, માનવ વિકાસ અને પૃથ્વી પ્રસન્નતા આંક (HPI) સરખાવતા જણાય છે કે માત્ર આવક કે માનવ સુખાકારી પર્યાપ્ત નથી. અને જીવન ધોરણમાં સુધારો પર્યાવરણના ભોગે સ્વીકાર્ય નથી તેથી જે વિસ્તારનો વિકાસ પથ નિર્ધારિત કરતા હોઈએ ત્યારે આટલા માપદંડને ધ્યાનમાં લેવા જરૂરી છે.

**ઉપસંહાર:** પ્રસ્તુત પ્રકારણમાં આર્થિક વિકાસના ખ્યાલના પરિવર્તનો અને તેના મહત્વના માપદંડ ક્યાં હોઈ શકે તેની ચર્ચા કરી, પંચમહાલ જીલ્લાના લોકો માટેનું આર્થિક દર્શન ક્યાં સ્વરૂપનું હોવું જોઈએ તેની ચર્ચા અત્રે પ્રસ્તુત કરી છે તે સાથે વર્તમાન સમયમાં પંચમહાલ જીલ્લાની સ્થિતિ સમજવા માટે દ્વિતિય પ્રકરણ રજુ કરાયેલ છે.

# પ્રકરણ –૩ જિલ્લા પરિચય,વસ્તી, કુદરતી સંસાધનો અને આંતર માળખું

1 પ્રસ્તાવના

2 પંચમહાલ જિલ્લા પરિચય

3 જીલ્લા સ્તરે અને આદિવાસી તાલુકાઓમાં જમીન વિભાજન

4 કુદરતી સંસાધન અને આંતરમાળખું

5 પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં વસ્તી વિષયક લાક્ષણિકતાઓ

6 ઉપસંહાર

# પ્રકરણ – 3 જિલ્લા પરિચય,વસ્તી, કુદરતી સંસાધનો અને આંતર માળખું

**પ્રસ્તાવના**

દરેક વિસ્તારના વિકાસનો આધાર જિલ્લાના કુદરતી સંસાધનો અને તેની વસ્તી પર રહેલો છે વસ્તીના લક્ષણો અને તેમાં આવેલ પરિવર્તનો વિકાસને નિર્ધારિત કરવામાં મહત્વના પરિબળ છે, તેથી પ્રસ્તુત પ્રકરણમાં પંચમહાલ જીલ્લાનો પરિચય તેના કુદરતી સંસાધનો અને આંતરમાળખાકીય સુવિધાઓનું પ્રમાણ અને જિલ્લાની વસ્તી તેમજ આદિવાસી તાલુકાઓની વસ્તી, તેમજ વસ્તીની ગુણવત્તામા કુલ વસ્તી અને અનુસુચિત જનજાતિ વસ્તીની ગુણવત્તા વચ્ચેનો તફાવત પણ અહી રજુ કરવામાં આવેલ છે દશક દરમિયાન વસ્તીની લાક્ષણિકતોના પરિવર્તન પણ અહી દર્શાવેલ છે.

## પંચમહાલ વિસ્તાર પરિચય:

ગુજરાતની સ્થાપના સમયથી ૧૯૬૦થી પંચમહાલ જીલ્લો અસ્તિત્વ ધરાવે છે. તેમાં ૧૯૯૭મા દાહોદ જીલ્લો અને ૨૦૧૩માં મહીસાગર જીલ્લો વિભાજીત કરવામાં આવેલ, ત્યાર બાદ પંચમહાલ જીલ્લામાં સાત તાલુકા શહેરા,મોરવા, ગોધરા, કલોલ, ઘોઘંબા, હાલોલ, અને જાંબુઘોડા છે જયારે મહીસાગર જીલ્લામાં લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, કડાણા, બાલાસિનોર અને વીરપુર છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત સરકાર દ્વારા વિવિધ જીલ્લામા જે તાલુકાઓને આદિવાસી તાલુકા ઘોષિત કર્યા છે, તેનો જ અભ્યાસ અહી હાથ ધરેલ છે. આ અનુસાર પંચમહાલ જીલ્લામાં ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકાને ધ્યાનમાં લીધેલ છે.


### પંચમહાલ જિલ્લામાં જમીન વિભાજન:

પંચમહાલ જીલ્લા અને તેના આદિવાસી તાલુકાની જમીન વિભાજનને નીચેના કોષ્ટક અને આલેખમાં રજુ કરવામાં આવેલ છે

**કોષ્ટક – 1: પંચમહાલ જિલ્લા અને આદિવાસી તાલુકાઓમાં જમીન વિભાજન**


| જમીનનો ઉપયોગ | Percent પંચમહાલ | 2017-18 પંચમહાલ | Percent ઘોઘંબા | 2017-18 ઘોઘંબા | Percent જાંબુઘોડા | 2017-18 જાંબુઘોડા |
|---|---|---|---|---|---|---|
| જમીનના ઉપયોગ હેતુ પ્રાપ્ત જમીન | 100 | 227949 | 100 | 32278 | 100 | 6603 |
| જંગલ | 28.23 | 64352 | 29.95 | 9669 | 24.39 | 1611 |
| ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી | 5.37 | 12242 | 6.78 | 2190 | 23.89 | 1587 |

| જમીનનો ઉપયોગ | Percent પંચમહાલ | 2017-18 પંચમહાલ | Percent ઘોઘંબા | 2017-18 ઘોઘંબા | Percent જાંબુઘોડા | 2017-18 જાંબુઘોડા |
|---|---|---|---|---|---|---|
| બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાતી જમીન | 14.43 | 32907 | 1.49 | 481 | 15.14 | 1000 |
| ખેતી લાયક પડતર જમીન | 3.47 | 7917 | 2.8 | 906 | 7.57 | 500 |
| ગૌચરની જમીન | 34.6 | 78885 | 2.98 | 960 | 9.57 | 632 |
| પ્રકીર્ણ વૃક્ષો અને જાડો હેઠળની જમીન | 2.81 | 6415 | 0.68 | 221 | 1.51 | 100 |
| ચાલુ પડતર | 4.03 | 9199 | 1.95 | 630 | 5.01 | 331 |
| અન્ય પડતર | 1.75 | 3993 | 0.53 | 173 | 3.84 | 254 |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 76.87 | 175227 | 86.78 | 28012 | 95.07 | 6287 |
| એક કરતા વધુ વખત વાવેતર કરેલ વિસ્તાર | 25.19 | 57441 | 24.7 | 7973 | 42.73 | 2822 |
| કુલ વાવેતર વિસ્તાર ૧૦+૧૧ | 102.06 | 232668 | 111.48 | 35985 | 137.95 | 9109 |




જિલ્લામાં જમીનના ઉપયોગની તરાહ સ્પષ્ટ છેકે પંચમહાલમાં કૃષિ ક્ષેત્ર આવકનો સૌથી અગત્યનો સ્રોત છે જોકે એક કરતા વધુ વખત પાક લેવાતી જમીનનું પ્રમાણ ઓછું છે તે માત્ર ૨૫.૧૯ ટકા જ છે. જે સિંચાઈનું ઓછું પ્રમાણ દર્શાવે છે. જિલ્લામાં જંગલનું પ્રમાણ ૨૮ ટકા જેટલું છે જે રાજ્યના કુલ જંગલમા નોંધપાત્ર પ્રમાણ છે. ગૌચરની જમીનનું પ્રમાણ પણ ઉચું છે. બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાતી જમીનનું પ્રમાણ કુલ જમીનનું પ્રમાણ અલ્પ છે.

**આદિવાસી તાલુકામાં જમીન વિભાજન**




જાંબુઘોડા પંચમહાલ જિલ્લાનું સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતો તાલુકો છે જોકે જાંબુઘોડામાં પિયતની સુવિધાના કારણે કૃષિક્ષેત્ર સમૃદ્ધ છે.જંગલનું પ્રમાણ ઘોઘંબાની તુલનામાં ઓછું છે.બિન ખેતી વિષયક ઉપયોગમાં લેવાતી જમીનનું પ્રમાણ ઘોઘંબામાં અત્યંત ઓછું છે જ્યારે જાંબુઘોડામાં વધુ છે. ગૌચરની જમીન ઘોઘંબામાં ઓછી અને જાંબુઘોડામાં વધુ છે.

**કુદરતી સંસાધનો અને આંતરમાળખું** :

કુદરતી સંસાધનોનું પ્રમાણ જે તે વિસ્તારના આર્થિક વિકાસની શક્યતાઓ દર્શાવે છે. પંચમાંહ્ર જિલ્લો વિકાસની દ્રષ્ટીએ હજુ ઘણો પછાત છે જોકે પંચમહાલ જિલ્લો કુદરતી સંસાધનોના સંદર્ભે વૈવિધ્ય પૂર્ણ છે તેમ છતાં અત્યારે તેનો ઉપયોગ ખુબ મર્યાદિત છે. આ જિલ્લો મોટાભાગે પહાડી છે. ગોધરા, કાલોલ, હાલોલને બાદ કરતા ઉત્તરનો ભાગ અને દક્ષિણ ભાગ જંગલ અને પહાડોથી આચ્છાદિત છે  સપાટ ખેતી લાયક જમીન માત્ર નદીની નજીકના ગામોમા જ છે પશ્ચિમ તરફ આગળ વધતા ખેતી લાયક જમીન વધતી જાય છે. મધ્ય અને ઉત્તર વિસ્તાર કાપથી બનેલો છે રાજસ્થાનના મુખ્ય અરવલ્લી પર્વતના વિસ્તરણના પ્રતિનિધિ રૂપ છે. જયારે દક્ષિણ ભાગ ચાંપાનેર હારમાળા તરીકે જે ઓળખાય છે તે વિસ્તાર પથ્થર આચ્છાદિત જ્યાં કેટલોક વિસ્તાર ગ્રેનાઈટ અને મેંગેનીઝ પ્રાપ્ય છે.

**જંગલ:**

પંચમહાલ જિલ્લોનો ૬૮૫.૭૬ ચો.કિમી વિસ્તાર જંગલ થી આચ્છાદિત છે જે જિલ્લાના કુલ વિસ્તારના ૨૧.૨૬ ટકા છે. ખાસ કરીને પંચમહાલના જંગલો સુકા પાનખર પ્રકારના છે. જિલ્લામાં શહેરા, મોરવા, ગોધરા અને ઘોઘંબા તાલુકાઓમાં વન વિસ્તાર આવેલ છે. ૧૯૯૦મા જાંબુઘોડાના ૧૩૦.૩૮ ચો,કિમી

વિસ્તારને જંગલી પ્રાણી અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવેલ ત્યાં આહારસૃખલામા સૈથી ઉપર રહેતા પ્રાણી પાકી દીપડાની સંખ્યા સતત વધી રહી છે સાથે સાથે ત્યાં જંગલી ભૂંડ, નીલગાય , શિયાળ, હરણ, ચૌશિંગા વગેરેનું પ્રમાણ મોટું છે.

**કોષ્ટક – 2:**

| જંગલનો પ્રકાર | પ્રમાણ (ચો.કિમી) |
|---|---|
| અનામત જંગલ (રીઝર્વ) | 674.60 |
| આરક્ષિત જંગલ (પ્રોટેક્ટેડ) | 1.41 |
| જંગલ | 9.75 |
| કુલ | 685.76 |

**પાણી:**

મહીસાગર જિલ્લામાં પાણીના મુખ્ય સ્રોત મહીનદી મધ્ય ગુજરાતના પંચમહાલ જિલ્લામાંથી પસાર થાય છે તેથી તે પાણીનો મુખ્ય સ્રોત કહી શકાય તે પશ્ચિમ ભારતની મોટી નદીઓ પૈકી એક છે. તેની કુલ લંબાઈ ૫૮૩કિમી અને આવરિત વિસ્તાર (કેચમેન્ટ)છે ૩૪,૮૪૨ ચો.કિમી છે. જે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત થઇ ખંભાતના અખાતમાં મળે છે. તેમજ ભાદર જમણી બાજુ અને પનામા, કુન, અને ગોમા ડાબી બાજુથી મહીને મળે છે. મહી નદી પર વણાકબોરી ખાતે કડાણા ડેમ બનાવેલ છે તેનો આવરિત વિસ્તાર ૨૫,૫૨૦ ચો.કિમી છે.

પનામા નદી મધ્યપ્રદેશ થઇ પંચમહાલ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી પસાર થાય છે તેની કુલ લંબાઈ ૧૧૮ કિમી છે લુણાવાડાના ડેઝર ગામમાં તેના પર ડેમ બનવવાની પ્રયોજન ચાલુ છે. ચીકણી નદી શહેરા તાલુકાના માતરિયા તાલુકામાંથી નીકળી લીમ્બોદરા ગામે કુણ નદીને મળે છે. કુણ નદી ગોધરા તાલુકાના ઓરવાડા ગામથી નીકળી ૫૭ કિમી વહીને ટીંબામા મહી નદીને મળે છે. કલુતરીનદી લીમખેડા તાલુકાના વડપીપા ગામથી નીકળી ૩૨કિમી વહીને આગળ હડપ નદીને મળે છે ઉજળનદી દેવગઢબારિયાના સાદડીયા ગામથી નીકળી ૩૪ કિમી વહી રાણીપુરા ગામમાં પનામા નદીને મળે છે. ચીબોટાનદી સંતરામપુર ના સુરપુર ગામની નજીક થી વહી ૩૪ કિમી વહીને સંતરામપુરમાં ખાતલેરનદીને મળે છે. મેસરીનદી ગોધરા તાલુકાના કલીઆકુવા ગામથી નીકળી ૪૧ કિમી વહી કાલોલ તાલુકાના સનસોલી ગામથી વડોદરા જિલ્લામાં પ્રવેશે છે. ગોમાનદી દેવગઢબારિયાના કંતુગામથી નીકળી ૭૧ કિમી વહી કલોલ તાલુકામાં વહીને વડોદરા જિલ્લામાં પ્રવેશે છે. વિશ્વામિત્રીનદી પાવાગઢમાંથી હાલોલ તાલુકામાંથી નીકળી ૧૩ કિમી આગળ વધીને વડોદરા જિલ્લામાં પ્રવેશે છે. કરાડનદી દેવગઢબારિયાના બુરાગામ પાસેથી નીકળે છે તેના પર દે.બાના જ પલ્લગામમા તેના પર ડેમ બની રહ્યો છે નદીની લંબાઈ ૪૫ કિમી છે તે આખા જિલ્લામાંથી થઇ વડોદરા જિલ્લામાં પ્રવેશે છે.હડપ નદી લીમખેડાના કંતુગામથી નીકળી ૭૩ કિમી વહીને શહેરા તાલુકાના બોરઈવી ગામે પનામનદીને મળે છે.ખાતલેર નદી સંતરામપુરની

ચીબોતાનદી સાથે મળી ૨૧ કિમી વહીને પાણીયારમા મહીનદીને મળે છે.ભાદરાનદી રાજસ્થાનમાંથી આવે છે તે સંતરામપુરના દીતવાસથી પ્રવેશી લુણાવાડામાં મહી નદીને મળે છે.

**પંચમહાલ જીલ્લામાં રસ્તા અને વાહનવ્યવહાર:**

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જિલ્લાના આર્થિક અને સામજિક વિકાસ માટેની પૂર્વ શરત છે સ્થાનિક વ્યવસ્થાપન અને જાહેર સુવિધા માટે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સેવા આવશ્યક છે એક સ્થાનથી બીજા સ્થાન પર વસ્તુઓ અને સેવાઓના આદાન-પ્રદાન માટે વાહનવ્યવહારની ઉત્તમ સુવિધા જરૂરી છે.

પંચમહાલ જિલ્લોમા જમીન માર્ગ જ શક્ય છે જળ માર્ગ શક્ય નથી અને હવાઈ માર્ગ પણ જિલ્લામાં પ્રાપ્ય નથી.તેથી રેલ્વે અને રોડ બે જ માધ્યમ છે વસ્તુ અને માનવના પરિવહન માટે આ સમસ્યાના નિવારણ માટે સરકારે માર્ગ પરિવહનની વ્યવસ્થા ઉભી કરી છે પંચવર્ષીય યોજનાઓમાં મોટી રકમ ફાળવવામાં આવેલ છે તેમજ બસ દ્વારા વિવિધ ગ્રામીણ વિસ્તારને જોડવાનો પ્રયત્ન કરેલ છે.

**જમીન માર્ગ**

એક સ્થળને બીજા સ્થળથી જોડવામાં સારા વાહનવ્યવહારની સુવિધામાં રસ્તા ખુબ મહત્વના છે રસ્તાના વિભાજન પ્રમાણે પંચમહાલ જીલ્લા માટે ૨૦૦૬ થી ૨૦૧૦ વર્ષો માટે રસ્તાની લંબાઈ નીચે દર્શાવ્યા અનુસાર ગાંધીનગર, ગુજરાત સરકારના રોડ અને બિલ્ડીંગ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે જિલ્લામાં રસ્તાની કુલ લંબાઈ ૪,૮૧૬.૮૭ કિમી છે.રાજ્યના કેપિટલ શહેર ગાંધીનગરથી પંચમહાલ ૧૬૬ કિમી છે. નેશનલ હાઇવે ૫૯ જિલ્લામાંથી પસાર થાય છે જે ૧૩૬ કિમીથી અહેમદાબાદને જોડે છે અને ઇન્દોર ને.હા.૮ નડિયાદ ગોધરાથી પસાર થાય છે જે જિલ્લાનું મુખ્ય મથક છે દાહોદ સ્ટેટ હાઇવે ૪ નડીયાદ, હાલોલ, ગોધરાથી પસાર થાય છે. આમ જિલ્લામાં રોડનો વિકાસ સારો છે પરંતુ આદિવાસી તાલુકામાં રોડનું પ્રમાણ શું છે તે નીચેના કોષ્ટકમા દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – 3:**

| જીલ્લા અને તાલુકામા રસ્તા સંબંધિત વિગત(2017-18) | | | | | |
|---|---|---|---|---|---|
| **જીલ્લા/તાલુકા** | **રાજ્ય** | **જીલ્લા** | **ગ્રામ્ય** | **અન્ય** | **કુલ** |
| **ઘોઘંબા** | 71.4 | 175.2 | 38.33 | 274.9 | 559.83 |
| **જાંબુઘોડા** | 21.8 | 26.3 | 0 | 91.1 | 139.2 |
| **કુલ** | 454.52 | 982.3 | 221.07 | 2337.43 | 3995.32 |

બન્ને તાલુકા પૈકી કોઈ તાલુકામા એન્શાનલ હાઇવે સ્પર્શતો નથી રાજ્ય અને જીલ્લા દ્વારા બાંધવામાં આવેલ રસ્તા ઉપલબ્ધ છે. તાલુકોમાં કેટલા વિસ્તાર વાહનવ્યવહાર રહિત છે તે નીચેના કોષ્ટકમા દર્શાવેલ છે.

**કોષ્ટક – 4:**

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાના કુલ ગામ | સીધીસેવા મેળવતા ગામ | સીધીસેવા ન મેળવતા ગામ | સેવા ન મેળવતા ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | **ઘોઘંબા** | 95 | 85 | 5 | 5 |
| ૨ | **જાંબુઘોડા** | 55 | 45 | 5 | 5 |
| | **કુલ** | 150 | 130 | 10 | 10 |

આદિવાસી તાલુકાઓમાં ઘોઘંબા અને જાંબુઘોડા બન્નેમા વાહનવ્યવહારમાં બસની સુવિધા ન મેળવતા દસ ગામો છે જયારે સીધી સેવા ન મેળવતા પણ દસ ગામ છે આમ બન્ને તાલુકાઓમાં આજે પણ કેટલાક વિસ્તારને આપણે જમીન માર્ગ થી પણ જોડી શક્ય નથી તેની અસર શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર પર નકારાત્મક અસર સર્જે છે.

**રેલ્વે** : જિલ્લામાં રેલ્વે માર્ગ માત્ર ગોધરા અને કલોલ બે જ તાલુકામા ઉપલબ્ધ છે આદિવાસી તાલુકા રેલ્વેથી જોડાયેલા નથી.

**સંદેશાવ્યવહાર**:

જિલ્લાના સંદેશાવ્યવહાર પણ એક વિસ્તારથી બીજા વિસ્તારને જોડવાનું સૌથી મહત્વનું માધ્યમ છે તે પૈકી જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સંદેશાવ્યવહારની સ્થિતિ શું છે તે નીચેના કોષ્ટકમા દર્શાવેલ છે.

**કોષ્ટક – 5: સંદેશાવ્યવહારની સુવિધા**

| ક્રમ | સંદેશાવ્યવહારની સુવિધા | સુવિધા ધરાવતા ગામની સંખ્યા |
|---|---|---|
| 1 | પોસ્ટ ઓફીસ | 20 |
| 2 | પેટા પોસ્ટ ઓફીસ | 336 |
| 3 | ટેલીફોન | 704 |
| 4 | પીસીઓ | 419 |
| 5 | મોબાઈલ નેટવર્ક | 1046 |
| 6 | ઈન્ટરનેટ | 1133 |

**સ્રોત: Village directory, 2011**

**કોષ્ટક – 6: આદિવાસી તાલુકામાં સંદેશાવ્યવહારની સુવિધા :**

| ક્રમ | તાલુકાનુંનામ | ટપાલ કચેરીઓ | | | | ટપાલીની સંખ્યા | ટપાલ કચેરી વગરના ગામોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય કચેરી | પેટા કચેરી | શાખાઓ | કુલ | | |
| **1** | **ઘોઘંબા** | 0 | 2 | 39 | 41 | 41 | 75 |
| **2** | **જાંબુઘોડા** | 0 | 1 | 10 | 11 | 14 | 44 |

આદિવાસી તાલુકામાં ઘોઘંબાના ૭૫ ગામ અને જાંબુઘોડાના ૪૪ ગામ આજે પણ સંદેશાવ્યવહારની સુવિધા રહિત છે જોકે મોબાઈલના આવિષ્કારના પરિણામે તેમાં ઘણો સ્સુધારો થયો છે પરંતુ તેમાં પણ નેટવર્ક દરેક વિસ્તારોમાં પહોચાડી શકાયું નથી વળી અંતરિયાળ વિસ્તારોમાં તે પ્રશ્ન વિશેષ છે.


**પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં વસ્તની લાક્ષણિકતા**


પંચમહાલનો કુલ વિસ્તાર ૫૨૧૦.00 ચો.કિ.મી છે તે પૈકી ૫૧૨૭.૫૩ ચો.કિ.મી ગ્રામીણ વિસ્તાર અને ૮૨.૪૭ ચો.કિ.મી શહેરી વિસ્તાર છે. જીલ્લાના કુલ ગામોની સંખ્યા ૧૨૧૫ અને શહેરની સંખ્યા 6 છે. પંચમહાલ જીલ્લો વસ્તીની દ્રષ્ટીએ ગુજરાતમાં ૧૦ મો ક્રમ અને વસ્તી ગીચતાન દ્રષ્ટીએ ૧૪ મો ક્રમ ધરાવે છે.

**કોષ્ટક – 7:**

| જિલ્લો/ તાલુકા | વર્ષ | વિસ્તાર ('00 ચો.કિ.મી.માં) | વસ્તી ('000માં) | ગીચતા( ચો.કિ .મી. દીઠ) | જાતિ પ્રમાણ | દશકાનો વૃદ્ધિ દર | સાક્ષરતા દર | કુલ વસ્તીમાં શહેરી વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| **પંચમહાલ** | **૨૦૧૧** | **૩૨૩૩.૧૭** | **૧૬૪૨.૨૭** | **૫૦૮** | **૯૪૮** | **૧૮.૯૫** | **૭૦.૭૭** | **૧૬.૯૫** |
| | ૨૦૦૧ | **૫૦૮૩.૭૧** | **૨૦૨૫.૨૭** | **૩૮૯** | **૯૩૮** | **૨૦.૪૦** | **૬૦.૯૦** | **૧૨.૫૦** |

**સ્રોત : સેન્સસ ૨૦૧૧**





**કોષ્ટક – 8: પંચમહાલ જિલ્લાની તાલુકા અનુસાર વસ્તી વિષયક લાક્ષણીકતા:**

| પંચમહાલ જિલ્લાની તાલુકા પ્રમાણે વસ્તી વિષયક લાક્ષણિકતાઓ (૨૦૧૧ વસ્તી ગણતરી અનુસાર) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જીલ્લો /તાલુકા | કુલ વસ્તી (000) | જાતિ દર | અક્ષરજ્ઞાન દર | શહેરી વસ્તી | દશકાનો વસ્તી વૃદ્ધિ દર | અનુસુચિતજન જાતિનું પ્રમાણ (ટકામાં) |
| પંચમહાલ | ૧૬૨૪.૨૭ | ૯૪૮ | ૭૦.૭૭ | ૧૬.૯૫ | ૧૮.૯૫ | ૨૨.૮૦ |
| શહરા | ૨૭૭.૫૬ | ૯૪૮ | ૭૦.૫૫ | ૯.૧૬ | ૨૦.૦૦ | ૧૫.૬૨ |
| મોરવા(હ) | ૧૮૬.૯૨ | ૯૭૩ | ૬૮.૧૦ | - | ૨૨.૩૭ | ૩૮.૪૭ |
| ગોધરા | ૪૬૨.૫૨ | ૯૫૦ | ૭૫.૯૨ | ૩૫.૧૨ | ૧૭.૪૯ | ૧૩.૩૯ |
| કાલોલ | ૨૧૬.૩૭ | ૯૩૩ | ૭૪.૭૯ | ૧૫.૦૪ | ૧૨.૭૦ | ૧૦.૫૨ |
| ઘોઘંબા | ૨૧૮.૪૭ | ૯૫૮ | ૫૮.૨૬ | - | ૨૧.૬૦ | ૪૧.૫૧ |
| હાલોલ | ૨૩૭.૯૬ | ૯૨૭ | ૭૧.૮૩ | ૨૭.૦૧ | ૨૧.૮૪ | ૨૮.૮૮ |
| જાંબુઘોડા | ૪૨.૪૮ | ૯૫૧ | ૬૪.૦૦ | - | ૧૬.૯૫ | ૩૫.૫૮ |

ઉપરોક્ત આલેખમા દાયકામાં જિલ્લાના વસ્તી વિષયક લાક્ષણિકતાઓમાં કેવા પરિવર્તન થયા છે સ્પષ્ટ થાય છે, વસ્તી ગીચતામાં જિલ્લામાં વધારો થયો છે ગુજરાતની વસ્તી ગીચતા ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ૩૦૮ હતી જયારે પંચમહાલની રાજ્ય કરતા વધુ છે દાયકામાં વસ્તીના જાતિ ગુણોત્તર દરમા સુધારો થયો છે રાજ્યની તુલનામાં જિલ્લાનો જાતિ ગુણોત્તર દર વધુ ઉચો છે જોકે મોરવા જિલ્લામાં સૌથી ઉચો જાતિ ગુણોત્તર દર ૯૭૩ છે અને સૌથી ઓછું હાલોલ તાલુકામાં છે જે ૯૨૭ છે તે પણ ગુજરાતના દર કરતા વધુ છે. બાળકોમાં જાતિ ગુણોત્તર દરની સ્થિતિ પણ રાજ્યની તુલનામાં સારી કહી શકાય કેમકે ગુજરાતનો બાળ જાતિ ગુણોત્તર દર ૨૦૧૧ વસ્તી ગણતરી પ્રમાણે  ૮૯૦ છે જે આ જિલ્લામાં ૯૩૧ છે

જોકે દાયકામાં તેમાં ઘટાડો થયો છે. સાક્ષરતાના દરમા દાયકામાં સુધારો થયો છે જો કે રાજ્યની તુલનામાં ઓછું છે. શહેરીકરણની દ્રષ્ટીએ દાયકામાં થોડો વધારો થયો છે જોકે તે કેટલાક વિસ્તારો પુરતો સીમિત છે કેટલાક તાલુકાઓમાં જેમકે ઘોઘંબા, જાંબુઘોડા અને મોરવા તાલુકા સંપૂર્ણ પણે ગ્રામીણ વસ્તી ધરાવે છે.

**પંચમહાલ જિલ્લાના તાલુકાઓમાં અનુસુચિતજન જાતિનું પ્રમાણ :**




| | શહેરા | મોરવા (હ) | ગોધરા | કાલોલ | ઘોઘંબા | હાલોલ | જાંબુઘોડા | |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ | 22001 | 36458 | 31397 | 11594 | 46327 | 35422 | 7809 | |
| સ્ત્રી | 21349 | 35448 | 30454 | 11177 | 44367 | 33307 | 7303 | |

પંચમહાલ જિલ્લાના સાત તાલુકા પૈકી કુલ વસ્તીમાં અનુસુચિત જનજાતિના પ્રમાણને જોઈએ તો સૌથી વધુ વસ્તી ઘોઘંબા તાલુકામાં છે ત્યારબાદ મોરવા અને જાંબુઘોડામા છે સૌથી ઓછી વસ્તી કલોલ તાલુકામા છે. કલોલ, ગોધરા અને શહેરા તાલુકામાં કુલ વસ્તીમાં અનુસુચિત જનજાતિનું પ્રમાણ જિલ્લામાં સૌથી ઓછું છે.

**પંચમહાલ જિલ્લા અને તેના આદિવાસી તાલુકામા વસ્તી વિષયક લાક્ષણિકતા:**


વસ્તીની લાક્ષણિકતાઓથી વસ્તીની ગુણવત્તા નિર્ધારિત થાય. માનવ સંસાધન કેટલું સક્ષમ છે તેનો આધાર વસ્તીની ગુણવત્તા પર આધારિત છે. પંચમહાલ જીલ્લા અને તેના આદિવાસી તાલુકામાં વસ્તીનું પ્રમાણ, સ્ત્રી-પુરુષનું પ્રમાણ, જાતિ ગુણોત્તર દર, શહેરી વસ્તીનું પ્રમાણ, સાક્ષરતાનો દર, વગેરે નીચે કોષ્ટક અને આલેખ દ્વારા દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – 9: પંચમહાલ જીલ્લામાં અને અનુસુચિતજન જાતિ તાલુકામાં કુલ વસ્તીમાં અનુસુચિતજન જાતિનું પ્રમાણદર્શાવતું કોષ્ટક (૨૦૧૧ વસ્તી ગણતરી અનુસાર)**

| જીલ્લો/તાલુકા | સ્ત્રીઓ | પુરુષો | કુલ |
|---|---|---|---|
| પંચમહાલજીલ્લાની વસ્તી | ૭,૯૯,૦૨૯ | ૮,૪૩,૨૩૯ | ૧૬,૪૨,૨૬૮ |
| પંચમહાલજીલ્લામાં  અનુસુચિતજન જાતિ | ૧,૮૩,૪૦૫ | ૧,૯૧,૦૦૮ | ૩,૭૪,૪૧૩ |
| પંચમહાલની કુલ વસ્તીમાં અ.જ.જા.નું ટકાવારી પ્રમાણ | ૨૨.૯૫ | ૨૨.૬૫ | ૨૨.૭૯ |
| ઘોઘંબાની વસ્તી | ૧,૦૬,૮૭૬ | ૧,૧૧,૫૯૧ | ૨,૧૮,૪૬૭ |
| ઘોઘંબામાં અનુસૂચિતજન જાતિનું પ્રમાણ | ૪૪,૩૬૭ | ૪૬,૩૨૭ | ૯૦,૬૯૪ |
| ઘોઘંબાની કુલ વસ્તીમાં અ.જ.નું ટકાવારી પ્રમાણ | ૪૧.૫૧ | ૪૧.૫૧ | ૪૧.૫૧ |
| જાંબુઘોડાની વસ્તી | ૨૦,૭૦૫ | ૨૧,૭૭૧ | ૪૨,૪૭૬ |
| જાંબુઘોડામા અનુસુચિતજનજાતિનું પ્રમાણ | ૭,૩૦૩ | ૭,૮૦૯ | ૧૫,૧૧૨ |
| જાંબુઘોડાની કુલ વસ્તીમાં અ.જ.નું ટકાવારી પ્રમાણ | ૩૫.૨૭ | ૩૫.૮૬ | ૩૫.૫૭ |

**પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં શહેરીકરણનું પ્રમાણ:**


પંચમહાલ જિલ્લામાં અનુસુચિત જનજાતિમા શહેરી વસ્તીનું પ્રમાણ અને આદિવાસી તાલુકાઓમાં શહેરીકરણમાં દાયકામાં કેવું પરિવર્તન આવેલ છે તે નીચેના કોષ્ટક અને આલેખ પરથી જાણી શકાય.




આલેખમાં ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના દશકમાં પંચમહાલની કુલ ગ્રામીણ અને શહેરી વસ્તીમાં એસ.ટી વસ્તીમાં કેવો ફેરફાર થયો છે તે જોતા તેમાં ઘટાડો દેખાય છે ખાસ કરીને ગ્રામીણ વસ્તી અને કુલવસ્તીમા એસ.ટી વસ્તીમાં ઘટાડો થવાનું મૂળ કારણ પંચમહાલમાંથી મહીસાગર જિલ્લો વિભાજીત થવાથી વસ્તીમાં

ઘટાડો થયો છે. દશકમા ઘોઘંબા કે જાંબુઘોડામાં તમામ વસ્તી ગ્રામીણ છે આ બન્ને તાલુકામાં શહેરી વસ્તી છેજ નહી અને તેમાં કોઈ પરિવર્તન પણ જોવા મળતું નથી.

**પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં જાતિદરનું પ્રમાણ:**





ગુજરાત રાજ્યમાં જાતિગુણોત્તર દર ૨૦૧૧ પ્રમાણે ૯૧૯ની તુલનામાં પંચમહાલ જિલ્લાનો જાતિ ગુણોત્તર દર ઉચો છે અને દસકમાં સુધારો થયો છે. આદિવાસી તાલુકામાં જિલ્લાની તુલનામાં જાતિદર નીચો છે જોકે ઘોઘંબામાં દસકમાં જાતિદરમા વધારો થયો છે જયારે જાંબુઘોડામાં દશકમાં ઘટાડો થયો છે જોકે રાજ્યના દર કરતા બન્ને આદિવાસી તાલુકાનો જાતિદર ઉચો છે.

**પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં અક્ષરજ્ઞાનના દરનું પ્રમાણ:**


**કોષ્ટક – 10: પંચમહાલ જીલ્લામાં અને અનુસુચિતજન જાતિ તાલુકામાં અક્ષરજ્ઞાનના દરનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક (2011 વસ્તી ગણતરી અનુસાર)**

| | જીલ્લો/તાલુકા | સ્ત્રીઓ | પુરુષો | કુલ |
|---|---|---|---|---|
| પંચમહાલજીલ્લા | કુલ વસ્તીમા અક્ષરજ્ઞાન | 398087 | 589464 | 987551 |
| | સાક્ષરતા દર | 58.54 | 82.40 | 70.77 |
| | અનુસુચિતજન જાતિમા અક્ષરજ્ઞાન | 60996 | 96859 | 157855 |
| | અનુસુચિતજન જાતિમા સાક્ષરતા દર | 40.94 | 62.49 | 51.92 |
| ઘોઘંબા | કુલ વસ્તીમા અક્ષરજ્ઞાન | 106581 | 66192 | 40389 |
| | સાક્ષરતા દર | 45.09 | 70.90 | 58.26 |
| | અનુસુચિતજન જાતિમા અક્ષરજ્ઞાન | 13377 | 21195 | 34572 |
| | અનુસુચિતજન જાતિમા સાક્ષરતા દર | 36.84 | 56.07 | 46.65 |
| જાંબુઘોડા | કુલ વસ્તીમા અક્ષરજ્ઞાન | 9203 | 14366 | 23569 |
| | સાક્ષરતા દર | 51.02 | 76.47 | 64.00 |
| | અનુસુચિતજન જાતિમા અક્ષરજ્ઞાન | 2287 | 3935 | 6222 |
| | અનુસુચિતજન જાતિમા સાક્ષરતા દર | 37.10 | 60.09 | 48.94 |





પંચમહાલ જિલ્લા અને બન્ને આદિવાસી તાલુકાઓમાં કુલ વસ્તી કરતા અનુસુચિત જનજાતિ વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ પ્રમાણમાં ઘણું ઓછું છે.

**અનુસુચિત જનજાતિમા સાક્ષરતામાં દશક દરમિયાન આવેલ પરિવર્તન:**




પંચમહાલ જિલ્લાની અ.જનજાતિની સાક્ષરતામા દાયકામાં નોંધપાત્ર પરિવર્તન થયું છે વિશેષ કરીને સ્ત્રીઓના સાક્ષરતાના દરમાં ૧૨.૧૪નો વધારો થયો છે કુલ સાક્ષરતા દરમાં પણ વધારો થયો છે. આદિવાસી તાલુકાઓમાં ઘોઘંબામાં સાક્ષરતાનો દર ઘણો જ નીચો છે જોકે દશક દરમિયાન તેમાં નોંધ પાત્ર વધારો થયો છે કુલ સાક્ષરતા દર ૧૯.૦૫નો વધારો થયો છે. સ્ત્રીઓના સાક્ષરતા દરમાં બમણા કરતા વધુ વધારો થયો છે. ઘોઘંબાની તુલનામાં જાંબુઘોડામાં સાક્ષરતાનો દર ઉચો છે પરંતુ ઘોઘંબામાં જે દરે સાક્ષરતાના દરમા વધારો થયો તેની તુલનામાં જાંબુઘોડામાં ઓછો વધારો થયો છે.




પંચમહાલ જિલ્લામાં અને તેના આદિવાસી તાલુકા ઘોઘંબા અને જાંબુઘોડામાં કુલ વસ્તીમાં અનુસુચિત જનજાતિનું પ્રમાણ ૪૦% થી ૩૫% જેટલું જોવા મળે છે.વસ્તી વિષયક લાક્ષણિકતાઓમાં ઘણો તફાવત જોવા મળે છે ખાસ કરીને વિકસિત ગુજરાતના એક દશકના પરિવર્તનો અને પંચમહાલના આદિવાસી તાલુકાની આદિવાસી વસ્તીના પરિવર્તનો વચ્ચે નોંધપાત્ર તફાવત છે વસ્તી વિકાસમાં પોતાનો હિસ્સો ક્યારે આપી શકે જયારે તે શિક્ષિત હોય કૌશલ્યવન હોય પરંતુ આદિવાસી વસ્તીમાં સાક્ષરતાનું

પ્રમાણ ૫૦% થી નીચું છે અને તેમાં પણ સ્ત્રી સાક્ષરતા ૩૫% ની આસપાસ છે ઉપરાંત દશકમાં વસ્તીમા વૃદ્ધિદર જીલ્લા કરતા ઘોઘંબા તાલુકામાં વધુ છે અને વધતી વસ્તીની સાથે રોજગારીના ક્ષેત્રોમાં માત્ર કૃષિ છે અને વધતી વસ્તી માથાદીઠ જમીનમાં ઘટાડો જ લાવે છે આમ વસ્તી વિકાસ માટે ઉપયોગી બને તે હેતુથી કેટલીક તાલીમની અને રોજગારીના વિકલ્પોની આવશ્યકતા છે.

**ઉપસંહાર** :

પ્રસ્તુત પ્રકરણમાં જિલ્લાનો પ્રાથમિક પરિચય રજુ કરાયો છે તેમાં જીલ્લામાં જમીન વિભાજન અને આદિવાસી વિસ્તારમાં જમીન વપરાશ વચ્ચેનો તફાવત, પંચમહાલમાં કુદરતી સંસાધનોનું પ્રમાણ તેમજ આંતર માળખાકીય સુવિધાની સ્થિતિ દર્શાવવામાં આવે છે ઉપરાંત જીલ્લાની સામાન્ય વસ્તીની લાક્ષણિકતાઓ અને આદિવાસી વસ્તીની લક્ષ્નીકતા અને તેની વચ્ચેના તફાવતને રજુ કરવામાં આવેલ છે.

# પ્રકરણ-4

# જિલ્લાનો ક્ષેત્રીય વિકાસ અને પડકારો

1 પ્રસ્તાવના

2 કૃષિ અને નીપજકોની સ્થિતિ અને સમસ્યા

3 કૃષિ આનુસંગિક ક્ષેત્રો : પશુપાલન, મરઘા-બતકા, માછીમારી સ્થિતિ અને સમસ્યા

4 ઉદ્યોગ : મોટા, કુટિર-નાના અને ગૃહ ઉદ્યોગ,ખનન ઉદ્યોગ, સહકારી એકમો સ્થિતિ અને સમસ્યા

5 સેવાક્ષેત્ર : બેંકિંગ સ્થિતિ અને સમસ્યાઓ

6 આદિવાસીઓમાં રોજગારીની સ્થિતિ અને સમસ્યાઓ

## પ્રસ્તાવના

પંચમહાલ જીલ્લા અને તેના આદિવાસી તાલુકાના ક્ષેત્રીય વિકાસ અને તેના પડકારોને પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચવામાં આવેલ છે તેમાં કૃષિ,ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર જીલ્લા અને તાલુકા અનુસાર અને તેની સમક્ષના પડકારો વિગતે રજુ કરાયા છે

- કુદરતી સંસાધનની મર્યાદા વિશેષ પાણી
- ઔદ્યોગિક ઉત્પાદન વધવા છતાં શ્રમની માંગમા ઘટાડો
- વિશેષ કૌશલ્યનો અભાવ
- અનુસુચિત જનજાતિમાં સાક્ષરતાનું નીચું પ્રમાણ
- સેવા ક્ષેત્રનો માર્યાદિત વિકાસ
- સહકારી ક્ષેત્રનો માર્યાદિત વિકાસ

### કૃષિ:

ભારતમાં લાખો લોકોની આજીવિકા કૃષિક્ષેત્ર પર આધારિત છે કે જે ક્ષેત્ર સ્થાનિક કુદરતી સંસાધન પર આધારિત છે.દર વર્ષની અક્ષય તૃતીયા પર ગુજરાતમાં કૃષિમહોત્સવ ઉજવવામાં આવે છે. આ મહોત્સવ મહિના સુધી ચાલેછે તેમાં જિલ્લાના દરેકે દરેક ગામમાં સુધારેલા બિયારણનું મહત્વ અને તેના ઈષ્ટ વપરાશની સમજ આપવામાં આવે છે. પંચમહાલમા કૃષિ મોટાભાગના લોકોની આજીવિકા માટેનો મહત્વનો સ્રોત છે. ૨૦૧૧ના સેન્સસ અનુસાર કામકરતા લોકોમાં ૭૫.૮૮ ટકા લોકો આજીવિકા માટે કૃષિક્ષેત્રે આધારિત હતા જયારે ગુજરાતની કુલ કામકરતી વસ્તીના ૪૯.૬૧ ટકા લોકો જ કૃષિ ક્ષેત્રે રોજગાર મેળવે છે. કુલ કામકરતી વસ્તીના કેટલા લોકો ખેડૂત છે અને કેટલા ખેતમજૂર તે નીચેના ટેબલમાં આપેલ છે.

**કોષ્ટક – 1: ૨૦૧૧ પ્રમાણે કામ કરતી વસ્તીમાં ખેડૂત અને ખેતમજૂરોનું પ્રમાણ**

| ક્રમ | ક્ષેત્ર | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧ | ખેડૂત | 456768 | 344154 | 112614 |
| ૨ | ખેતમજૂર | 376038 | 149336 | 226702 |
| ૩ | કુલ | **832806** | **493490** | **339316** |

પંચમહાલ જિલ્લામાં કૃષિ ઉત્પાદન મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર આધારિત છે તેમજ હવામાનની લાક્ષણિકતાના આધારે મધ્ય ગુજરાત પેટા અગ્રોકલાઈમેટીક ઝોનમા વિભાજીત છે. પંચમહાલ જિલ્લામાં મુખ્ય ધાન્ય પાકો ચોખા, મકાઈ, અને ઘઉં છે, તેમજ કઠોળ, તેલીબિયાં અને અખાદ્ય પાકો પણ અહી ઉત્પન્ન થાય છે તે નીચેના કોષ્ટકમા દર્શાવેલ છે.

**વાવેતર હેઠળનો વિસ્તાર**

પંચમહાલ જિલ્લામાં કૃષિ એક મુખ્ય વ્યવસાય છે કુલ જમીનના ૭૬.૮૭ ટકા જમીન ચોખ્ખો વાવતર વિસ્તાર છે. જયારે ઘોઘંબા અને જાંબુઘોડામાં અનુક્રમે ૮૬.૭૮ અને ૯૫.૦૭ ટકા જમીનમા વાવેતર થાય છે આમ જાંબુઘોડામાં સૌથી વધુ જમીનમાં વાવેતર થાય છે.

**કોષ્ટક – 2: જિલ્લા અને આદિવાસી તાલુકાનો વાવેતર વિસ્તાર(હેકટરમાં) (૨૦૧૬-૧૭)**

| ક્રમ | જિલ્લા/તાલુકાનું નામ | ખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર | ટકાવારી | અખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર | ટકાવારી | કુલ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | **પંચમહાલ** | 188064 | 80.79 | 44711 | 19.21 | 232775 |
| ૨ | **ઘોઘંબા** | 32395 | 90.02 | 3590 | 9.98 | 35985 |
| 3 | **જાંબુઘોડા** | 5207 | 57.16 | 3902 | 42.84 | 9109 |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર જિલ્લામાં ખાદ્યપાકોનું વાવેતર ઉચા પ્રમાણમા થાય છે તેમાં મુખ્યત્વે મકાઇ, ચોખા અને ઘઉં છે. આદિવાસી તાલુકા પૈકી ઘોઘંબામાં અખાદ્ય પાકોના વાવેતરનું પ્રમાણ નજીવું છે મુખ્યત્વે ખાદ્ય પાકોનુંજ વાવેતર છે જયારે જાંબુઘોડામાં અખાદ્ય પાકોનું વાવેતર ઉચા પ્રમાણમાં થાય છે.


**ખાદ્ય-અખાદ્ય પાકો અનુસાર વાવેતર વિસ્તાર(હેકટરમાં)૨૦૧૭-૧૮**


પંચમહાલમાં ખાદ્ય પાકોમાં ધાન્યમાં મકાઈ મુખ્ય પાક છે સાથે સાથે ડાંગર અને ઘઉં,નું ઉત્પાદન લેવામાં આવે છે. બાજરીનું પ્રમાણ નજીવું છે. કઠોળમા તુવેરનું ઉત્પાદન ખુબ વધુ છે જયારે બીજા કઠોળનું પ્રમાણ અલ્પ છે જેમકે ચણા, મગ અને અન્ય કઠોળ. ફળ ફૂલની ખેતી પણ કેટલાક પ્રમાણમાં થાય છે.

**કોષ્ટક – 3:**

| વાવેતર વિસ્તાર | પંચમહાલ | ઘોઘંબા | જાંબુઘોડા |
|---|---|---|---|
| **કુલ અનાજ** | 144807 | 23635 | 3475 |
| **કુલ કઠોળ** | 22666 | 5559 | 510 |
| **અન્ય કરીયાણા અને મસાલા** | 2267 | 610 | 118 |
| **ફળ** | 5117 | 808 | 630 |
| **ફૂલ** | 634 | 70 | 54 |

| વાવેતર વિસ્તાર | પંચમહાલ | ઘોઘંબા | જાંબુઘોડા |
|---|---|---|---|
| **શાકભાજી** | 12573 | 1713 | 420 |




ઘોઘંબા અને જાંબુઘોડાના ખાદ્યપાકોના વાવેતર વિસ્તારમાં ઘોઘંબાની તુલનામાં જાંબુઘોડાનો વાવેતર વિસ્તાર ઓછો છે તેમ છતાં ત્યાં ઉત્પાદનમાં વૈવિધ્ય વધારે છે ખાદ્યપાકોમાં અનાજ અને કઠોળના પ્રમાણ કરતા ફળ અને શાકભાજીનું ઉત્પાદન વધારે છે. જયારે ઘોઘંબામાં અનાજ અને કઠોળનું વાવેતર વિશેષ પ્રમાણમાં છે તેમાં ફળ,ફૂલનું પ્રમાણ ઓછું છે.

**અખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર**

પંચમહાલમા અખાદ્ય પાકોમાં મુખ્યત્વે કપાસ, ખાદ્ય તેલીબિયામાં સોયાબીન મુખ્ય છે સાથે સાથે તલ અને મગફળીનું ઉત્પાદન પણ થોડા પ્રમાણમાં જોવા મળે છે. રાઈનું ઉત્પાદન જિલ્લામાં કેટલાક તાલુકામાં છે આદિવાસી તાલુકામાં નથી. અખાદ્ય તેલીબિયામાં એરંડા જ છે  અખાદ્ય પાકોમાં તમાકુ અને ઘાસચારાની ખેતી થાય છે.

**કોષ્ટક – 4:**


| તાલુકા/જિલ્લા | રેસાવાળા પાક (કપાસ) | ખાદ્ય તેલીબિયાં (સોયાબીન,તલ,મગફળી,રાઈ) | અખાદ્ય તેલીબિયાં (એરંડા) | અખાદ્ય પાકો (તમાકુ,ઘાસચારો) |
|---|---|---|---|---|
| **પંચમહાલ** | 10758 | 4263 | 4691 | 24999 |
| **ઘોઘંબા** | 1023 | 440 | 42 | 2085 |
| **જાંબુઘોડા** | 2775 | 251 | 10 | 866 |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર પંચમહાલ જિલ્લામા અખાદ્ય પાકોના વાવેતર વિસ્તારમાં સૌથી વધુ અખાદ્ય પાકોમાં ઘાસચારાનું પ્રમાણ સૌથી વધુ છે તમાકુનું પ્રમાણ માત્ર ૫૩૧ હેક્ટર છે બાકીના ૨૪૪૬૮ હેકટરમાં માત્ર ઘાસચારાનું વાવેતર થાય છે. જે પશુપાલનનું ઉચું પ્રમાણ દર્શાવે છે, બીજું સૌથી વધુ ઉત્પાદન કપાસનું છે. ખાદ્ય તેલીબિયામાં સોયાબીન, મગફળીનું ઉત્પાદન વધુ છે તલ અને રાઈ કેટલેક જ તાલુકામાં થાય છે.

ઘોઘંબાની તુલનામાં રેસાવાળા પાકોમા કપાસનું વાવેતર જાંબુઘોડામાં વધારે છે તેનું કારણ પિયત છે જમ્બુઘોડાના કુલ વાવેતર વિસ્તારના ૪૦ ટકા પિયત હોવાથી ત્યાં આ પાક લેવા વધુ શક્ય બને છે જયારે ઘોઘંબા જિલ્લાની સૌથી ઓછી પિયત ધરાવતો તાલુકો હોવાથી ત્યાં પાકનું વૈવિધ્ય પણ જુદા પ્રકારનું છે ત્યાં ઓછા પાણીના પાકો કઠોળ અને અરંડા વધુ છે વળી પશુપાલનના કારણે ઘાસચારાનું પ્રમાણ પણ ઘોઘંબામાં વધુ છે.

**કોષ્ટક – 5: પંચમહાલમાં પાકતરાહમા આવેલ પરિવર્તનો:**

| **ઘોઘંબાની પાકતરાહમા આવેલ પરિવર્તન** | | | |
|---|---|---|---|
| ઉત્પાદન | 2014-15 | 2015-16 | 2017-18 |
| કુલ અનાજ | 21732 | 22801 | 23635 |
| કુલ કઠોળ | 5711 | 5498 | 5559 |
| કુલ તેલીબિયાં | 281 | 439 | 482 |
| અન્ય ખાદ્યપાકો | 185 | 982 | 3201 |
| અન્ય અખાદ્ય પાકો | 1178 | 3559 | 3108 |





ઉપરોક્ત કોષ્ટકમા સ્પષ્ટ થાય છે કે ઘોઘંબામા વર્ષ ૨૦૧૪-૧૫ની તુલનામાં અનાજ-કઠોળના ઉત્પાદનમાં વિશેષ તફાવત નથી પરંતુ અન્ય ખાદ્ય પાકો અને અને અન્ય અખાદ્ય પાકોમાં નોંધ પાત્ર વધારો થયો છે. અન્ય ખાદ્યપાકોમાં ફળ, ફૂલના વાવેતરમાં વધારો થયો છે. તેમજ અન્ય અખાદ્ય પાકોમાં કપાસનું વાવેતરમા ફેરફાર ઓછો છે જયારે પશુઓના ઘાસચારાના વાવેતરમાં નોંધપાત્ર વધારો થયો છે.

## જાંબુઘોડાની પાકતરાહમા પરિવર્તન

**કોષ્ટક – 6:** જાંબુઘોડામા પાક તરાહમા આવેલ પરિવર્તન નીચેના કોષ્ટક પરથી સમજી શકાય

| જાંબુઘોડાની પાકતરાહમા આવેલ પરિવર્તન | | | |
|---|---|---|---|
| **ઉત્પાદન** | **2014-15** | **2015-16** | **2017-18** |
| **કુલ અનાજ** | 2682 | 3069 | 3475 |
| **કુલ કઠોળ** | 549 | 459 | 510 |
| **કુલ તેલીબિયાં** | 150 | 145 | 261 |
| **અન્ય ખાદ્યપાકો** | 235 | 422 | 1222 |
| **અન્ય અખાદ્ય પાકો** | 2410 | 4041 | 3641 |




જાંબુઘોડા તાલુકાની પાક તરાહમા ૨૦૧૪-૧૫ થી ૨૦૧૭-૧૮સુધીમાં નોંધ પાત્ર ફેરફાર થયા છે તમામ પાકના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે.ખાસ કરીને અખાદ્યપાકનું પ્રમાણ અનાજના ઉત્પાદનથી પણ વધુ છે. તેમાં પશુપાલન માટે ઘાસચારામાં અને કપાસના ઉત્પાદનમાં વધારો થયો છે વાડી આ વિસ્તારમાં અન્ય ખાદ્ય પાકોમાં ફળ અને ફૂલની ખેતી ૨૦૧૪-૧૫મા હતી જ નહી તે શરુ થઇ અને તેનું પ્રમાણમા વધારો થયો છે. તેલીબિયાના ઉત્પાદનમાં વધારો થયો જયારે કઠોળના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. જાંબુઘોડામાં પિયતની સુવિધા હોવાથી બગયાતનું પ્રમાણ વધ્યું છે.

### પંચમહાલ જીલ્લાના અને આદિવાસી તાલુકામાં સિંચાઈનું પ્રમાણ

જિલ્લામાં એકંદરે વરસાદનું પ્રમાણ ઓછું રહે, જોકે જિલ્લામાં અને આસપાસના વિસ્તારમાં નર્મદા નહેર, પાનમ ડેમ, કરાદ ડેમ સિચાઈના મુખ્ય સ્રોત છે. પંચમહાલ જિલ્લાનો ચોખ્ખો સિંચિત વિસ્તાર ૬૮૫૫૭ હેક્ટર છે. કુલ વાવેતર વિસ્તારના ૩૯.૯૪ ટકા વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે. જેમાં સૌથીવધુ ૫૮.૩૯ ટકા મોરવા તાલુકામાં અને સૌથી ઓછી ઘોઘંબા તાલુકામાં નોંધાયેલ છે. આ ઉપરાંત જિલ્લામાં ખેતીલાયક વાવેતર વિસ્તાર પૈકી ૪૨૮૬ હેક્ટર વિસ્તારમાં માઈક્રો ઈરીગેશન સિસ્ટમ ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલ છે જિલ્લો પાણીની અછતના કારણે ટપક સિંચાઈ વ્યવસ્થા અપનાવવામાં અગ્રસર રહ્યો છે.

**કોષ્ટક – 7: જિલ્લામાં સાધન અનુસાર સિચાઈનું પ્રમાણ**

| પંચમહાલ જિલ્લામાં સાધન અનુસાર સિચાઈનું પ્રમાણ | |
|---|---|
| સાધન | વિસ્તાર (હેકટરમાં) |
| નહેર | 23312 |
| કુવા | 21760 |
| અન્ય | 9278 |

**સિંચાઈ વ્યવસ્થા**

જિલ્લામાં નહેર સિવાય તળાવ, ચેકડેમ, અને અનુશ્રવણ તળાવ દ્વારા પણ સિંચાઈ કરવામાં આવે છે તેનું પ્રમાણ નીચેના કોષ્ટક પરથી જાની શકાય.

**કોષ્ટક – 8:**

| પંચમહાલ જિલ્લામાં સાધન અનુસાર સિચાઈનું પ્રમાણ | |
|---|---|
| **સાધન** | **વિસ્તાર (હેકટરમાં)** |
| **તળાવ** | 5203 |
| **ચેકડેમ** | 4090 |
| **અનુશ્રવણ તળાવ** | 380 |
| **કુલ** | 9673 |

આમ પંચમહાલ જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારના ૩૯.૯૪ ટકા જમીન સિંચિત છે તેમા નહેર અને કુવા દ્વારા થતી સિંચાઈ સૌથી વધુ છે. તાલુકા અનુસાર જોઈએ તો મોરવા તાલુકામાં સૌથી વધુ કુલ ૫૮.૩૯ ટકા વિસ્તાર સિંચિત છે એટલે કે ૫૦ ટકાથી વધુ સિંચાઈ ધરાવતા બે તાલુકા મોરવા અને શહેરા, ૪૦ ટકાથી વધુ સિંચાઈ ધરાવતા તાલુકા ત્રણ છે ગોધરા, કલોલ અને જાંબુઘોડા. સૌથી ઓછી સિંચાઈ ધરાવતા બે તાલુકા છે હાલોલ અને ઘોઘંબા તેમાં સિંચિત વિસ્તારનું પ્રમાણ ૨૦ થી ૨૫ ટકા જેટલું જ છે.

**આદિવાસી તાલુકામાં સિંચાઈનું પ્રમાણ**

**કોષ્ટક – 9:**

| તાલુકો /જિલ્લો | કુલ ચોખ્ખો સિંચિત વિસ્તાર | વાવેતર વિસ્તારમાં સિંચિત વિસ્તાર ટકામાં | સાધનવાર સિંચિત વિસ્તાર | | | | એક કરતા વધુ વખત સિંચિત વિસ્તાર | કુલ એકંદરે સિંચિત વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | નહેર | તળાવ | કુવા | અન્ય | | |
| **પંચમહાલ** | 68557 | 39.94 | 23312 | 14115 | 21760 | 9278 | 16530 | 84995 |
| **ઘોઘંબા** | 6382 | 22.78 | 1702 | 982 | 3132 | 566 | 458 | 6840 |
| **જાંબુઘોડા** | 2553 | 40.61 | 0 | 756 | 971 | 826 | 2652 | 5205 |

પંચમહાલ જિલ્લામાં એકંદરે સિંચિત વિસ્તાર ૪૦ ટકા જોવેઓ છે તેમાં નહેર દ્વારા સિંચાઈ સૌથી વધુ છે ત્યારબાદ કુવા દ્વારા થતી સિંચાઈ છે એટલે કે ભૂગર્ભ જળનો સિંચાઈ માટે મોટી માત્રામાં ઉપયોગ

થાય છે. જોકે ઘોઘંબા કરતા જાંબુઘોડામા સિંચિત વિસ્તારનું પ્રમાણ વધુ છે તેમાં નહેર દ્વારા સિંચાઈ નથી પણ અન્ય સ્રોત દ્વારા સિંચાઈ વધુ છે પાણીની ઉપલબ્ધીના કરને ત્યાં બાગાયત પાકોના પ્રમાણમાં વધારો થયો છે. જયારે ઘોઘંબામાં સિંચાઈ ઓછી હોવાથી ત્યાં ઓછા પાણીના પાક વધુ પ્રમાણમાં લેવાય છે.

**પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકામાં કૃષિક્ષેત્રે યાંત્રિકરણ**

સમગ્ર ગુજરાતમા કૃષિ ક્ષેત્રે આધુનિકતા વધે તે માટે કૃષિ મહોત્સવની શરૂઆત કરી છે તે અંતર્ગત કૃષિ વૈજ્ઞાનિકો, પશુપાલનના નિષ્ણાંતો અને બાગાયત વિષયના નિષ્ણાંતો દ્વારા કૃષિ, પશુપાલન અને બાગાયત વિષયના સંદર્ભમાં માર્ગદર્શન માટે વ્યાખ્યાન તેમજ કૃષિ સેમીનાર, પ્રદર્શન, પ્રગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન પ્રદાન થાય છે. ઉપરાંત રાજ્યમાં સરકાર દ્વારા યાંત્રિકરણમા વધારો થાય તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે તે અંતર્ગત એ.જી.આર.-૫૦ યોજનામા ખેડૂતોને ટ્રેક્ટર દ્વારા ખેતી કરવા માટે ૨૦૧૭-૧૮ના વર્ષમા ૭૮ લાખ ફાળવવામાં આવેલ તેમાં ૧૭૩ ખેડૂતો ખાતેદારોને સહાય ફાળવવામાં આવેલ.

તેમજ ખેડૂતોને વિવિધ સાધન સહાય સીધી પહોચાડી શકાય તેના માટે આઈ.ખેડૂત.પોર્ટલ. યોજના શરૂ કરી છે તેમાં ખેડૂતો ઓનલાઈન અરજી કરી તેની પાત્રતા ચકાસી યંત્ર, મશીનરી, અને અન્ય સામગ્રી માટે તેને સીધી સહાય આપવામાં આવે છે. ૨૦૧૭-૧૮માં આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા કુલ ૧૭૮૭ ખેડૂતોને રૂ.૨૦૧.૮૯ લાખની સહાય ચુકવવામાં આવી હતી.

સંકલિત બાગાયત વિકાસ માટેના કાર્યક્રમ માટેની યોજના અંતર્ગત શાકભાજી પાકના મંડપ, પાક સંરક્ષણના સાધનો, મીની ટ્રેક્ટર અને ડ્રીપ ઈરીગેશન માટેના પાણીના ટાકા માટે વર્ષ ૨૦૧૭-૧૮ મા ૪૭૧ ખેડૂતોને રૂ.૫૦.૦૭ લાખની સહાય ચૂકવવામાં આવેલ.

નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાના ખેડૂતોને ખેતરમાંથી ઉતારેલ ફળ, અને શાક્ભાજીના શોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકેજીંગ માટે વર્ષ ૨૦૧૭-૧૮મા ૩૧૦૦ લાભાર્થીઓને રૂ.૨૩૬.૭૬ લાખની સહાય ચુકવવામાં આવી.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના વિકાસના બહુવિધ ઘટકો ધરાવતી યોજના છે જેમાં કૃષિનું યાંત્રીકરણ, જમીન સ્વાસ્થ્ય વૃદ્ધિ સંબંધિત પ્રવૃત્તિ, ખેત બિયારણમા સહાય, વિસ્તરણ સેવાના માળખાનો વ્યાપને વિસ્તૃત કરવું, જેવી બાબતોનો સમાવેશ થાય છે જોકે ૨૦૧૭-૧૮ વર્ષ દરમિયાન આ યોજનામા કોઈ ખર્ચ થયેલ નથી.

**મૂલ્યવૃદ્ધિ:**

પંચમહાલ જિલ્લામાં ખેતપેદાશોના મૂલ્યવૃદ્ધિ કરતા ઉત્પાદક એકમોમાં ખાદ્ય બનાવટોનું ઉત્પાદન કરતા ૧૦૪ કારખાના છે તે પૈકી ૬૩ કારખાના ચાલુ છે જયારે ૪૧ કારખાના બંધ છે. પીણાના ઉત્પાદન

કરતા ૩ એકમો છે તે ચાલુ છે. અને તમાકુનું ઉત્પાદન કરતા ૨ એકમો છે પરંતુ તે વર્તમાન સમયમાં કાર્યરત નથી. આમ કુલ મૂલ્ય વૃદ્ધિ કરતા એકમો ઓછા છે.

કૃષિ ક્ષેત્રના પડકારો

- જિલ્લામાં કુલ વસ્તી પૈકી ૭૫ ટકા વસ્તી અને આદિવાસી વસ્તીમાં ૮૦ ટકા વસ્તી કૃષિ ક્ષેત્રે રોજગાર પ્રાપ્ત કરે છે ત્યારે કૃષિ ક્ષેત્રે આવક વૃદ્ધિ આવશ્યક છે ઉત્પાદનની દ્રષ્ટીએ જીલ્લામાં સારી પ્રગતી જોઈ શકાય ધાન્ય પાકોની સાથે સાથે બાગાયત અને કઠોળના ઉત્પાદનમાં પણ નોંધ પત્ર વૃદ્ધિ થઇ છે પરંતુ **આવક વૃદ્ધિ** તુલનાત્મક રીતે અલ્પ છે વિશેષ આદિવાસી જૂથોમાં.
- ઘોઘંબામાં સિંચિત વિસ્તાર માત્ર ૨૨.૭૮ ટકા જ છે
- કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ માટે તેનું રૂપાંતરણ કરવું આવશ્યક છે પરંતુ તે દિશામાં કોઈ કાર્ય થયું નથી.
- બાગાયત પાકોનું ઉત્પાદન વધ્યું છે પરંતુ તેના સંગ્રહ માટે કોઈ વ્યવસ્થા થઇ શકી નથી.
- જીલ્લામાં શાકભાજીનું ઉત્પાદન ઉચું છે પરંતુ તેમાં મૂલ્ય વૃદ્ધિ અને તેને બાહ્ય બજાર સાથેના જોડાણમાં કોઈ પગલા ભરવામાં આવેલ નથી.

**પશુપાલન,ડેરી, અને મત્સ્યપાલન**

ગ્રામીણ વિસ્તારમાં પશુપાલન ખેતી સાથે પૂરક વ્યવસાય તરીકે બહોળા પ્રમાણમાં અપનાવાયેલ છે. આજે પણ જયારે કૃષિ વરસાદ પર આધારિત છે ત્યારે અનિશ્ચિતતાના સમયમાં મરઘાબતકા ઉછેર અને મત્સ્યપાલન આજીવિકાના અન્ય સ્રોત છે. ૧૯માં પશુધન ગણના(19th Livestock census) જે ૨૦૧૨માં હાથ ધરી તે અનુસાર પંચમહાલ જિલ્લામાં પશુઓના પ્રમાણમા થયેલ ફેરફાર જાણી શકાય.

**કોષ્ટક – 10:**

| પંચમહાલ જિલ્લામાં પશુઓનું પ્રમાણ | | | | | |
|---|---|---|---|---|---|
| **પંચમહાલ** | **વર્ષ** | | | **ફેરફાર % (2003-2007)** | **ફેરફાર % (2007-2012)** |
| | **2003** | **2007** | **2012** | | |
| **કુલ પશુધન** | 1687302 | 1684730 | 2009039 | -0.15 | 19.25 |
| **કુલ મરઘા-બતકા** | 410532 | 481557 | 539059 | 17.30 | 11.94 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય કે પંચમહાલ જિલ્લામાં પશુઓનું પ્રમાણ ૨૦૦૩, ૨૦૦૭, અને ૨૦૧૨મા જોઈએ તો ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી કુલ પશુઓના પ્રમાણમા કોઈ ફેરફાર નથી પરંતુ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં તેમાં ૧૯.૨૫ ટકાનો વધારો થયો છે તેમજ કુલ મરઘા-બતકાની  સંખ્યામા વધારો થયો છે આ પ્રમાણના આધારે કહી શકાય કે પશુપાલનના ક્ષેત્રમાં આ વિસ્તારમાં સારો અવકાશ છે તે અંગે સરકાર દ્વારા પણ વિવિધ યોજના હાથ ધરવામાં આવેલ છે, જો કે આ સમગ્ર જીલ્લાના સંદર્ભે યોગ્ય છે

પરંતુ આદિવાસી તાલુકાઓમાં પશુ પાલનની સ્થિતિ શું છે તે સમજવા આદિવાસી તાલુકામાં પશુઓનું પ્રમાણ જોઇએ તો જાણી શકાય.

**આદિવાસી તાલુકાઓમાં પશુપાલન** :

સામાન્ય રીતે કૃષિ સાથે પશુપાલન આનુસંગિક ક્ષેત્ર તરીકે પરમ્પરાગત રીતે વિકસેલ જોવા મળે પરંતુ આદિવાસીઓમાં દૂધ દૈનિક ખોરાકનો હિસ્સો નથી પરિણામે પશુપાલન વ્યાપક રીતે વિકસ્યું નથી વળી જિલ્લામાં ક્યાય દૂધની બનાવટોનો વ્યવસાય આજે પણ વિકસ્યો નથી. આદિવાસી તાલુકા વાર પશુઓનું પ્રમાણ જોઈએ.

**કોષ્ટક – 11:**

| આદિવાસી તાલુકાઓમાં દુધાળા પશુઓનું પ્રમાણ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ગાય (સ્થાનિક) | | ગાય (સંકર) | | ભેસ | | |
| **તાલુકા** | **૨.૫ વર્ષના માદા પશુ** | **યુવાન પશુધન** | **૩ વર્ષ સુધીના માદા** | **યુવાન પશુધન** | **૩ વર્ષ સુધીના માદા** | **યુવાન પશુધન** | કુલ |
| **ઘોઘંબા** | 9801 | 53748 | 1527 | 3187 | 19784 | 30305 | 118352 |
| **જાંબુઘોડા** | 1864 | 10149 | 661 | 1693 | 5031 | 6455 | 25853 |

પંચમહાલ જિલ્લામાં સૌથી ઓછું પશુધન જાંબુઘોડા તાલુકામાં છે જયારે તેની તુલનામાં ઘોઘંબામાં પશુધનનું પ્રમાણ વધુ છે. જિલ્લાના આંકડા અનુસાર છેલ્લા કેટલાક વર્ષોમાં પશુધનનું પ્રમાણ વધ્યું છે. સરકાર પણ પશુપાલન વધારવા વિવિધ યોજના અમલમાં મૂકી છે તેના કારણે પણ પશુપાલનમા વૃદ્ધિ થય છે. ઘોઘંબા અને જાંબુઘોડા બન્ને તાલુકામાં દેશી ગાયનું પ્રમાણ વધારે છે, જયારે શંકર જાતિના પશુઓનું પ્રમાણ ઓછું છે અને વિદેશીપશુતો છે જ નહી, ભેસનું પ્રમાણ પણ ઓછું છે. એટલે કે આ તાલુકાઓમાં પશુપાલનને વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવતું નથી.

પંચમહાલ જિલ્લામાં સહકરી ડેરી વિકસી છે પરંતુ જાંબુઘોડામા આખા જિલ્લામાં સૌથી ઓછી ડેરી ૪૩ જ છે જે પશુપાલનનું ઓછું પ્રમાણ બતાવે છે. જયારે ઘોઘંબામાં ૧૩૫ ડેરી છે. ડેરીના વિકાસ સાથે પશુપાલન માટેની સંસ્થાઓમા પશુચિકિત્સાલય ઘોઘંબામા બે અને જાંબુઘોડામાં એક છે જે પશુઓના રસીકરણના કામ પશુ સારવાર અંગેના કામ કરે છે.

**કોષ્ટક – 12:**

| **આદિવાસી તાલુકામા દુધનો જથ્થો, સહકરી મંડળીઓ, અને સ.મંડળીઓના સભ્યનું પ્રમાણ(2017-18)** | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | દૂધ સહકારી મંડળીનું પ્રમાણ | મંડળીમાં દૂધ ભરતા સભ્યોની સંખ્યા | વાર્ષિક એકત્રિત દુધનો જથ્થો |
| **1** | **ઘોઘંબા** | 135 | 17422 | 14485540 |
| **2** | **જાંબુઘોડા** | 43 | 5592 | 4530595 |

| આદિવાસી તાલુકામા દૂધનો જથ્થો, સહકરી મંડળીઓ, અને સ.મંડળીઓના સભ્યનું પ્રમાણ(2017-18) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | દૂધ સહકારી મંડળીનું પ્રમાણ | મંડળીમાં દૂધ ભરતા સભ્યોની સંખ્યા | વાર્ષિક એકત્રિત દુધનો જથ્થો |
| **3** | **પંચમહાલ** | 1085 | 136515 | 109803770 |

દૂધ ભરાવતા સભ્યોની સંખ્યા અને દૂધના ઉત્પાદનની માત્રા ઘણી ઊંચી છે. વાર્ષિક દુધનો જથ્થો પણ ઘણો ઉચો છે. પરંતુ દુધની બનાવટોમા કશું જ બનતું નથી તે અંગે અહી અવકાશ છે જો દુધની વિવિધ બનાવટો અંગે નાના પાયા પર તાલીમ આપવામાં આવે તો એક મૂલ્ય વૃદ્ધિની પ્રવૃત્તિ હાથ ધરી શકાય.

**મરઘાબતકા ઉદ્યોગ :**

પંચમહાલ જિલ્લામાં મરઘાબતકા ઉછેર પરંપરાગત રીતે થતો આવ્યો છે કૃષિક્ષેત્ર સંલગ્ન પ્રવૃત્તિ પૈકી આ પ્રવૃત્તિ આવકના એક સ્રોત તરીકે વિવિધ તાલુકાઓમાં પ્રસરી છે તાલુકા પ્રમાણે તેનું પ્રમાણ વિશેષ કરીને આદિવાસી તાલુકાઓમાં નીચે મુજબ છે.

**કોષ્ટક – 13:**

| આદિવાસી તાલુકા અને પંચમહાલ જિલ્લામાં મરઘાબતકાની સંખ્યા (૨૦૧૨ની વસ્તી ગણતરી મુજબ) | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકા/જિલ્લા | કુલ મરઘા-બતકની સંખ્યા | |
| | | ૨૦૦૭ | ૨૦૧૨ |
| **1** | **ઘોઘંબા** | 82517 | 67879 |
| **2** | **જાંબુઘોડા** | 5978 | 3498 |
| **3** | **પંચમહાલ** | 319849 | 366563 |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર ઘોઘંબા, જાંબુઘોડામા બન્ને પશુધન ગણતરીમા મરઘાબતકાની સંખ્યામાં ઘટાડો થયો છે જયારે પશુ ગાય-ભેસની સંખ્યામાં વધારો થયો છે જોકે પંચમહાલમાં મરઘા બતકાનો ઉછેર વૈજ્ઞાનિક ઢબે વ્યવસાયિક ધોરણે થતો નથી. પરંપરાગત રીતે થતો આવ્યો છે જોકે સમગ્ર જિલ્લામાં જોઈએ તો પાંચ વર્ષના સમયગાળામા થોડો વધારો થયો છે.

**મત્સ્યઉદ્યોગ :**

પંચમહાલ જિલ્લામાં દરિયાઈ વિસ્તાર એક પણ નથી પણ જુદા જુદા જળ સ્રોતમા કેટલાક પ્રમાણમાં માછીમારી કરવામાં આવે છે સમગ્ર જિલ્લામાં માછીમારી કરતું કુલ વસ્તી માત્ર ૭૦૬૧ જ છે તેમાં પણ સૌથી વધુ મોરવા તાલુકામાં છે. જોકે પૂર્ણ સમય માટે વ્યવસાય તરીકે માછીમારી કરતી વસ્તી સમગ્ર જિલ્લાની માત્ર ૧૬૬ જ છે ઘોઘંબામા પૂર્ણ સમય માટે માછીમારી કરતી વસ્તી માત્ર ૧૬ છે જયારે જાંબુઘોડામા એક પણ નથી અંશતઃ સમય માટે માછીમારી કરતી વસ્તીનું પ્રમાણ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક – 14:**

| પંચમહાલના આદિવાસી તાલુકાઓમાં મત્સ્યઉદ્યોગ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | માછીમાર લોકોની વસ્તી | મત્સ્યઉદ્યોગમા રોકાયેલ સભ્યો | માછીમારના વાહનોની સંખ્યા | મત્સ્યજાળની સંખ્યા | મત્સ્ય સહકારી મંડળીની સંખ્યા |
| 1 | ઘોઘંબા | 1512 | 245 | 94 | 930 | 5 |
| 2 | જાંબુઘોડા | 296 | 55 | 5 | 6 | 1 |
| 3 | પંચમહાલ | 7061 | 1092 | 763 | 7783 | 14 |

અહી એક બાબત એ પણ અગત્યની છે કે પંચમહાલ જિલ્લામાં આધુનિક માછીમારી નથી પરંપરાગત માછીમારી થાય છે જેમકે માછીમારીના વાહનમાં માત્ર બિન યાંત્રિક હોડીનો ઉપયોગ થાય છે વળી ઘોઘંબા અને જાંબુઘોડામા માછીમારોની સહકારી મંડળીઓ છે પરંતુ કુલ જમા ભંડોળનું પ્રમાણ ખુબ ઓછું છે. સાથે સાથે મત્સ્યઉદ્યોગના આનુસંગિક ઉદ્યોગોમાં આદિવાસી જિલ્લોમાં કોઈ ઉદ્યોગ નથી. તેથી આદિવાસી જિલ્લાઓમાં માછીમારી એક ગૌણ વ્યવસાય તરીકે કરવામાં આવે છે.


- પશુપાલન-ડેરી, મરઘા-બતકા, મત્સયપાલનના પડકારો
- પશુઓની સંખ્યાની તુલનામાં ઉત્પાદક્તાનું પ્રમાણ અલ્પ છે.
- ડેરી ક્ષેત્ર વિકસિત થયું છે પરંતુ દુધની બનાવટોમાં કોઈ પ્રગતી થઇ નથી તેથી આવક વૃદ્ધિ ન્યુનતમ છે.
- આદિવાસી વિસ્તારોમાં મરઘી-બતકા પાલનની સંખ્યામાં ઘટાડો થયો છે જે તેના વ્યવસાયિક ક્ષેત્રમાં ઘટાડો દર્શાવે છે.
- માછીમારીની સંભાવના ઘણી હોવાછતાં તે એક ગૌણ વ્યવસાય બની રહ્યું છે.

4.**દ્વિતીય ક્ષેત્ર (આવક અને સ્વ-રોજગારી તથા રોજગારી)**

- ખાણ અને ખનીજ

કોઈપણ વિસ્તારમાં ખાણ-ખનીજ ક્ષેત્રનો વિકાસ તેના કુદરતી સંસાધનો પર આધારિત છે. પંચમહાલ જિલ્લો ગુજરાતમાં ખાણ-ખનીજ ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે આવક અને રોજગારીના સંદર્ભે. જિલ્લાનો ભૌગોલિક ભૂ-ભાગ ટેકરીયાળ અને ખડકાળ છે અહીનો ખડક મુખ્યત્વે ચણતર માટે પથ્થર, કપચી, રેતી જેવા નિક્ષેપો પુરા પાડે છે જોકે અહી મુખ્ય ખનીજનું પ્રમાણ ઓછું છે જયારે ગૌણ ખનીજ વધારે માત્રમા મળે છે તેમાં પણ બ્લેક ટ્રેપ અને સાદી રેતી વિશેષ પ્રાપ્ત થાય છે. મુખ્ય ખનીજમાં મેગેનીઝ અને ગૌણ ખનીજમા ક્વાર્ટ્ઝ, ગ્રેનાઈટ, બ્લેકટ્રેપ, ક્વાર્ટ્ઝાઈટ, ઈટમાટી વગેરે મોટી માત્રામાં મળી આવે છે. સમગ્ર જિલ્લામાં ખાણ-ખનીજના કુલ ૩૧ એકમો છે સંગઠિત એકમો ૫ છે જયારે સ્વરોજગારના ૨૬ એકમો છે. તેમાં ૨૮ એકમો ગ્રામીણ ક્ષેત્રમાં છે જયારે ૩ જ એકમો શહેરી ક્ષેત્રમાં છે.

પંચમહાલ જિલ્લામાં ૨૦૧૭-૧૮ દરમિયાન મુખ્ય ખનીજનું ઉત્પાદન ૪૯૦૭૯ મેટ્રિક ટન થયેલ જેના ઉત્પાદનનું મૂલ્ય રૂ.૧૫૨૧હજાર હતું જયારે ગૌણ ખનીજનું ઉત્પાદન ૭૦૭૮૧૧૭ મેટ્રિક ટન ઉત્પન થયેલ તેનું ઉત્પાદિત મૂલ્ય રૂ.૩૧૨૩૪૪ હજાર હતું. વિવિધ ખનીજ ઉત્પાદનનું મૂલ્ય નીચે મુજબ છે.




**પંચમહાલ જિલ્લામાં ઉદ્યોગ**

પંચમહાલ જિલ્લામાં મુખ્ય ઉદ્યોગ ૧.રસાયણ અને રાસાયણિક પેદાશોનું ઉત્પાદન ૨.રબર, પ્લાસ્ટિક, રીફાઈન કરેલી કોક અને પેટ્રોલિયમની પેદાશો, ૩.વાહનવ્યવહારના સાધનો સિવાયની મશીનરી અને સાધનો ૪. કાચી ધાતુ અને મિશ્ર ધાતુ ઉદ્યોગ, ૫.પરિવહનની સામગ્રી અને તેના હિસ્સા

**ગૃહ/કુટીરઉદ્યોગ, નાના ઉદ્યોગ:**

આર્થિક આયોજનની શરૂઆતથી જ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિવિધ તાલુકોમાં ઔદ્યોગિક વસાહતો ઉભી કરવામા આવેલ.પંચમહાલના ગોધરા,હાલોલ, કાલોલમા ઔદ્યોગિક વસાહતો સફળતાથી વિકસી છે જાંબુઘોડામા પણ જીઆઇડીસી કાર્યરત છે પંચમહાલના ઉત્તરભાગના ઔદ્યોગિકીકરણ માટે શહેરામાં પણ જીઆઇડીસી વિકસાવવામાં આવી. જિલ્લાના લોકો માટે આજીવિકાની તકો અને રોજગાર માટે આ ક્ષેત્રનો વિકાસ ખુબ મહત્વનો છે.

**કોષ્ટક – 15:**

| જિલ્લામાં આવેલ ઔદ્યોગિક વસાહતો (GIDC)અને તેનો વિસ્તાર | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનુંનામ | ઔદ્યોગિક વસાહતનું નામ | સંપાદિત કરેલ જમીન (હેકટરમાં) | કુલ બંધાયેલ સેડ |
| 1 | ગોધરા | ગોધરા | 19.62 | 165 |
| 2 | હાલોલ | હાલોલ | 461.00 | 715 |
| 3 | કાલોલ | કાલોલ | 71.07 | 181 |
| 4 | જાંબુઘોડા | જાંબુઘોડા | 1.14 | 14 |
| 5 | શહેરા | શહેરા | 4.07 | 28 |
| | કુલ | | 557 | 1103 |

કોષ્ટક પરથી કહી શકાય કે પંચમહાલમાં સૌથી વધુ આદ્યોગિક વિકાસ માત્ર હાલોલ,કલોલ, અને ગોધરામાં થયો છે જયારે જાંબુઘોડા અને શહેરામા અલ્પ પ્રમાણમાં છે અને અન્ય તાલુકા આવક અને રોજગારી માટે ઉદ્યોગ સિવાયના ક્ષેત્ર પર આધારિત છે.આદિવાસી તાલુકા પૈકી માત્ર જાંબુઘોડામા જ ઔદ્યોગિક વસાહત છે જયારે ઘોઘંબામાં નથી.

નાના ઉદ્યોગમાં મુખ્ય મૂડીરોકાણ લેથ અને મશીનના સાધનોમાં થયેલું છે અને ૬૦ ટકા ઉત્પાદકોની સંખ્યા હાલોલ, કાલોલ, અને ગોધરા તાલુકામાં છે જિલ્લામાં ફૂડ પ્રોસેસિંગના સૌથી વધુ ઉત્પાદકો(૧૦૪) આ જિલ્લામાં છે.

**મુખ્ય ખાનગી ઉદ્યોગો:**

માધ્યમ અને મોટા ઉદ્યોગો પણ ગોધરા, હાલોલ, અને કાલોલ તાલુકાઓમાં વ્યાપક રીતે સ્થાપિત છે તેમાં જનરલ મોટર, મારુતિ કોઆત્સુ, આઈનોક્સ ઇન્ડિયા,એમ.જે.ફાર્માસ્યુટિકલ,પંચમહાલ સ્ટીલ,જીલ્લાના એન્જીનીયરીંગ ક્ષેત્રના મહત્વના ઔદ્યોગિક એકમો છે સ્ટીલ અને સ્ટીલ રેરોલીંગ, કેમિકલ,ફૂડ પ્રોડક્ટ પૈકી કેટલાક મધ્યમ અને મોટા પાયા પર ઉત્પાદન કરતા એકમો છે જિલ્લામા.

**કોષ્ટક – 16: મહત્વના ઔદ્યોગિક એકમો દ્વારા સ્થાપિત મહત્વના ઔદ્યોગિક એકમોની વહેચણી**

| ક્રમ | ઉદ્યોગનું નામ | સ્થાપિત ચાલુ એકમોની સંખ્યા ૨૦૦૯-૧૦ | દિવસદીઠ કામ કરતા શ્રમિકોની સરેરાશ પ્રમાણ ૨૦૦૯-૧૦ | સ્થાપિત ચાલુ એકમોની સંખ્યા ૨૦૧૧-૧૨ | દિવસદીઠ કામ કરતા શ્રમિકોની સરેરાશ પ્રમાણ ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|
| 1 | Textiles | 1 | 7 | 1 | 7 |
| 2 | Machinery and Parts Except Electrical | 1 | 10 | 23 | 103 |
| 3 | Mining and Quarrying | 12 | 195 | 16 | 200 |
| 4 | Food Products | 8 | 149 | 9 | 55 |
| 5 | Chemical & Chemical Products | 24 | 198 | 12 | 274 |
| 6 | Wood Products | 4 | 28 | 1 | 7 |
| 7 | Rubber & Plastic Products | 41 | 379 | 37 | 293 |
| 8 | Non-Metallic Mineral Products | 6 | 47 | 10 | 197 |
| 9 | Basic Metal Industries | 9 | 340 | 25 | 244 |
| 10 | Paper Product & Printing | 3 | 56 | 6 | 24 |
| 11 | Electrical Machinery and Apparatus | 2 | 20 | 2 | 18 |
| 12 | Transport Equipment and Parts | 0 | 0 | 1 | 4 |
| 13 | Leather Products | 1 | 9 | 0 | 0 |
| 14 | Beverages, Tobacco & Tobacco Products | 2 | 26 | 3 | 36 |
| 15 | Service Activities | 1 | 4 | 4 | 30 |

| ક્રમ | ઉદ્યોગનું નામ | સ્થાપિત ચાલુ એકમોની સંખ્યા ૨૦૦૯-૧૦ | દિવસદીઠ કામ કરતા શ્રમિકોની સરેરાશ પ્રમાણ ૨૦૦૯-૧૦ | સ્થાપિત ચાલુ એકમોની સંખ્યા ૨૦૧૧-૧૨ | દિવસદીઠ કામ કરતા શ્રમિકોની સરેરાશ પ્રમાણ ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|
| 16 | Trading Activities | 0 | 0 | 0 | 0 |
| 17 | Other | 3 | 27 | 3 | 135 |
| 18 | **Total** | **118** | **1,495** | **153** | **1,627** |

Source: Commissionerate of Industries.

મુખ્યત્વે કાચી ધાતુ, કેમિકલ ઉદ્યોગ, ખનીજ ઉદ્યોગ,રબર અને પ્લાસ્ટિક, મશીનરી જેવા ઉદ્યોગો રોજગારીની દ્રષ્ટીએ મહત્વના છે, ચિંતાજનક બાબત એ છેકે એકમોની સંખ્યા વધી છે પરંતુ રોજગારીમાં પ્રમાણાંત્મક રીતે રોજગારીના પ્રમાણમાં વધારો થયો નથી. સેવાકીય પ્રવૃત્તિમાં રોજગારીમાં વધારો થયો છે. આમ કુલ એકમોની સંખ્યાની તુલનામાં શ્રમિકોના પ્રમાણમાં ઓછો વધારો થયો છે.

**સહકારી એકમો** :

સહકારી પ્રવૃત્તિ ઓછી મુડીએ વધુ રોજગાર સર્જવામાં મહત્વનું સ્થાન ધરાવે છે. પંચ્માંહ્ર જિલ્લામાં વિભિન્ન પ્રકારની કુલ ૧૪૬૧ સહકારી મંડળીની કાર્યરત છે. તે પૈકી સૌથી વધુ દૂધ મંડળી, ધિરાણ મંડળી, સિંચાઈ મંડળી, તેમજ વૃક્ષ ઉછેર મંડળીઓ છે. આદિવાસી જિલ્લામાં કેટલા પ્રકારની સહકારી મંડળી છે તે નીચેના કોષ્ટક પરથી સમજી શકાશે.

**કોષ્ટક – 19:**

| ક્રમ | મંડળીનો પ્રકાર | ઘોઘંબા | જાંબુઘોડા |
|---|---|---|---|
| 1 | ખેત વિષયક ધિરાણ મંડળી | 16 | 7 |
| 2 | બિન ખેત વિષયક ધિરાણ મંડળી | 5 | 4 |
| 3 | દૂધ પૂરું પડનારી મંડળી | 85 | 35 |
| 4 | સિંચાઈ મંડળી | 11 | 28 |
| 5 | મજદૂર કામદાર સહકારી મંડળી | 17 | 7 |
| 6 | વૃક્ષ ઉછેર મંડળી | 32 | 0 |
| 7 | મત્સ્યોદ્યોગ મંડળીઓ | 5 | 1 |
| 8 | ગ્રાહક સહકારી મંડળી | 13 | 3 |
| 9 | જંગલ કામદાર મંડળી | 0 | 1 |
| 10 | અન્ય (શાકભાજી,તેલીબિયાં,તમાકુ,શેરડી,વાહનવ્યવહાર) | 9 | 4 |
| | કુલ | 193 | 90 |

જાંબુઘોડાની તુલનામાં ઘોઘંબામા બધીજ સહકારી મંડળીઓ વધારે છે. માત્ર સિચાઈની મંડળીઓ ઘોઘંબા કરતા જાંબુઘોડામાં વધુ છે અને સિંચિત વિસ્તાર પણ વધુ છે. દૂધ સહકારી મંડળીના કરને જ પશુપાલનમા વૃદ્ધિ થાય છે ઘોઘંબામાં ખેત વિષયક સહકારી ધિરાણ મંડળીઓ પણ વધુ છે જ્યારે જાંબુઘોડામાં ઓછી છે. ઘોઘંબામા વૃક્ષ ઉછેર મંડળીઓ વધુ છે જયારે જાંબુઘોડામાં એક પણ નથી

- ઔદ્યોગિક ક્ષેત્રના પડકારો :
- પંચમહાલનો ઔદ્યોગિક વિકાસ કેન્દ્રિત છે જે હાલોલ,કલોલ અને ગોધરામાં સ્થિત છે.
- મોટા ઉદ્યોગોની સંખ્યા ૧૯ છે તેનું મૂડીરોકાણ ૬૪૫ કરોડ છે જે ૬૩૫૬ લોકોને રોજગાર આપે છે.
- જીલ્લામાં નાના,કુટી અને ગૃહ ઉદ્યોગો વધારવા પ્રયત્ન હાથ ધરાયા પરંતુ તેપણ ઔદ્યોગિક એકમોને પુરક ઉત્પાદન કરતા હોવાથી વ્યાપાર ચક્રથી વધુ પ્રભાવિત છે માટે બાહ્ય બજારના પરિવર્તનો એકમોના મૂડીરોકાણ પર વધુ અસર સર્જે છે.
- નાના ઉદ્યોગોનું પણ ત્રણ શહેરી તાલુકામાં જ મૂડીરોકાણ વધુ છે જે ૧૫૦૦૦ લોકોને રોજગાર આપે છે.
- ઔદ્યોગિક એકમો વ્યાપાર ચક્રોથી વધુ પ્રભાવિત છે તેથી એકમો શરુ થવા અને બંધ થવાની પ્રક્રિયા બજારના આધારે થતી રહે છે.
- સહકારી એકમો મૂલ્ય વૃદ્ધિની પ્રક્રિયામાં અસરકારક કામગીરી કરી શકી નથી.

**બેંકિંગ સુવિધા**

જિલ્લામાં બેંકિંગની અન્ય ક્ષેત્રોના વિકાસની પૂર્વ શરત છે તાલુકા સ્તરે નાના પાયાના ઉદ્યોગો, સ્વ વ્યવસાય માટે નાણાની આવશ્યકતા તો ગ્રામીણ વિસ્તારોમાં કૃષિક્ષેત્રની અનિશ્ચિતતા માટે નાણાકીય માળખું મજબુત હોવું આવશ્યક છે. જિલ્લા અને આદિવાસી તાલુકાઓમાં બેંકની વ્યવસ્થા કેવી છે અગત્યની બાબત છે.

| તાલુકા/જિલ્લો | રાષ્ટ્રીયકૃત બેંક | સહકારી બેંક | જમીન ધિરાણ બેંક | ગ્રામીણ વિકાસ બેંક | ખાનગી બેંક | કુલ બેંક |
|---|---|---|---|---|---|---|
| ઘોઘંબા | 4 | 1 | 0 | 5 | 0 | 10 |
| જાંબુઘોડા | 2 | 0 | 0 | 1 | 0 | 3 |
| પંચમહાલ | 89 | 11 | 4 | 27 | 11 | 142 |

બન્ને આદિવાસી તાલુકામાં રાષ્ટ્રીયકૃત બેંકો, ગ્રામીણ વિકાસ બેંક છે આદિવાસી જિલ્લામાં કુલ કામ કરનારી વસ્તી ક્યાં ક્ષેત્રોમાં કામ કરે છે અને આદિવાસીઓમાં જમીન ધારણ કદ કેવડા છે તે સમજવું આવશ્યક છે જે નીચે મુજબ છે.

- સેવા ક્ષેત્ર સમક્ષના પડકારો
- આંતરમાળખાકીય સેવાઓના સંદર્ભમાં વિજળી,રસ્તા,સંદેશાવ્યવહાર,નેટવર્ક, ક્ષેત્ર છેલ્લા ૨૦ વર્ષમાં પંચમહાલમાં સારી પ્રગતી થઇ છે પરંતુ આદિવાસી વિસ્તાર વિષે અંતરિયાળ ગામોમાં આ ક્ષેત્રોની મર્યાદા જણાય છે બેંકિંગ ક્ષેત્ર પણ તુલનાત્મક રીતે સારું વિકસ્યું છે પરંતુ આદિવાસી વસ્તીમાં તેનો ઉપયોગ નજીવો છે.

- શિક્ષણ:
- આદિવાસી વસ્તીમાં સાક્ષરતાનો દર જિલ્લના સ્તરે ઘણો નીચો છે.
- આદિવાસીઓમાં પણ સાક્ષરતામાં જાતિગત તફાવત નોંધપાત્ર છે.
- આદિવાસીઓમાં ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણમાં ભાગીદારી ન્યુનત્તમ છે.
- ઔદ્યોગિક તાલીમના વિવિધ પ્રયાસ ખાનગી સંસ્થા અને NGO દ્વારા થી રહ્યા છે પરંતુ આદિવાસી વિસ્તારમાં વિકાસની સંભાવના ધરાવતા ક્ષેત્રો સાથે તે સુસંગત નથી
- સ્વાસ્થ્ય
- સમગ્ર જીલ્લામાં વસ્તીની તુલનામાં સ્વાસ્થ્યની સંસ્થાઓ, ડોક્ટર અને મદદનીશ સ્ટાફની અછત છે.દા.ત.૬૩ ડોક્ટરની મંજુર જગ્યા પર ૨૫ ડોક્ટર જ ઉપલબ્ધ છે.
- બાળકોમાં કુપોષણની વિવિધ યોજના છતાં પણ અપર્યાપ્ત વજન ધરાવતા સૌથી વધુ બાળકો ઘોઘંબા અને જામ્બુઘોડામાં છે.
- આદિવાસી ગ્રામીણ વિસ્તારમાં ડોક્ટરની વધુ અછત છે જીલ્લાની સૌથી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલ ગોધરામાં જ છે અન્ય તાલુકાઓમાં નહિવત છે.
- સમગ્ર જીલ્લામાં ખાનગી હોસ્પીટલનું પ્રમાણ અત્યંત અલ્પ છે.

**આદિવાસીઓમાં રોજગારીની સ્થિતિ અને સમસ્યા**


**આદિવાસી જિલ્લાઓમાં રોજગારીનું માળખું**

| તાલુકા | વસ્તી | કુલ કામ કરતી વસ્તી | મુખ્ય શ્રમિક | સિમાંત શ્રમિક | કુલ ખેડૂતો | ખેત મજુર | ગૃહ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકો | કુલ અન્ય શ્રમિકો |
|---|---|---|---|---|---|---|---|---|
| Ghoghamba | 218467 | 97368 (44.57) | 61.09 | 38.91 | 46.20 | 36.84 | 0.73 | 16.22 |
| Jambughoda | 42476 | 22813 (53.71) | 74.41 | 25.59 | 46.43 | 42.26 | 1.03 | 10.28 |
| Panchmahal | 2390776 | 109750 7(45.91) | 62.43 | 37.57 | 41.62 | 34.26 | 0.98 | 23.14 |

**આદિવાસીઓમાં જમીન ધારણ કદ: જમીન માલિકીનું સ્વરૂપ:**

આદિવાસી તાલુકામાં બહુજન સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને જમીન સંપત્તિ કે આવક સર્જનનો મુખ્ય સ્રોત હોય ત્યારે જમીન માલિકીનું સ્વરૂપ કેવું છે તે જાણવું અગત્યનું બની રહે છે વિશેષ કરીને આદિવાસીઓમાં જમીન માલિકીનું પ્રમાણ કેટલું છેતે જાણવું જરૂરી છે, ઘોઘંબા અને જાંબુઘોડામા આદિવાસીમા જમીન માલિકીનું સ્વરૂપ કેવું છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય.

| હોલ્ડીંગ | તાલુકા | ઘોઘંબા | | જાંબુઘોડા | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર | સંખ્યા | વિસ્તાર |
| સિમાંત હોલ્ડીંગ | | 1999(25.67) | 1091(27.50) | 523(31.98) | 230(30.26) |
| (૧.૦ હેક્ટરથીનીચે | કુલ પ્રમાણ | 7787 | 3966 | 1635 | 760 |
| નાના હોલ્ડીંગ | | 1422(30.18) | 2013(30.07) | 321(27.86) | 460(28.40) |
| ૧.૦-૨.૦ હેક્ટર | કુલ પ્રમાણ | 4711 | 6693 | 1152 | 1640 |
| મોટા હોલ્ડીંગ | | 1879(35.39) | 8210(37.37) | 242(20.61) | 752(17.89) |
| ૨.૦ હેક્ટરથી વધુ | કુલ પ્રમાણ | 5308 | 21619 | 1174 | 4203 |
| કુલ હોલ્ડીંગ | | 5300(29.06) | 11314(35.05) | 1086(27.41) | 1442(21.83 ) |
| | કુલ પ્રમાણ | 17806 | 32278 | 3961 | 6603 |




ઘોઘંબાની કુલ વસ્તીમા આદિવાસી વસ્તીનું પ્રમાણ ૪૧.૫૧ ટકા છે જયારે ખેડાણ હેઠળની કુલ જમીનના ૨૯.૦૬ ટકા વિસ્તારની માલિકી આદિવાસીઓ ધરાવે છે. તેમાં મોટા જમીન ધારકોમાં ૩૫.૩૯ ટકા જયારે સિમાંત અને નાના જમીન ધારકોનું પ્રમાણ પણ ૨૫ થી ૩૦ ટકાની વચ્ચે છે.

જાંબુઘોડામા આદિવાસીઓનું પ્રમાણ કુલ વસ્તીના ૩૫.૫૮ ટકા છે જે ખેતી લાયક જમીનના ૨૭.૪૧ ટકા વિસ્તારની માલિકી ધરાવે છે. કુલ જમીન ધારકોમાં આદિવાસીઓનું પ્રમાણ સિમાંત ધારકો સૌથી વધુ છે જયારે મોટા ખેડૂતોમાં આદિવાસીઓનું પ્રમાણ માત્ર ૨૦.૬૧ ટકા જ છે ઘોઘંબાની તુલનામાં જાંબુઘોડામા સિંચિત વિસ્તાર વધુ છે તો ત્યાં આદિવાસીઓમાં જમીન માલિકીનું પ્રમાણ જ ઓછું છે.

**જમીન વિહોણા**

પંચમહાલ જિલ્લામાં હાલોલ-કલોલ જી.આઈ.ડી.સીના કારણે નાના મોટા ઔદ્યોગિક ઉત્પાદક એકમો ચાલે છે પરંતુ તેમાં પણ રોજગાર મેળવવા માટે ચોક્કસ પ્રકારના કૈશાલ્યોની આવશયકતા જોઈએ આદિવાસી તાલુકામાં વસતા લોકોમાં તેનો અભાવ જોવા મળે છે પરિણામે તેઓ આજીવિકા માટે કૃષિ ક્ષેત્ર પર નિર્ભર છે પરંતુ ઉપરોક્ત ટેબલ અનુસાર આદિવાસીઓમાં તમામ લોકો જમીન ધરાવતા નથી પરિણામે એક મોટુ જૂથ જમીન વિહોણું પણ ખેતી ક્ષેત્રે મજુરી કરનારું છે તેનું પ્રમાણ નીચેના કોષ્ટક પરથી જાણી શકાય

| | આદિવાસી તાલુકાઓમાં ખેતમજૂરોનું પ્રમાણ (૨૦૧૧)પ્રમાણે | | | |
|---|---|---|---|---|
| પંચમહાલ | વિસ્તાર | સ્ત્રી | પુરુષ | કુલ |
| | ગ્રામીણ | 146121 | 106499 | 252620 |
| | શહેરી | 2045 | 3396 | 5441 |
| | કુલ | 148166 | 109895 | 258061 |
| ઘોઘંબા | ગ્રામીણ | 23053 | 12821 | 35874 |
| જાંબુઘોડા | ગ્રામીણ | 5514 | 4126 | 9640 |

પંચમહાલ જિલ્લામાં ખેતમજૂરોનું પ્રમાણ શહેરી વિસ્તારમાં નજીવું છે ગ્રામીણ વિસ્તારમાં જ વધુ છે નોંધ પત્ર બાબત છે કે ખેતમજુરીમા પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ છે. તે બાબત જીલ્લા અને તાલુકા સ્તરે સમાન છે. જોકે પંચમહાલના શહેરી વિસ્તારમાં સ્ત્રીઓની સરખામણીમાં પુરુષોનું પ્રમાણ વધુ છે.

ઘોઘંબામા ખેતમજુરીમાં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષો કરતા લગભગ બેગણા જેટલું વધુ જોવા મળે છે. તેનું એક કારણ હાલોલ-કલોલ જી.આઈ.ડી.સી નજીક હોવાથી પુરુષો ત્યાં રોજગાર મેળવે છે જયારે સ્ત્રીઓ સ્થાનિક સ્તરે કૃષિક્ષેત્રે રોજગાર મેળવે છે. જાંબુઘોડામા તુલનાત્મક રીતે ઓછા ખેતમજૂર છે જોકે તેમાં પણ પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે.

ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં કૃષિ ક્ષેત્ર વિવિધ પાક અને તેમાં આવેલ પરિવર્તન આદિવાસી જિલ્લાઓમાં પાક અને તેની તરાહ તેમાં આવેલ પરિવર્તન વિવિધ નીપજકો આદિવાસી વિસ્તારોમાં તેનું પ્રમાણ અને તેની સમસ્યાઓ આવરી લેવામાં આવી છે કૃષિ આનુસંગિક ક્ષેત્રોમાં પશુપાલન ડેરીનો વિકાસ,મરઘા,બતકા અને માછીમારીના ક્ષેત્રોની સ્થિતિ અને સમસ્યા રજુ કરી છે તેમજ દ્વિતીય ક્ષેત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ અને રોજગારી તમામ સ્તરમાં તપાસવામાં આવી છે જેથી રોજગાર સર્જન માટે કઈ દિશા ઉચિત છે તે નિર્ધારિત કરી શકાય, સાથે તેના પડકારો પણ વિગતે રજુ કર્યા છે ઉપરાંત સેવા ક્ષેત્ર આગળના પ્રકરણમાં વિગતે ચર્ચા કરી હોવાથી અત્રે તેના પ્રશ્નો ટુકમાં દર્શાવેલ છે તેમજ પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં રોજગારની સ્થિતિ શું છે તેની ચર્ચા અત્રે કરેલ છે. આગળના પ્રકરણમાં આ સમસ્યાઓને કઈ રીતે નિવારી શકાય તેની ચર્ચા કરેલ છે

# પ્રકરણ -૫

## રોજગારીના અવકાશ, કાર્ય આયોજન અને સૂચનો

| | |
|---|---|
| 1 | પ્રસ્તાવના |
| 2 | રોજગારીની સંભાવનાના ક્ષેત્રો |
| 3 | કૃષિ: મૂલ્ય વૃદ્ધિ આધારિત આજીવિકાનું માળખું |
| 4 | પંચમહાલ જીલ્લા અને આદિવાસી તાલુકાઓમાં માળખા અનુસાર ઉત્પાદનની સંભાવના |
| 5 | માળખાના અમલ માટેના આવશ્યક ક્ષેત્રો અને રોજગારનો અવકાશ |
| 6 | વેચાણ વૃદ્ધિ માટેના પગલા |
| 7 | જંગલની ગૌણ વન્ય પેદાશોના મૂલ્ય વૃદ્ધિ માટેનું માળખું |
| 8 | ક્ષેત્ર અનુસાર વિકાસ માટેના સૂચનો :કૃષિ,ઉદ્યોગ અને સેવા |
| 9 | ઉપસંહાર |

# રોજગારીના સ્રોત

**પ્રસ્તાવના :**


ઉપરોક્ત પ્રકરણમા પંચમહાલ જિલ્લામાં તેમજ આદિવાસી તાલુકાઓમાં કૃષિ તેના અનુસંગિક ક્ષેત્રો, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રની સ્થિતિ અને તેની સમસ્યાઓની ચર્ચા બાદ આ ત્રણેય ક્ષેત્રોમાં રોજગારની કઈ સંભાવનાઓ રહેલી છે તે અંગે રજૂઆત કરી છે સૌ પ્રથમ કૃષિ અને ત્યાર બાદ ઉદ્યોગ અને સેવા ક્ષેત્રની સંભાવનાઓ નિર્દિષ્ટ છે.

**આદિવાસી તાલુકાઓમાં આજીવિકાના અવકાશ સમજતા પહેલા ઉપરોક્ત પ્રકરણમાં ક્ષમતાઓ સંદર્ભે કેટલીક બાબત સ્પષ્ટતા આવશ્યક છે જેમકે આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ અન્ય સમુદાયોની વસ્તીની તુલનામાં પ્રમાણમાં ઘણું અલ્પ છે પરિણામે આ વિસ્તારમાં ઔધ્યોગિક ક્ષેત્રનો વિકાસ થવા છતાં આદિવાસી વસ્તી માત્ર મજુરીના ક્ષેત્રોમાં જ રોજગાર મેળવે છે કૃષિ ક્ષેત્રે જમીનનું પ્રમાણ અલ્પ અને બિન પિયત ઉપરાંત વસ્તી વધતા જમીનના ખંડ વિભાજન અને ઉપવિભાજનના પરિણામે કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિ ઉપરાંત મૂલ્ય વૃદ્ધિના ક્ષેત્રોનો અવકાશ વધારવો અનિવાર્ય છે કે જેમાં ઔધ્યોગિક ક્ષેત્રની તુલનામાં પ્રમાણમાં ઓછું કૌશલ્ય ધરાવતા ક્ષેત્ર એટલે કે જે સરળતાથી શીખવી શકાય તેવા સાધનોવાળા, નાના સ્તરના ઉત્પાદન એકમનો અવકાશ તપાસવામાં આવેલ છે.**

## કૃષિ ક્ષેત્ર

ઉપરોક્ત પ્રકરણમાં પંચમહાલ જિલ્લા અને આદિવાસી તાલુકાઓના મુખ્ય પાકો, પાક તરાહમાં આવેલ પરિવર્તનને આનુસંગિક ક્ષેત્રોને ધ્યાનમાં લેતા જણાય છે કે આજીવિકાના સંદર્ભમાં જિલ્લામાં નીચે મુજબના અવકાશ જોઈ શકાય છે

**મૂલ્ય વૃદ્ધિ આધારિત આજીવિકાનું માળખું**




# ઉત્પાદન થી વેચાણનું માળખું એક નવી શરૂઆત

ઉપરોક્ત માળખા અનુસાર ઉત્પાદનથી લઇ વેચાણની પ્રક્રિયામાં કેટલા સ્તરના મૂલ્ય વૃદ્ધિના અવકાશ છે તે દર્શાવવામાં આવેલ છે. મૂળભૂત રીતે ગુજરાતમાં અમુલ એક સફળ સહકારી એકમ વિકસી શકે તો આ માળખાને વધુ વ્યાપક કેમ ના બનાવી શકાય? જો ડેરી ક્ષેત્રે આપણે સફળ બની શકીએ તો તેજ માળખું કૃષિ ક્ષેત્રના અન્ય ઉત્પાદનોમાં કેમ ન પ્રયોજી શકાય.

આ વિચાર અનુસાર પંચમહાલ અને તેના આદિવાસી તાલુકાઓમાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે ડેરીની સંખ્યા પણ વધી છે કોઈ પણ વિસ્તારમાં ડેરી બનાવવા માટે એક ચોક્કસ માળખું આવશ્યક છે બાંધકામ ત્યારબાદ દુધની જાળવણી અને પેકિંગ સુધીની પ્રક્રિયા તેજ સ્થળે કરવામાં આવે છે. તેથી જાળવણીની સુવિધા પણ ડેરીના વિવિધ કેન્દ્રોમાં ઉપલબ્ધ હોય. ડેરીના સમગ્ર માળખાનો ઉપયોગ સવારે અને સાંજે દૂધ ભરવાના સમયે જ થાય બાકીના સમયમાં ડેરીનું મકાન વપરાયા વગરનું રહે છે આ અવકાશ છે.

દુધના જ ઉત્પાદકો શાકભાજીના ઉત્પાદકો છે તે વિવિધ શાકભાજીનું ઉત્પાદન કરે છે માટે જો દુધની જેમ શાકભાજી પણ ડેરીમા જમા કરવામાં આવે અને ત્યાંથી તેને વિભાજીત કરી, સાફ કરી, કેટલુક સુધારી, અને જો દુધની જેમ દૂધ વિતરણ કેન્દ્રો પર વેચવામાં આવે તો શાકભાજી પણ તેજ ચેનલ દ્વારા વહેચી શકાય આખી પ્રક્રિયામાં બીજા કોઈ વધારાના સાધનની મૂડીરોકાણની આવશ્યકતા

નથી. ઉપરાંત શાકભાજીના ક્ષેત્રમાં વાચેટીયોનો નફો સીધો ખેડૂતને મળશે અને ગ્રાહકને પણ ઓછા ભાવથી આપી શકાશે.

**ત્રીસ્તરીય પ્રોસેસિંગ માળખું**

**પ્રથમ સ્તર** :

આ માળખા અનુસાર ખેડૂત ઉત્પાદકોનું ઉત્પાદન શાકભાજી સફાઈ કરી અલગ અલગ વજનના પેકિંગ કરી તેને દૂધ વિતરણ કેન્દ્રો પર વેચવામાં આવશે. તેમાં કેટલાક શાકભાજીને સુધારીને પણ વેચી શકાય. દા.ત બિગ બાસ્કેટ : સાફ કરીને ભાજી વેચી શકાય, દાડમ દાણા નીકળીને પેકિંગ કરીને વેચી શકાય, જેને સુધારવામાં દૈનિક જીવનમાં સમય વધારે લાગે તેમ હોય તેવા શાક સુધારીને આ રીતે વેચી શકાય જેમકે તુવેર, વટાણા, મકાઇ,  અને આ સ્તરે જે ન વેચાય તેને દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમાં લઇ શકાય પ્રથમ સ્તરના પ્રોસેસિંગમાં કોઈ વિશેષ તાલીમની આવશ્યકતા રહેતી નથી. તેમજ વિશેષ યંત્રોની પણ આવશ્યકતા નથી.

**દ્વિતીય સ્તરનું પ્રોસેસિંગ** :

જે શાકભાજી વેચાયા વિનાના રહે તેને સુકવણી અને પાવડર સ્વરૂપમાં કે અન્ય સ્વરૂપમાં સાચવીને વાપરી શકાય તે સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય. દા.ત ડુંગળી, લશણ, ગાજર જેવા શાકને સૂકવવા અને તેને 6 માસ સુધી સાચવી શકાય તે રીતે પ્રોસેસિંગ કરવાની પ્રક્રિયા કરી શકાય. આ સ્તરના પ્રોસેસિંગ માટે કેટલાક સ્તરની તાલીમની જરૂરિયાત ઉભી થાય છે જેકે તે ખુબ સરળતાથી આપી શીખવી શકાય તે સ્તરની જ હશે. અને તેમાં સ્થાનિક સ્તરે બનાવી શકાય તેવા મશીન દ્વારા પણ આ પ્રોસેસિંગ શક્ય છે.

**તૃતિય સ્તરનું પ્રોસેસિંગ** :

આ પ્રોસેસિંગનું આખરી સ્તર છે ત્યાં જે વસ્તુઓના મૂળ સ્વરૂપમાં નોંધપાત્ર મૂલ્ય વર્ધન શક્ય હોય એટલે કે કૃષિ પેદાશ માંથી નાસ્તાની વસ્તુઓ, સ્વરૂપનું પ્રોસેસિંગ દા.ત મકાઈ માંથી કોર્ન ફ્લેક્સ, દુધનો પાવડર વગેરે આ રીતના પ્રોસેસિંગ માટે થોડા મોટા મશીન અને થોડી વધારે તાલીમની જરૂરિયાત ઉભી થાય છે

**આ માળખાની સમસ્યાઓ અને ઉકેલો** :

**શાકભાજી વધવાનો કે બગડવાનો પ્રશ્ન** :

શાકભાજીના ક્ષેત્રે તેની જાળવણી અને બગાડ આ બે બાબતો ખુબ પ્રશ્નો સર્જે છે તે નુકશાન ક્યાં સ્તરે ભોગવવાનું થાય? આ પ્રશ્નના ઉકેલ માટે ડેરી અંતર્ગત આપણે તમામ શાકભાજીને આવરી લેવાની


જરૂર નથી કેમકે તેનું એક ચોક્કસ માળખું અસ્તિત્વ ધરાવે છે અને લોકો શાકભાજી દુકાનથી દૂધ સાથે લેવા ટેવાયેલા પણ નથી તેથી ડેરી માત્ર તેજ પાક શાકભાજી વેચે જેના પ્રોસેસિંગ શક્ય હોય જેથી વણ વેચાયેલા પાકને તુરંત દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમા મોકલી અને બગાડને અટકાવી શકાય.

**વેચાણનો પ્રશ્ન** :

આ વ્યવસ્થામાં સૌથી મોટો ફાયદો વેચાણ માટે અલગ વ્યવસ્થાની જરૂર રહેશે નહી કેમકે ડેરીની પોતાની એક ગોઠવાયેલી વ્યવસ્થા છે અને ડેરીના બ્રાન્ડથી લોકો માહિતગાર છે તેથી પ્રથમ,દ્વિતીય કે તૃતિય સ્તરના પ્રોસેસ થયેલ ઉત્પાદનની ગુણવત્તાના સંદર્ભે અલગથી બજાર મેળવવાની તકલીફ આ ઉત્પાદનોને રહેશે નહી. અને સરળતાથી બજાર મળી રહેશે.

આજ પ્રક્રિયાના દ્વિતીય સ્તરના ઉત્પાદનને જુદા જુદા વિસ્તારમા જુદા જુદા હોય ત્યારે તેનો ઉપયોગ કરીને પણ વસ્તુઓને તૈયાર કરી શકાય.

**પંચમહાલ જિલ્લા અને આદિવાસી તાલુકામાં આ માળખા અનુસાર ઉત્પાદનની સંભાવનાઓ**




પંચમહાલ જિલ્લામાં કૃષિક્ષેત્રના વિવિધ પાકોમા કેટલા અવકાશ છે તેની ઉપર રજૂઆત કરી છે

**અનાજ અને કઠોળ**: અનાજમાં **મકાઈ** આ વિસ્તારનો મુખ્ય પાક છે જયારે કઠોળમા તુવેર અને ચણાનું ઉત્પાદન સૌથી વધુ થાય છે. ત્યારે કઠોળ માંથી દાળ અને વિવિધ નાસ્તા બનાવવાની સંભાવના રહેલી છે જયારે મકાઈ પ્રોસેસિંગની વિશાલ તકો ધરાવે છે. મકાઈના વિવિધ સ્તરના પ્રોસેસિંગ શક્ય છે. જેમકે

સ્થાનિક સ્તરે ધાણી જે ગ્રામીણ સ્તરે પણ શક્ય છે, તેમજ કોર્નફ્લોર પણ સ્થાનિક સ્તરે બનાવવો શક્ય છે. નાસ્તા માટે પણ બહોળો અવકાશ છે જે સ્થાનિક સ્તરે નાના પાયે શક્ય બનશે. તેલ અને કોર્ન ફ્લેક્સ માટે વિશેષ કૌશલ્યની આવશ્યકતા રહે છે તાલીમ અને મૂડીરોકાણ વગર શક્ય બને નહી.

**શાકભાજી** : પંચમહાલ જિલ્લામાં શાકભાજીનું ઉત્પાદન નોંધ પાત્ર પ્રમાણમાં થાય છે અને તેને પ્રથમ બે સ્તરના પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ કરી શકાય તેની લસણ, ડુંગળી, બટેટા, ટમેટા આ પાકમાંથી ચિપ્સ, પાવડર, પ્યુરી વગેરેની માંગ પણ છે

ફળ : આ તાલુકાઓમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થા અને સરકાર દ્વારા બાગાયત સંદર્ભે જે પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી તેના પરિણામે ચીકુ અને કેરીના ઉત્પ્દનમાં નોંધ પત્ર વધારો થયો છે પરંતુ ફળના સંદર્ભમાં પુરવઠો વધવાના કારણે ભવ નીચા જતા રહે પરિણામે વળતરનું પ્રમાણ ખુબ નીચું રહે તે સ્થિતિમાં આવક વધારવા માટે પ્રોસેસિંગ એક ઉત્તમ વિકલ્પ છે ખાસ કરીને ચીકુ અને કેરીના સંદર્ભમાં આ બન્ને પ્રોસેસિંગમાં પાવડર, અચાર, પલ્પ,શરબત વગેરે શક્ય છે.

**આ માળખાને વ્યવહારુ બનાવવા માટે આવશ્યક ક્ષેત્રો અને રોજગારીના અવકાશ**

પંચમહાલ જિલ્લાના કૃષિક્ષેત્રના મુખ્ય પાકો અનુસાર ઉપરોક્ત કોષ્ટક અનુસાર સંભવિતતાઓ જોઈ શકાય છે અને ઉપરોક્ત માળખામાં ગોઠવી રોજગારીની તકો સર્જી શકાય. આ પ્રકારના માળખાને ગોઠવવા માટે તેના પુરક ક્ષેત્રોનો પણ વિકાસ કરવો અનિવાર્ય છે તે માટે નાના અને કુટીર ઉદ્યોગો સંદર્ભે કેટલાક અવકાશ છે જે નીચે મુજબ છે.



ઉપરોક્ત ક્ષેત્રો કૃષિના માળખાને વધુ ઉત્પાદક બનવવા માટે આવશ્યક છે. પંચમહાલ જિલ્લામાં પાણીની અછતને નિવારવા વરસાદના પાણીને શક્ય તેટલા સ્તરે સંચયી કરી શકાય દરેક પ્રકારના રહેઠાણ અને વિભિન્ન સ્તરે પાણીને સંચયી કરવા માટેનો વ્યવસાય વર્તમાન સમયમાં આવશ્યક છે.

કૃષિ ઓજારોના સંદર્ભમાં પંચમહાલ જિલ્લામાં અવકાશ ઘણો વધારે છે કેમકે હાલોલ કાલોલમાં જે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થયેલો છે ત્યાં કામ કરતા લોકો અમુક સ્તરના યંત્રો બનાવવામાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવે છે. તેથી તેમને થોડી તાલીમ આપવાથી આ પ્રકારના ઓજારો બનાવવા સરળ રીતે શક્ય બને. ઉપરાંત નાના સ્તરે બનાવવાથી તેની પડતર કિંમત પણ ઓછી રહેશે જેથી કૃષિ ક્ષેત્રના શ્રમને ઓછો પણ કરી શકાય અને સ્વીકાર્ય તેવા સ્તરનું યાંત્રિકરણ પણ થાય.

ખાદ્ય પેદાશોના પ્રોસેસિંગમાં વપરાતા સાધનોના ઉત્પાદન અને રીપેરીંગના ક્ષેત્રને પણ એટલોજ અવકાશ છે જે થોડી તાલીમ દ્વારા શક્ય બનાવી શકાય તેમજ વિજળીના પુનઃ પ્રાપ્ય સ્રોત ઉભા કરવા આવતી કાલની માંગ છે અને તેના માટે સૂર્ય ઉર્જા માટેના પેનલિંગ અને વપરાશ સંદર્ભે ઘણો મોટો અવકાશ જોઈ શકાય તે દૈનિક વપરાશ અને વ્યવસાયિક વપરાશ બન્ને સ્તરે આવકાર્ય બની રહેશે.


# વેચાણનો અન્ય અવકાશ ઈ-કોમર્સ

સહકારી ડેરી સિવાય પણ સ્થાનિક અને નાના પાયા પર થયેલા ઉત્પાદનને બજાર આપવા સંદર્ભે કોરોના મહામારીએ એક અન્ય અવકાશ પણ ઉભો કર્યો છે. મહામારી પૂર્વે આદિવાસી વિસ્તારોમાં માત્ર શિક્ષણ મેળવતા યુવાનો સિવાય સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટનો વપરાશ એક ન્યુનતમ સ્તરે હતો પરંતુ કોરોનામાં એક લાંબા સમય માટે શાળા ઓનલાઈન ચાલવાના કારણે ઈન્ટરનેટના વિવિધ ઉપયોગથી પરિચિત એક નવી પેઢી અસ્તિત્વમાં આવી છે જે ઈ-કોમર્સથી પણ પરિચિત છે ક્ષેત્ર કાર્ય દરમિયાન યુવાનો સાથેની ચર્ચામાં જણાયું છેકે તેઓ એમઝોન વેબસાઈટ પરથી વસ્તુઓ ખરીદે છે એટલે કે ગ્રામીણ વિસ્તારોમા જ્યાં પાર્સલ ન પહોચે તો તેઓ તાલુકા વિસ્તાર કે પોતાના વિસ્તારથી નજીકના ગામ જ્યાં કુરિયર સુવિધા હોય ત્યાં મંગાવી પછી મેળવે છે. આમ અંતરિયાળ વિસ્તારમાં પણ ઈ કોમર્સ ઝડપથી ફેલાય રહ્યું છે ત્યારે તેનો ઉપયોગ બજારના જોડાણ માટે કેમ ન થાય જો લોકો માંગ કરી શકે તો પુરવઠો કેમ ન આપે ગ્રાહક બની શકે તો વિક્રેતા કેમ નહી?

આ સંદર્ભે સ્થાનિક પેદાશો માટે એક એપ હોય તેના પર ઉત્પાદકો પોતાના ઉત્પાદિત વસ્તુઓ મુકે અને ગ્રાહક તેમાંથીજ મેળવે આ સંદર્ભે એક બાબત નોંધવાની રહે કે અમેઝોન અને ફ્લીપકાર્ટ સફળ કેમ છે કેમકે તેનો વાયદો પાક્કો છે જો ગ્રાહકને સંતોષપૂર્ણ વસ્તુ ન મળે તો તમામ નાણા પરત આ સફળતાનું સૌથી મોટું કારણ છે તેથી આવોજ વાયદો હોય તોજ આ રીત સફળ થાય. અને તેમ કરવા માટે એક વિકલ્પ સરકારની પોતાની જ આવી કોઈ એપ હોય તે છે.

બીજો વિકલ્પ અમેઝોન છે કેમકે સરકારે અત્યારેજ  આદિવાસી વિસ્તારના ઉત્પાદનો માટે એમેઝોન સાથે વેચાણ માટેના કરાર કરેલા છે તેનો લાભ આદિવાસી ઉત્પાદકો કઈ રીતે મેળવી શકે તે અંગે તેઓને તાલીમની આવશયકતા છે. આ અંગેની તાલીમ થોડા શિક્ષિત યુવાનોને આપવામાં આવે તો બજાર જોડાણના પ્રશ્નને ઘણા અંશે ઉકેલી શકાય.

## બજાર અને વિતરણ



# જંગલ પેદાશના મૂલ્ય વર્ધન માટેનું માળખું

| સ્તર | ભાગીદારી | જવાબદારી | પ્રક્રિયા |
|---|---|---|---|
| **પ્રથમ** | **ગ્રામજનો** | જંગલ પેદાશ એકત્રીકરણ | **મહુડાની પેદાશો, આંબળા,** આંબલી, બહેડા, લીંબોળી, ટીમરુ પાન, ચારોળી, કરંજ એકત્રિતકરનારાઓનું સંગઠન |
| **દ્વિતીય સ્તર** | ગામ સ્તરનું સંગઠન | જંગલ પેદાશોનું પ્રાથમિક રૂપાંતરણ | ૧.જંગલ પેદાશ એકત્રિત કરનાર પાસેથી ખરીદવી<br>૨.પ્રાથમિક કક્ષાના રૂપાંતર કરવા<br>-મહુડાના ફૂલોના લાડુ, ચિક્કી<br>-ટીમરુના પાનની બીડી<br>-કરંજનું તેલ<br>-આમળા-બહેડાનો પાવડર, મુખવાસ<br>-આંબલીની પેસ્ટ,ચટણી |
| **તૃતીય સ્તર** | તાલુકા સ્તરે જંગલ પેદાશ સંગઠન (પ્રોસેસિંગ અને માર્કેટિંગ કંપની) | ૧.ગામ સ્તરની મંડળીઓ દ્વારા ઉત્પાદિત પેદાશ માટે બજાર પૂરું પડવાનું કાર્ય<br>૨.તૃતીય સ્તરનું રૂપાંતર | ૧.સરકાર આયોજિત મેળામાં તાલુકાના ગામોમાં ઉત્પાદિત પેદાશને વેચાણ માટે ટીમ મોકલવી,<br>૨.આસપાસના બજારમા(હાટમાં) ગામમાં ઉત્પાદિત વસ્તુઓને વેચાણ માટે મોકલવી |

| | | | |
|---|---|---|---|
| | | | ૩.મહુડાનો અર્ક અને આઈસક્રીમ જેવી પેદાશોનું ઉત્પાદન અને ગામમાં તૈયાર વસ્તુઓનું બ્રાન્ડીંગ કરવાનું કાર્ય કરવું |
| **ચતુર્થ સ્તર** | જીલ્લા સ્તર (દાહોદ જીલ્લા જંગલ પેદાશ ઉત્પાદક સંગઠન) | ગામ સ્તર સુધીના સંગઠનોને નીચેની સહાય પૂરી પડવી<br>-ટેકનોલોજીકલ<br>-નાણાંકીય<br>-વ્યવસ્થાપકીય | ટેકનોલોજીકલ- જંગલ પેદાશોના રૂપાંતરણ માટે નાના યંત્રો મેળવવા, રીપેર કરવા અને ચલાવવાની તાલીમ આપવી.<br>નાણાંકીય- સરકારની વિવિધ યોજનાઓમાં ક્યાં ક્યાં નાણાંકીય જોગવાઈ છે તે અંગે ગ્રામ જનોને માર્ગદર્શન પૂરું પાડવું<br>વ્યવસ્થાપન - આ તમામ પેદાશ ગૌણ વન્ય પેદાશ છે માટે જો ગ્રામજનો તૈયારી બતાવે તો પંચાયત દ્વારા પણ આ પેદાશોને વેચી શકાય અને તેમાં ટ્રાયફેડની મદદ લઇ શકાય તે અંગે ગ્રામ સ્તરે જાગૃતિ ફેલાવવી<br>-ઓનલાઈન વેચાણ માટેની તાલીમ આપી ગુણવત્તા સંબંધિત માર્ગદર્શન આપવું . |

**ઉપરોક્ત માળખાના પ્રશ્નો અને નિવારણ** : ઉપરોક્ત માળખામાં સૌ પ્રથમ પ્રશ્ન સર્જાય છે સમગ્ર પ્રક્રિયા કઈ રીતે હાથ ધરવી કોને જોડવા કઈ રીતે સમગ્ર પ્રક્રિયા હાથ ધરવી, દરેક વન્ય વિસ્તાર ધરાવતા ગામમાં ગૌણ વન્ય પેદાશો એકત્રિકરણની કામગીરી કરનારા લોકો છેજ જે જંગલ ખાતા અથવા આસપાસના દુકાનદારોને પેદાશ વેચે છે. આથી પ્રથમ સ્તરનું કામ થાય જ છે.

દ્વિતીય સ્તરે દાહોદમાં બહેનોના સંગઠનો ચાલે છે જે જુદાજુદા પ્રકારની યોજના અંતર્ગત શક્રિય પણ છે આજ સંગઠનને આ દિશામાં વાળી શકાય તેના માટેની વિવિધ યોજનાઓ પણ છે અને તેજ કાર્ય ગ્રામપંચાયત પણ કરી શકે ગ્રામસભા પણ કરી શકે તેના માટેની તૈયારી હોય તો, અન્યથા બહેનોના જૂથ આ કાર્ય હાથ ધરી શકે પ્રથમ કક્ષાના રૂપાંતરણમાં વિશિષ્ટ સાધનોની આવશ્યકતા નથી માટે આ સ્તરે તે સરળતાથી થઇ શકશે.

તૃતીય સ્તર:દરેક ગામમાં ધોરણ ૧૦ થી વધુ શિક્ષણ મેળવેલા યુવાનો આજીવિકાની શોધમાં છે જે આધુનિક ટેકનોલોજી થી પણ પરિચિત છે આ યુવાનોને એકત્રિત કરી તાલુકા સ્તરે એક સંગઠન રચી શકાય જે ગામ સ્તરે થયેલ ઉત્પાદનને વેચવાની જવાબદારી નિભાવે તે આસપાસના હત અને સરકાર રચિત મેળામાં ગામ દ્વારા ઉત્પાદિત વસ્તુઓને વેચવાની જવાબદારી નિભાવે ઉપરાંત તેઓ ઈ કોમર્સ થી પણ પરિચિત હોવાથી આ પેદાશોને ઓનલાઈન પણ વેચવાની જવાબદારી નિભાવી શકે. આ યુવાનો થોડા શિક્ષિત હોવાથી ગામસ્તરના સંગઠનોના વ્યવસ્થાપનમાં પણ મદદ રૂપ થઇ શકે તેજ રીતે તાલુકા સ્તરે નાનું પ્રોસેસિંગ એકમ પણ શરુ કરવું કે જેમાં અર્ક કાઢવાના મશીનને ચલાવી શકાય તેમજ આઈસ્ક્રીમ બનાવી શકાય ચારોળી આ વિસ્તારમાં વધુ થતી હોવાથી આવી પેદાશના સંગ્રહ માટેની વ્યવસ્થા કરી તેની મૂલ્ય વૃદ્ધિનો લાભ મેળવી શકાય.


ચતુર્થ સ્તર : જીલ્લા સ્તરે જંગલ પેદાશ સંગઠન હોઈ જે ગામ સ્તરના સંગઠનોને આવશ્યક માર્ગદર્શન આપી શકે ટેકનોલોજીકલ સાધન સંબંધિત, સરકારની યોજના સંબંધિત માહિતીઓ ગ્રામીણ સ્તરના સંગઠનોને આપે આ તમામ પેદાશો ગૌણ વન્ય પેદાશો છે તેથી ગામ પંચાયત પણ આ વસ્તુઓના સંદર્ભે કામગીરી હાથ ધરી તેને સીધા ટ્રાયફેડ કે ખુલ્લા બજારમાં વેચી શકે તેમજ ભારત સરકારનો એમેઝોન અને ફ્લીપકાર્ટ સાથે થયેલા કરાર અનુસાર આ પેદાશોને સીધા પણ વેચી શકે અને તેના માટે તાલીમ પણ આવી શકે.

સરકારની ભૂમિકા :આ પ્રકારના સંગઠનો માટેની યોજના અમલમાં લાવવી અને તેના નાંણાકીય જરૂરિયાતો પૂરી પાડવી.

સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા : દાહોદમાં આનંદી, સદગુરુ જેવા સંગઠનો કામ કરી જ રહ્યા છે પરંતુ તેઓ આ પ્રકારની રૂપાંતરણની પ્રક્રિયાઓ સંદર્ભે લોક સંગઠનના કર્યો હાથ ધરી શકે. જે સૌથી પાયાનું કામ છે.

નાગરિકો : સૌથી મોટી ભૂમિકા નાગરિકોની છે કેમકે પોતાની આજીવિકાને નિયમિત બનાવવા કરવા પડતા સહકારમાં સૌની સહમતી જરૂરી છે જે જાતિ,જ્ઞાતિ, અને અન્ય બાબતો થી પર થઇ સામન કાર્ય માટે એકજૂથ થવાની જરૂરિયાત રહે

# ઉત્પાદન માટે સાધન આયોજન




## માનવમૂડી :

ઉત્પાદનમાં નિયોજન શક્તિ અને શ્રમિકોના કૌશલ્યનો વિકાસ આ બન્ને બાબતો માનવમૂડી અંતર્ગત આવરી શકાય. આ સંદર્ભે સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે અને તેના પરિણામે આદિવાસી વિસ્તારોના યુવાનોમાં સાક્ષરતાનું પ્રમાણ પણ વધતું જોઈ શકાય છે શાળા સ્તરેથી ઉચ્ચ શિક્ષણ સુધી આદિવાસીઓ માટે અનેક સહાયના કારણે આજે ગ્રામીણ આદિવાસી વિસ્તારોમાં સ્નાતક સુધી અભ્યાસ કરેલા યુવાનો સરળતાથી મળી જાય છે. અને આ યુવાનોને ઉપરોક્ત માળખાના નિયોજન અને વેચાણ સંબંધિત ક્ષેત્રોમાં ઉપયોગમાં લઇ શકાય. ઉપરાંત આ ક્ષેત્રને સફળ બનાવવા માટે આદિવાસી વિસ્તારમાં ચાલતા આઈટીઆઈ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા કાર્યક્રમો સમજવા જરૂરી છે  તે માટે નીચેના કોષ્ટકમાં સમજી શકાય

## કૌશલ્ય અને તાલીમ માટે શું છે અને ક્યાં ફેરફારની જરૂર છે.

### શું છે?

- ITI અને ppp મોડેલમાં શ્રોફ ફાઉન્ડેશન દ્વારા અપાતી તાલીમ
- ઈલેક્ટ્રીશ્યન, વેલ્ડર,લેથ ઓપરેટર,
- રેફ્રીજરેટર અને એરકન્ડીશનીગ
- મીકેનીઝમ,સીવણકામ, હાઉસ વાયરીંગ,
- કેમિકલ-મીકેનીકલ મેઈન્ટેનન્સ
- કોમ્પ્યુટર ઓપરેટીંગ અને પ્રોગ્રામિંગ

### આવશ્યકતા શું છે?


- ફૂડ પ્રોસેસિંગ માટેની તાલીમ
- સુકવણી, જાળવણી,
- બેકરી
- માર્કેટિંગ
- દુધની બનાવટો
- જંગલની સ્થાનિક પેદાશો
- મોબાઈલ રીપેરીંગ
- વેબસાઈટ બનવવા
- આશવર્કરની જેમ પશુપાલનમા પણ આસિસ્ટન્ટ

## મૂડી :

મૂડીની વ્યવસ્થા માટે સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ઉપરોક્ત અનેક ક્ષેત્રોમાં ધિરાણની જોગવાઈ છે જ માત્ર તે અંગેની માહિતીનો અભાવ પ્રવર્તે છે અને તે સંદર્ભે આ વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ નોંધપાત્ર રીતે મદદરૂપ બની શકે જેમકે પંચમહાલમાં સદગુરૂ ફાઉન્ડેશન દ્વારા અનેક કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. તે જ રીતે દિપક અને શ્રોફ ફાઉન્ડેશન પણ વાડી પ્રોજેક્ટ,દાળમીલ, આચાર વગેરે બનાવવાની કામગીરી કરે જ છે અને ચોક્કસ પ્રમાણમાં તેઓ સફળ પણ નીવડ્યા છે.

તેજ રીતે ઉપરોક્ત સહકારી ક્ષેત્ર વાળા માળખામાં રહી ને જો પ્રોસેસિંગ જેવી કામગીરી હાથ ધરવામાં આવે તો સંયુક્ત મૂડી અને સરકારી યોજનાઓની જોગવાઈ બન્ને દ્વારા પણ મૂડીની સુવિધા ઉભી કરી શકાય.

## પ્રવર્તમાન યોજના




ઉપરોક્ત માળખામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જે યોજનાઓ અમલમાં છે તેમાં મહત્વની યોજનાઓ જ અહી રજુ કરી છે આ ઉપરાંત પણ વિવિધ ક્ષેત્રોને આવરી લેતી યોજનાઓ છે માત્ર તેને સંકલિત કરવાની આવશ્યકતા છે ક્ષેત્રકાર્ય દરમિયાન ગ્રામજનોની આ પ્રકારના કર્યો કરવાની તૈયારી પણ છે તેના માટે આવશ્યક તાલીમ અને માર્ગદર્શનની જરૂરિયાત ઉભી થાય છે જે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને જ તેનો ઉપાય કરી શકે.

# કાર્ય આયોજન :

પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં સ્થાનિક સ્તરે રોજગારીની તકોના સર્જન માટે નિર્દિષ્ટ દિશામાં આગળ વધવા માટે સાધન અને કાર્ય આયોજનની આવશયકતા છે. પ્રસ્તુત પ્રકરણ આ પ્રકારના રોજગારના માળખા માટે ક્યાં સાધનોની આવશયકતા રહેશે અને તેમાં સરકાર, સ્વૈચ્છિક સંસ્થા અને લોકોની જવાબદારી શું રહેશે તે સંદર્ભે વિગતે કાર્ય આયોજન કરેલ છે.

કૃષિ ક્ષેત્ર:

પંચમહાલ જીલ્લાની અને આદિવાસી વિસ્તારની મુખ્ય સમસ્યા આજે પણ કૃષિ ક્ષેત્રનું ઉત્પાદન કુદરતી પરિબળોને આધીન છે તે ઘટાડવા માટે સિંચાઈ સંબંધિત પ્રયત્નો વધારવાની આવશ્યકતા છે માત્ર ડેમ કે નહેર પર આધારિત થઇ કૃષિ ક્ષેત્રને વિકસાવી શકાય નહી તેના માટે તમામ પ્રયત્ન એક સાથે હાથ ધરવા થી જ નિર્ધારિત પરિણામ મેળવી શકાશે. આ પ્રયાસ નીચે મુજબ કરી શકાય.

સિંચાઈ :

- પંચમહાલ જીલ્લો પહાડી વિસ્તાર ધરાવે છે તેથી મહારાષ્ટ્રના મોડેલને ઉપયોગમાં લઇ શકાય, ફાડી વિસ્તારોમાં અર્ધગોળાકાર બેબે ફૂટના ખાડા કરી વરસાદી પાણીને ઉતારવાથી પાણીના જળ સ્તરમાં વધારો મેળવી શકાશે.
- દરેક ઘરમાં વરસાદી પાણી સંગ્રહ જે કેટલીક સંસ્થાઓ દ્વારા શરૂ કરાયું છે તેને વ્યાપક પ્રમાણમાં વિસ્તારવું.
- તળાવની સંખ્યા પણ જીલ્લામાં સારી છે જે મનરેગામાં વધુ ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તે ગામ સમુદાય દ્વારા કરી શકાય.
- કૃષિ પાકની તરાહમાં જે પાક વધુ પાણીનો વપરાશ કરતા હોય તેવા પાકને પ્રતિબંધિત કરવા.
- ટપક સિંચાઈનો વ્યાપ વધે તેના માટે પ્રયત્ન હાથ ધરવા.

ધિરાણ

- કૃષિ ક્ષેત્રના ધિરાણ માટે જમીન વિકાસ બેંક ગ્રામીણ વિકાસ બેંક નો વ્યાપ ગ્રામીણ વિસ્તારમાં વધારવો.
- સહકરી ક્ષેત્રને આ ક્ષેત્રે વધુ વિકસાવવાની જરૂરિયાત છે.

સંગ્રહ

- પંચમહાલ જીલ્લામાં શાકભાજીનું ઉત્પાદન ખુબ ઉચા પ્રમાણમાં થાય છે પરંતુ તેમાં સ્થાનિક બજારમાં પુરવઠો વધી જવાથી પર્યાપ્ત ભાવ પ્રાપ્ત થતા નથી તેથી તેનું વેચાણ દુરના શહેરી વિસ્તારો સુધી પહોચાડવા માટે ડેરીના માળખાનો ઉપયોગ કરી શકાય.
- ગામ સ્તરે ધન્ય કઠોળના સંગ્રહ માટે ગોડાઉન બનાવવાની યોજના અમલમાં મુકવી.

- ફળ-ફૂલનું ઉત્પાદન વધી રહ્યું છે ત્યારે તેના સંગ્રહ માટે શીતસંગ્રહ કેન્દ્રો ઉભા કરવા તે માટે "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના"નો ઉપયોગ કરી શકાય.

કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ :

- કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ વધારવા માટે પંચમહાલમાં "CHALO TALUKE" યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં ઉત્પાદકતા વધારવા માટે આધુનિક બિયારણ,ખાતર, ટપક સિંચાઈ વગેરેને વધારવું તેના માટે બહેનોના સહકારી મંડળ બનાવવા તે કાર્ય માટે શ્રોફ જેવા સંગઠનોનો ઉપયોગ કરવો.
- "રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના" અંતર્ગત ઉપરના માળખાને અમલમાં મુકવા માટેની તમામ જોગવાઈ છે જે કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ કરી શકશે.
- "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના" અંતર્ગત શોર્ટિંગ, ગ્રેડિંગ, પેકેજિંગ માટેનું ફંડ છે જે આદિવાસી ગામોમાં શાકભાજીનું ઉત્પાદન વધારે હોય તે વિસ્તારમાં નાના સહકારી મંડળો બનાવી તેમની વચ્ચે આવા મશીન આપી શાકભાજીની સુકવણી અમે પાવડર બનાવવાની કામગીરી હાથ ધરી શકાય અને ઉપરના માળખામાં જોડી શકાય.

પશુપાલન :

- પશુઓની સંખ્યાની તુલનામાં દૂધનું ઉત્પાદન ઓછું છે તેથી ઉત્પાદકતા વધે તે માટે પહાડી વિસ્તારોમાં ચરણ બંધ કરાવી બાંધીને ચારો પૂરો પડવો.
- પશુ ઓલાદ સુધારણા વધારવી.
- વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કરવાની દિશામાં વાળવા માટે તાલીમનું આયોજન

ડેરી ક્ષેત્ર

- ડેરી ક્ષેત્ર દૂધ એકત્રીકરણ અને વિતરણ સુધી સીમિત છે પરંતુ તેનો વ્યાપ વધારી દુધની અન્ય બનાવટો વધારવી જેમકે આઈસ્ક્રીમ, પનીર, ચીઝ, દુધનો પાવડર, ચોકલેટ વગરે
- પંચમહાલમાં ડેરીનો વ્યાપ વધ્યો છે અને હજુ વધે તેવો અવકાશ છે ત્યારે તેની સાથે અન્ય કૃષિ પેદાશોને જોડવી જરૂરી છે, જેમકે શકભાજી.
- ડેરી પાસે વહન અને માળખું બન્ને તૈયાર છે પરંતુ તેનો વપરાશ માત્ર સવારે અને સાંજે થાય છે બપોરના સમયમાં તે ફ્રિ રહે ત્યારે દૂધ એક્ત્રીકાર્નના સ્થાને શાકભાજી ખરીદી મધ્યસ્થ સ્થળે લાવી તેને શોર્ટિંગ અને પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર વેચી શકાય.
- વધેલા શાકભાજીને કે જેમાં પાવડર કે પલ્પ શક્ય હોય તેવા શાકભાજીને તેના પ્રોસેસિંગમાં મોકલી આપવા.
- ડેરીને પોતાની બ્રાંડ છે માટે પાવડર કે પલ્પ શરબત વગેરેને સરળતાથી વેચી શકાશે.
- આશાવર્કરની જેમ પશુપાલનમાં પણ આસીસ્ટન્ટ શરુ કરવા જે સ્થાનિક મદદ માટે ઉપલબ્ધ હોય.

મરઘા-બતકા

- આદિવાસી વિસ્તારમાં દેશી મરઘી અને બતક ઉપલબ્ધ છે ત્યારે તેના પણ બજાર ઉપલબ્ધ છે તેથી તેના ઉછેરને પ્રોત્સાહન આપી શકાય.

માછીમારી

- તળાવમાં કૃત્રિમ રીતે માછીમારી વધુ સફળ જણાય છે તેના માટે સહકારી મંડળીઓ પણ છે તેને સક્રિય કરી આ ક્ષેત્રે પણ આવક વૃદ્ધિ કરી શકાશે અને તે દિશામાં વધુ સક્રિય ભાગીદારી સર્જી શકાશે

ઔદ્યોગિક ક્ષેત્ર :

- પંચમહાલ જીલ્લાના ઔદ્યોગિક વિકાસને તપાસતા જણાય છેકે તે કૃષિ ક્ષેત્રને મૂલ્ય વૃદ્ધીની દિશામાં આગળ લઇ જવા માટેના ઉદ્યોગો નહિવત છે અને મૂડીરોકાણની તુલનામાં રોજગારીનું પ્રમાણ પણ અલ્પ છે ત્યારે ઉપરોક્ત કૃષિ અને જંગલ પેદાશોના મૂલ્ય વૃદ્ધિના માળખાને અમલમાં મુકવા માટેના જે પ્રકારના ઔદ્યોગિક એકમોની આવશ્યકતા છે તેવા એકમો શરુ કરવા જરૂરી છે જે ઓછા મૂડીરોકાણ દ્વારા વધુ રોજગાર સર્જી શકે.
- હાલોલ,કલોલ,ગોધરા સિવાયના વિસ્તારમાં એકમ શરુ કરવા સહાય પૂરી પડવી.
- નાના કદના કૃષિ ઓજારોનું ઉત્પાદન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- સિંચાઈના સાધનોનું ઉત્પ્દન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- વિભિન્ન પ્રકારની સુકવણી, કટિંગ અને પેકિંગના સાધનો બનાવતા એકમો શરુ કરવા.
- પૌવા, મમરા જેવા પ્રોસેસિંગના સાધનોનું ઉત્પાદન વધારવું.(જેમાં અન્ય તમામ ધન્યણે પ્રોસેસ કરી શકાય)

**સેવા ક્ષેત્ર**

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

- પંચમહાલમાં પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતા અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે વિમો સરકાર દ્વારા પૂરો પાડવો. તેમજ જે એકમમાં તેઓ કામ કરે છે તેઓ પણ વિમો આપે તેવો સરકારી કાયદો લાવવો.
- જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.

- જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.
- કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.
- ચાંદલા પ્રથા જેવા નાણાંકીય માળખાના બદલે સંગઠિત માળખામાં લોકો પ્રવેશે તે સંદર્ભે સ્વસહાય જૂથો અને બહેનોમાં જાગૃતિ ફેલાવી આ પ્રથાને દુર કરવા પ્રયત્નો હાથ ધરવા તે દિશામાં પેસા એક્ટ હેઠળ ગ્રામસભા આ પ્રકારના ઠરાવ કરી આ દિશામાં આગળ વધી શકે.

- **પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના**
- સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)
- ચોમાસા દરમિયાન સાપુતારાની માફક પંચમહાલના હાલોલના જંગલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.
- પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.
- પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.
- ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.
- પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.
- ઔષધીવન જેવા વિસ્તારમાં જંગલમાંથી ઉપલબ્ધ ઔષધીઓના પાવડર બનાવવા અને વેચવાના કેન્દ્ર પણ પ્રવાસન સ્થળો પર ઉભા કરી શકાય તેમજ સ્થાનિક ઔષધીઓની માહિતી ધરાવનાર ક્યાં રોગમાં કઈ ઔષધીઓ વાપરી શકાય તેની માહિતી સાથે હોય તો તેના વેચાણમાં નોંધનીય વધારો પણ કરી શકાય.

શિક્ષણ:

- શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું  સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.
- ટેકનીકલ શિક્ષણ માટે આઈ.ટી.આઈ.દ્વારા ચલાવતા કોર્સમાં બેકરી, સુકવણી, જાળવણી,
- માર્કેટિંગના કોર્સ, મોબાઈલ રીપેરીંગ, વેબ્સાઈટ બનાવવાના કોર્સ, દુધની બનાવટોના કોર્સ.

સ્વાસ્થ્ય :

- સ્વાસ્થ્ય માટે વસ્તી અનુસાર સ્વાસ્થ્યના માળખા અને કર્મચારી પુરપાડવા.
- કુપોષણ દુર કરવાની વિવિધ યોજનાઓને વધુ વ્યાપક બનાવવી અને જન્મ પછીની કાળજી રસીકરણ વગેરે માટે સંસાધન પુરા પાડવા.

- મોબાઈલ દવાખાનાની જેમ બાઈક દવાખાના શરુ કરવા જે દરેક ગામ સુધી પ્રાથમિક સારવાર પહોચાડી શકે ૧૦૮ ની માફક.
- તબીબી શિક્ષણ મેળવનાર દરેક વિદ્યાર્થી માટે આદિવાસી વિસ્તારમાં ફરજીયાત ૧ વર્ષ સેવા આપે તોજ તેને ડિગ્રી આપવી જેથી ડોક્ટરની અછતને નિવારી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણ પંચમહાલના આદિવાસી વિસ્તારોમાં રોજગારીની તકોના આવકાશ ક્યાં છે અને આજીવિકાને સંપોષિત માર્ગે વધારવા કેવા પગલા લઇ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે આ પ્રકારના વિકાસ માટે સમગ્ર માળખાની જરૂરિયાત રહે છે માટે સૌ પ્રથમ કૃષિ પેદાશોના મૂલ્ય વર્ધન માટે ઉત્પાદન થી લઇ વેચાણ સુધીના તબક્કો ચર્ચવામાં આવેલ છે તેમજ આદિવાસી વિસ્તારોમાં જંગલની પેદાશોમાં મૂલ્ય વર્ધન કરવા માટે કેવા માળખાની જરૂરિયાત છે તે ચર્ચવામાં આવેલ છે અને ત્યારબાદ આ તમામ પરિવર્તનોને વ્યવહારુ કરવા માટે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે કેવા પરિવર્તન કરવા જેથી ઉપરોક્ત માળખાને વ્યવહારુ બનાવી શક્ય તે અંગે સૂચન કરવામાં આવેલ છે.